(૧૧) અદેય.

# બાળઉછેરનો સમાજ માનવશાસ્ત્રીય અભ્યાસ

ડૉ. સિદ્ધરાજ સુરજીભાઈ સોલંકી
ડૉ. આશા સિદ્ધરાજ સોલંકી

ગૂજરાત વિદ્યાપીઠ
અમદાવાદ - ૩૮૦૦૧૪

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર પ્રકાશન માળા-પુ. ૨૦

# બાળઉછેરનો સમાજ માનવશાસ્ત્રીય અભ્યાસ

ડૉ. સિદ્ધરાજ સુરજીભાઈ સોલંકી
ડૉ. આશા સિદ્ધરાજ સોલંકી

ગૂજરાત વિદ્યાપીઠ
અમદાવાદ - ૩૮૦૦૧૪

પ્રકાશક
**રામલાલ ડાહ્યાભાઈ પરીખ**
વ્યવસ્થાપક ટ્રસ્ટી
ગૂજરાત વિદ્યાપીઠ
અમદાવાદ–૩૮૦ ૦૧૪

મુદ્રક
**જિતેન્દ્ર ઠાકોરભાઈ દેસાઈ**
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ–૩૮૦ ૦૧૪

© ગૂજરાત વિદ્યાપીઠ

પહેલી આવૃત્તિ : પ્રત ૧૦૦૦

પ્રાપ્તિસ્થાન
નવજીવન કાર્યાલય, અમદાવાદ–૩૮૦ ૦૧૪

કિંમત : **સાત રૂપિયા**

સપ્ટેંબર ૧૯૮૩

# આવકાર

આંતરરાષ્ટ્રીય બાળ વર્ષ નિમિત્તે ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રે "આદિવાસી બાળકો" અંગેનો એક પરિસંવાદ આદિવાસી વિસ્તારમાં જ યોજ્યો હતો. બાળવર્ષ નિમિત્તે કેન્દ્રના સામયિક 'આદિવાસી ગૂજરાત'માં પ્રસ્તુત લેખ પ્રસિદ્ધ થયો હતો.

સ્નાતક-અનુસ્નાતક કક્ષાએ એમ. એ., એમ. ફીલ., પીએચ. ડી.ના વિદ્યાર્થીઓ અને નવતર સંશોધકોને ઉપયોગી થઈ શકે એવાં આ અગાઉ પ્રસિદ્ધ થયેલાં કેન્દ્રનાં પ્રકાશનોની હારમાળામાં, 'સગાઈનો અભ્યાસ : કેટલાક સૂઝાવો,' અને 'પશુપાલનનો સમાજ-માનવશાસ્ત્રીય અભ્યાસ' પછી આ ત્રીજું પ્રકાશન છે. આ ક્ષેત્રમાં કામ કરનાર સંબંધિત સૌને આ પ્રકાશન જો કોઈ રીતે ઉપયોગી થશે તો તેના પ્રકાશનનો હેતુ બર આવ્યો લેખાશે.

ગૂજરાત વિદ્યાપીઠ,
અમદાવાદ ૩૮૦ ૦૧૪

ડાહ્યાભાઈ નાયક
કુલનાયક

## બાળઉછેરનો સમાજ-માનવશાસ્ત્રીય અભ્યાસ

### અનુક્રમ


| | | | |
|---|---|---|---|
| ૧. સંતાનેચ્છા અને સંતાનપ્રાપ્તિ | ૧ | ૨૪. બાળકને કાબૂમાં રાખવાના વિવિધ પ્રયાસો | ૨૪ |
| ૨. પ્રસૂતિની પીડા અને નવજાત શિશુની કાળજી | ૨ | ૨૫. બાળકને બતાવાતી વિવિધ પ્રકારની બીક | ૨૪ |
| ૩. બાળ જન્મની ખુશાલી | ૨ | ૨૬. બદલો | ૨૬ |
| ૪. બાળકનું સ્તનપાન | ૨ | ૨૭. બાળહઠ | ૨૭ |
| ૫. બાળજન્મનો હરખ | ૭ | ૨૮. બાળકની ભૂલ યા ગુના અંગેના ખ્યાલો | ૨૮ |
| ૬. હુલામણાં નામો | ૭ | ૨૯. બાળકોને થતી શિક્ષા | ૩૩ |
| ૭. રડવું | ૭ | ૩૦. બાળસાહિત્ય | ૩૯ |
| ૮. પારણું | ૭ | ૩૧. રમતગમત | ૪૦ |
| ૯. હિલોળવું | ૮ | ૩૨. ઊર્મિજન્ય પાસાં | ૪૧ |
| ૧૦. શૌચક્રિયા અને સફાઈની ટેવો | ૯ | ૩૩. બાળદર્દો | ૪૨ |
| ૧૧. વસ્ત્રો | ૧૩ | ૩૪. સામુદ્રિકશાસ્ત્રનાં લક્ષણો | ૪૨ |
| ૧૨. ઘરેણાં | ૧૫ | ૩૫. ટેવગઠન | ૪૩ |
| ૧૩. છૂંદણાં | ૧૬ | ૩૬. એકથી વધુ બાળકોનો બાળઉછેર | ૪૩ |
| ૧૪. બાળકનો પ્રથમ પરિચય | ૧૬ | ૩૭. બાળઝઘડાઓ | ૪૫ |
| ૧૫. બાળકને સાચવવામાં કુટુંબના સભ્યોની ભૂમિકા | ૧૭ | ૩૮. લાડ-ચીડનાં નામો | ૪૮ |
| ૧૬. દાંત ફૂટવા | ૧૭ | ૩૯. બાળવયની ચોરી | ૪૯ |
| ૧૭. બાળકનો શારીરિક વિકાસ-ઊંધું પડવું, ઊભું થવું | ૧૭ | ૪૦. ભાંડુઓમાં ચીજ-વસ્તુઓની વહેંચણી | ૫૦ |
| ૧૮. રમકડાં | ૧૮ | ૪૧. સંતાનોની અરસપરસ તુલના | ૫૧ |
| ૧૯. બાળકનું ખસવું-ચાલવું | ૧૯ | ૪૨. મુલાકાતીઓ–મહેમાનોની બાળભેટો | ૫૧ |
| ૨૦. બાળકનું બોલતાં શીખવું | ૧૯ | ૪૩. લાડકું બાળક | ૫૨ |
| ૨૧. ટેવો | ૨૧ | ૪૪. અપર સંતાનો | ૫૪ |
| ૨૨. નહાવું – મસાજ | ૨૨ | ૪૫. અણમાનીતાં બાળકો | ૫૫ |
| ૨૩. માત-પિતા અને કુટુંબના અન્ય સભ્યોની બાળઉછેરમાં ભૂમિકા | ૨૩ | ૪૬. બાળવ્યક્તિત્વ | ૫૫ |
| | | ૪૭. બાળસમસ્યાઓ | ૫૫ |


# બાળઉછેરનો સમાજ માનવશાસ્ત્રીય અભ્યાસ


ડૉ. સિદ્ધરાજ સુરજીભાઈ સોલંકી
ડૉ. આશા સિદ્ધરાજ સોલંકી


કોઈ પણ સમાજના સમાજ માનવશાસ્ત્રીય અભ્યાસમાં, અનેકવિધ પાસાંમાં બાળઉછેરનો અભ્યાસ જે તે સમાજને તલસ્પર્શી રીતે સમજવામાં અનેકવિધ રીતે ઉપયોગી સામગ્રી પૂરી પાડે છે. અહીં અધ્યયન હેઠળના કોઈ પણ સમાજના બાળઉછેરનો તલસ્પર્શી અભ્યાસ કરવામાં મદદરૂપ થઈ શકે તેવાં કેટલાંક પાસાં અંગેની કેટલીક મુદ્દાસૂચિ આપી છે.

## ૧. સંતાનેચ્છા અને સંતાનપ્રાપ્તિ

બાળક અંગેનું સમાજનું સામાન્ય વલણ નોંધવું. સામાન્ય રીતે પતિપત્નીમાં બાળકની ઇચ્છાની શરૂઆત ક્યારે થાય? લગ્ન પછી કેટલા સમય પછી? આવી ઝંખના કઈ રીતે ઊભી થાય? સમાજમાં બાળક હંમેશાં કોઈ પણ દંપતી માટે આવશ્યક મનાય છે? જો કોઈને બાળક ન હોય તો તેની તરફ કેવી દૃષ્ટિથી જોવાય? સામાન્ય રીતે બાળક ન હોય તો તેની શરમ યા સંકોચ દંપતીને યા પતિપત્ની બંનેમાંથી કોઈને હોય? બાળક ન હોય તો જે તે દંપતી પોતાને કમનસીબ માને? બાળક ન હોય તો તે મેળવવા માટે બાધા આખડી, ભૂવા વગેરેનું શરણું લેવાય? જો લેવાતું હોય તો કઈ રીતે, તે વિગતવાર નોંધવું. સામાન્ય રીતે આવી બાધા અમુક જ દેવીની જો લેવાતી હોય તો તે પણ શક્ય હોય એટલું વિગતવાર નોંધવું. જો આવી બાધા લેવામાં એક કરતાં વિશેષ દેવીઓ હોય તો એમાં અગ્રિમતા કોને અપાય તે નોંધવું. તે જ રીતે ભૂવાના યા સંત સાધુના આશીર્વાદ લેવા આવશ્યક હોય તો તેની પણ વિગતે નોંધ કરવી. આવા સંત સાધુ એમને આશીર્વાદ કઈ રીતે આપે? શું કહે? ક્યારે, ક્યાં કઈ રીતે શી વિધિ કરે યા કરાવે તે પણ શક્ય હોય એટલું વિગતવાર નોંધવું. જો દંપતી નિઃસંતાન હોય તો સંતાનપ્રાપ્તિ માટે, અન્ય જે કંઈ રાહ અપનાવતાં હોય તે વિગતે નોંધવા. ગર્ભધારણ પછીની સામાન્ય રીતે બાળકના માતપિતાની જે કલ્પના હોય તે નોંધવી. ભાવિ બાળક અંગેની – પતિ-પત્નીની સામાન્ય વાતચીત અને તે અંગેની અન્ય જે કલ્પનાઓ હોય તે વિગતવાર નોંધવી. ગર્ભધારણથી માંડીને નવે-નવ માસ સુધીમાં જુદા જુદા તબક્કે બાળકની તબિયત અને અન્ય બાબતોને લક્ષમાં રાખીને રખાતી કાળજી વગેરે અંગેની વિગતો પણ એકત્રિત કરવી. બાળકના જન્મ પહેલાં માત-પિતા દ્વારા, તેમ જ ઘરમાં વિવિધ તબક્કે વસ્ત્રો, બાળોતિયાં, રમકડાં અને અન્ય કાચી સાધન સામગ્રીની થતી તૈયારી અંગેની વિગતો પણ મેળવવી. બાળકના જન્મ પહેલાંની ખાસ કરીને પ્રથમ બાળક વખતની મૂંઝવણો, મનોકામનાઓને પણ નોંધવી.

## ૨. પ્રસૂતિની પીડા અને નવજાત શિશુની કાળજી

બાળજન્મની સમગ્ર પ્રક્રિયાની તેમ જ પ્રસૂતિની પીડાની ખૂબ જ વિગતે નોંધ કરવી. માતાની પ્રસવકાળની પીડા અંગેની ઉક્તિઓને અને તેનો બાળક પ્રત્યેનો વાત્સલ્ય-ભાવ અને ભવિષ્યમાં તેનું સંતાન કોઈ વાર યોગ્ય રીતે ન વર્તે તો તેવે સમયે અપાતા ઠપકા વગેરેના સંદર્ભમાંની ઉક્તિઓને — કહેવતો, રૂઢિપ્રયોગો વગેરેને — માહિતીદર્શકો પાસેથી અનેક પ્રશ્નો દ્વારા અને તેને યાદ કરવાનો પૂરતો સમય આપીને નોંધવાં. જુદા જુદા સંદર્ભમાં પ્રસૂતિ વખતની પીડા તેમ જ સગર્ભાવસ્થામાં માતાના ઉદરમાં નવ માસ સુધીમાં માતાએ જે સહેવાનું આવે તેનો ઉલ્લેખ થતો હોય તો તે પણ નોંધવું. કોઈક માતૃત્વ ન પામેલ, યા અપરણિત સ્ત્રીને, યા કોઈ પુરુષને પણ સામાન્ય રીતે માતા દ્વારા કોઈક ખાસ ટાણો, જ્યારે તે વ્યક્તિ સંતાન પ્રત્યે યોગ્ય વર્તન ન દાખવે તેવે વખતે દેવાતો હોય તો તેની વિગતો પણ લંબાણથી મેળવવી. માતાની પ્રસૂતિ સમયની પીડા અંગેનો કોઈ ખાસ ગીતોમાં યા અન્યત્ર કોઈ પણ પ્રકારનો ઉલ્લેખ આવતો હોય તો તે મેળવવો.

પ્રસૂતિ કરાવતી વખતે સામાન્ય રીતે શું શું ધ્યાન રાખવામાં આવે ? પ્રસૂતિ થયા પછી બાળકને માતાની પથારીમાં જ મૂકવામાં આવે ? પ્રસૂતિ થયા પછી જો છોકરો કે છોકરી હોય તો તેના સમાચાર પ્રસૂતિ સ્થળની બહાર કઈ રીતે આપવામાં આવે ? આ સમાચાર સામાન્ય રીતે કોણ આપે ? પ્રસૂતિ થયા પછી બાળકને નવડાવવામાં આવે યા કઈ રીતે સાફ કરવામાં આવે ? આ સાફ કરવાનું કામ કોણ કઈ રીતે કરે ? જો પ્રસૂતિ થયા પછી બાળકને નવડાવવા-ધોવડાવવામાં આવતું હોય, પણ જો ઠંડી રાતોમાં તેનો જન્મ થયો હોય તો ? જો ઠંડી રાત્રીએ બાળકનો જન્મ થયો હોય તો અમુક સમય પછી એને નવડાવવામાં આવતું હોય તો તે પણ વિગતે નોંધવું. જો અમુક વખતે એને સાફ કરીને જ મૂકી દેવામાં આવતું હોય તો શેનાથી સાફ કરીને મુકાય તે પણ વિગત-વાર નોંધવું. તે જ રીતે શરૂઆતના દિવસોમાંની બાળકની રડવાની, હાથપગ હલાવવાની, હસવાની યા પેશાબ, ઝાડો ઇત્યાદિ કરવાની અને અન્ય બાબતોમાં જો ખાસ કોઈ વિશિષ્ટ પદ્ધતિ હોય તો તેની પણ વિગતવાર નોંધ કરવી

## ૩. બાળજન્મની ખુશાલી

બાળકના જન્મ વખતે ઘરમાં જો કોઈ ખુશાલી વગેરે કરવામાં આવતી હોય તો તે અંગેની વિગતો મેળવવી. આવી ખુશાલી શી અને કઈ રીતે મનાવવામાં આવે તે નોંધવું. જો છોકરો કે છોકરી હોય તો તેથી માતા પિતા અને કુટુંબના અન્ય સભ્યોના પડતા પ્રત્યાઘાતોને શક્ય હોય એટલા વિગતવાર નોંધવા. એનાથી ખુશાલી વગેરેમાં પણ જો અમુક ખાસ પ્રકારનો ફેરફાર પડતો હોય તો તેની પણ વિગતવાર નોંધ કરવી.

## ૪. બાળકનું સ્તનપાન

માતાનું દૂધ ઊતરે ત્યાં સુધી બાળકને કંઈ આપવામાં આવે ? બાળક કઈ રીતે ધાવતાં શીખે ? બાળક ધાવતાં શીખે તેને માટે શું કરવામાં આવે ? બાળકને દૂધ કેટકેટલું



પાવામાં આવે ? જેટલું દૂધ સ્તનમાં હોય તેટલું એકી સાથે, એક જ તબક્કે જો પાવામાં આવતું હોય તો તે નોંધવું. તેને બદલે જો એક વખતે એક સ્તન, બીજી વખતે બીજું સ્તન પવાતું હોય તો તે નોંધવું. બાળકને શરૂઆતમાં માતાનું દૂધ માફક ન આવે તેમ બને ખરું ? જો એમ હોય તો તે પણ વિગતવાર નોંધવું. તે જ રીતે જો માતાનું દૂધ બાળકને કોઈ પણ સંજોગોમાં માફક આવે જ એવી જો માન્યતા હોય તો તે પણ વિગતે નોંધવી. જો માફક ન આવે તો તેને માટે જે ઉપાયો લેવામાં આવતા હોય તે પણ વિગતવાર નોંધવા.

જો માતાનું દૂધ બાળકને પૂરતું ન મળતું હોય તો તેવા સંજોગોમાં તેની સાથે સાથે અન્ય દૂધ આપવાનું પણ શરૂઆતથી જ ચાલુ કરવામાં આવે ખરું ? યા બેમાંથી કોઈ પણ એકનું જ દૂધ એકી વખતે આપી શકાય ? જો બંને દૂધની કોઈ પ્રતિકૂળ અસરના પ્રત્યાઘાત આવતા હોય તો તે બધા જ વિગતે નોંધવા. આવે વખતે બંને સાથે નહીં પણ એક પછી એક જો આપવામાં આવતાં હોય તો તેની પણ વિગતે નોંધ કરવી. બાળકને દૂધ કેટકેટલા સમયના અંતરે આપવામાં આવે ? બાળકની વય વધતી જાય તેમ તેમ દૂધ આપવાના આ અંતરના સમયમાં વધારો કે ઘટાડો કરવામાં આવતો હોય તો તે પણ વિગતો નોંધવી. આવો વધારો કે ઘટાડો મુખ્યત્વે ક્યાં ક્યાં પરિબળો પર આધારિત હોય છે તે પણ વિગતે નોંધવું.

બાળજન્મ પછી ધાવણ ક્યારે અને કેટલા દિવસે આવે ? જો ન આવે તો શું મનાય ? શા માટે ? જો ન આવે તો એની અવેજીમાં સામાન્ય રીતે બાળકને શું અપાય ? કઈ રીતે અપાય ? શરૂઆતમાં ધાવણ કઈ રીતે અપાય ? ધાવણ અને બહારનું દૂધ બંનેનો જો સાથે સાથે ઉપયોગ થતો હોય તો તે અંગેની વિગતો વિગતે એકત્રિત કરવી.

બાળકને શરૂઆતના દિવસોમાં ખોરાકમાં શું અપાય ? શું ન જ આપી શકાય ? તે જ રીતે માતાને પણ શું અપાય અને શું ન જ આપી શકાય તે વિગતવાર નોંધવું.

બાળકને શરૂઆતના દિવસોમાં માતાના દૂધની અવેજીમાં પ્રવાહીમાં પણ તેને કંઈ આપતાં જે કંઈ ધ્યાન રખાતું હોય તે નોંધવું. જો તેના ખોરાકમાં જુદા જુદા દિવસોમાં જુદી જુદી રીતે, ક્રમબદ્ધ રીતે કંઈ આપવામાં આવતું હોય તો તે પણ વિગતે નોંધવું,

પોતાની માતાને દૂધ આવવાની વાર હોય ત્યાં સુધીમાં જો બીજી કોઈ માતાને તેને ધવડાવવામાં આવતું હોય તો તે પણ વિગતવાર નોંધવું. બાળકની માતાને દૂધ ન જ આવે તેવા વખતે બાળકને દૂધ આપવા માટે શું કરવામાં આવે ? બાળકને કઈ રીતે દૂધ આપવામાં આવે ? બીજી માતા ધવડાવે ? ગાયનું દૂધ આપવામાં આવે ?

જો ગાય કે બકરીનું દૂધ આપવામાં આવતું હોય તો તે કઈ રીતે આપવામાં આવે ? બોટલથી, પાનામાં અન્ય કઈ રીતે, કયા સાધનથી તેને પાવામાં આવે છે તે વિગતે નોંધવું.

જો બાળકને માતાના દૂધની અવેજીમાં બકરીનું કે ગાયનું જ દૂધ આપવામાં આવતું હોય તો તે જ શા માટે તે નોંધવું. જો બાળકને શરૂઆતમાં જ જેનું (બકરીનું કે ગાયનું) દૂધ આપવામાં આવતું હોય તે ગાય કે બકરીની સાથે બાળક વિશિષ્ટ સંબંધથી સંકળાયું છે એ પ્રકારની જો કોઈ માન્યતા પ્રવર્તતી હોય યા એ બાળક ભવિષ્યમાં મોટું થઈને એ ગાયને કે બકરીને જો મારે તો તેવે વખતે 'એનું તો તેં શરૂઆતના બે-ત્રણ દિવસ દૂધ પીધું હતું યા એણે દૂધ ન આપ્યું હોત તો તું જીવ્યો કેમ હોત?' એ મતલબની યા બીજા કોઈ ભાવવાળી ઉક્તિ જો વાપરવામાં આવતી હોય તો તે પણ વિગતે નોંધવી. આ પ્રાણી સાથેનાં વર્તન ઢબ અંગે કોઈ ખાસ આદર્શ પણ જો ઊભા થતા હોય તો તેની પણ વિગતવાર નોંધ કરવી.

જો માતાને દૂધ ન આવે તો સામાન્ય રીતે આસપાસનાં લોકો એને કંઈ ટોણા મારે યા દયા ખાય? એને પોતાને પણ મનમાં કંઈક ઓછું આવે યા કમનસીબી લાગે? યા બીજા જે કોઈ ભાવ એના યા આસપાસના લોકોના મનમાં ઊભા થતા હોય તે બધા જ શક્ય હોય એટલા વિગતવાર નોંધવા. માતાનું દૂધ બાળકને ન મળે તો તેનાથી બાળકના બાંધા પર યા અન્ય કોઈ રીતે શું શું અસર થાય એમ અધ્યયન હેઠળનો સમાજ માને છે તે પણ વિગતે નોંધવું. આમાં અધ્યયન હેઠળના સમાજના માહિતી-દર્શકની માન્યતા જ નોંધવી. આપણું જ્ઞાન નહીં. માતાને જો દૂધ ન આવતું હોય તો તેને દૂધ આવે તેને માટે શા શા ઉપાયો, કઈ રીતે અજમાવાય? જો માતાને દૂધ ન આવે અને અન્ય કોઈ સ્ત્રીનું દૂધ પાવાનો, ધવડાવવાનો જો સવાલ ઊભો થાય તો કોનું દૂધ પ્રથમ પસંદ કરવામાં આવે? જો તેવે સમયે ઘરમાં જો બાળકની કાકી, મોટી કાકી, યા ફોઈ યા માસીને જો દૂધ હોય તો તેમાંથી કોને પસંદ કરવામાં આવે? આવાં સગાં ઉપરાંત જો વંશ, જૂથ કે ગોત્રમાંથી કોઈ સ્ત્રી હોય તો તેને ધવરાવાય ખરું? જો ઘરમાંથી, કુટુંબમાંથી યા વંશ જૂથ કે ગોત્રમાંથી કોઈ પણ વ્યક્તિને દૂધ ન હોય તો જ જો અન્ય વ્યક્તિને ધવડાવવામાં આવે એમ હોય તો તે પણ વિગતવાર નોંધવું.

બે ચાર દિવસ માટે માને, બાળકને મૂકીને જ બહારગામ જવું પડે એવા શકયતા હોય યા મા બહુ માંદી હોય અને તેથી ધવડાવી શકે એમ ન હોય, અને સાથે સાથે ગાય યા બકરીનું દૂધ બાળકને અનુકૂળ ન આવતું હોય તેવા અનિવાર્ય સંજોગોમાં બીજા કયાં સગાંને બાળક ધવડાવવામાં આવે છે તે વિગતે નોંધવું.

તે જ રીતે મા જો નાનપણમાં અવસાન પામે તો તેવા સંજોગોમાં કઈ માને–કોને ધવડાવવામાં આવે તે પણ વિગતે નોંધવું. આવે સમયે બાળકને અન્ય માના દૂધ પર રાખવાથી શું શું થાય, તેની તબિયત, માનસ અને અન્ય પાસા પર કોઈ અસર પડે છે કે કેમ તે અંગે જે કોઈ પ્રચલિત માન્યતાઓ હોય તેની વિગતે નોંધ કરવી.

કોને ધવડાવી શકાય યા ન શકાય તેને માટે ખાસ જે કંઈ કારણો આપવામાં આવતાં હોય તે બધાં જ કારણો વિગતે નોંધવાં. જેને ધાવવા મળ્યું હોય તે બાળક અને માતા વચ્ચે ખાસ સ્નેહ ગાંઠ બંધાય ખરી? આ બાળક મોટું થાય



ત્યારે એને ધવડાવનાર અન્ય માતા પ્રત્યે એની પોતાની ખાસ કોઈ ફરજો રહે ખરી? જો રહેતી હોય તો આવી ફરજો કયા પ્રકારની હોય? એનું સ્વરૂપ શું હોય તે અંગે પણ વિગતવાર નોંધવું. આવી ફરજો કોઈ બાળક પૂરી ન કરી શકે તો તેની પ્રત્યે કઈ દૃષ્ટિથી જોવાય? જો આવી કોઈ ખાસ ફરજ ન પણ હોય, પણ જો તે માતા પ્રત્યે બાળક મોટું થઈને બેદરકારી ભરી રીતે વર્તે યા તેને કોઈક અપશબ્દો કહે યા અપમાન કરે તો તેવે વખતે 'તને તો આ માતાએ, નાનપણમાં તેનું દૂધ પાયું હતું' તેની યાદ આપવામાં આવતી હોય યા આ અંગે પ્રચલિત કોઈ ઉક્તિ હોય તો તેને વિગતે નોંધવી.

આવી રીતે બાળપણમાં ધવડાવનાર માતા અને ધાવનાર બાળક વચ્ચેના આ ઉપરાંતના અન્ય જે કંઈ આંતરવ્યક્તિગત સંબંધો ઊભા થતા હોય તે પણ વિગતે નોંધવા. કોઈ ખાસ સંજોગોમાં પોતાની જ્ઞાતિ સિવાયની અન્ય કોઈ જ્ઞાતિની માતાને પણ ધવડાવી શકાય ખરું? જો તેવું ન જ થતું હોય તો તે શા માટે તે નોંધવું. જો તેવું કરી શકાતું હોય પણ તે અધ્યયન હેઠળના સમાજથી માત્ર ઉપલી જ્ઞાતિઓમાં જ જો હોય તો તે વિગતે નોંધવું. જો નીચલી જ્ઞાતિઓમાં ધવડાવી ન શકાતું હોય તો તે પણ નોંધવું યા અન્ય કોઈ પણ જ્ઞાતિ માટે જો એ પ્રતિબંધિત હોય તો તે પણ વિગતે નોંધવું. આનાં કારણો પણ નોંધવાં. તે જ રીતે વંશ જૂથ કે ગોત્ર બહાર પણ ન ધવડાવી શકાય એમ હોય તો તે પણ તેનાં કારણો સાથે નોંધવું.

બાળકને જો અન્ય માતાના દૂધ પર રાખવામાં આવે તો તેને લીધે તેના સંસ્કાર વગેરે પર પણ અમુક પ્રકારની અસર થાય તેવી જો કોઈ માન્યતા હોય તો તે પણ વિગતે નોંધવી.

બાળકને અન્ય માતાના દૂધ પર રાખવામાં આવે તો તે અંગેની કોઈ પણ પ્રચલિત ઉક્તિઓ વગેરે હોય તો તે પણ વિગતવાર નોંધવી.

બાળકને ધવડાવવાનું મા ગમે તેટલી વ્યક્તિઓની વચ્ચે પણ સહજ રીતે કરી શકે? જો ન કરી શકતી હોય તો કયા કયા વડીલો યા અન્ય વ્યક્તિઓની હાજરીમાં ન ધવડાવી શકે? જો સ્તન દેખાય નહીં તે રીતે પૂંઠ ફેરવીને એણે ધવડાવવાનું હોય તો મુખ્યત્વે કઈ કઈ વ્યક્તિઓની તરફ પૂંઠ ફેરવીને ધવડાવી શકાય તે પણ વિગતે નોંધવું.

બાળકને સામાન્ય રીતે ધાવણ ન આપી શકાતું હોય તેવે વખતે આપવાની જો આવશ્યકતા લાગે તો શું કરવામાં આવે?

દા.ત. ગરમીમાંથી આવીને જો તરત જ ધાવણ ન આપી શકાય એમ હોય તો ઘેર આવ્યા પછી સ્તનને પલાળીને ભીંજાવીને ઠંડા કરવાની પ્રથા છે? તે જ રીતે ક્રોધને પણ અમુક રીતે મર્યાદિત કરવાની જો કોઈ ખાસ પ્રથા હોય તો તે પણ વિગતે

નોંધવી. બાળકને ધાવણ છોડાવવાનું સામાન્ય રીતે કેટલી વયે હોય? જો દરેક વ્યક્તિદીઠ આ ગાળો જુદો જુદો હોય તો તે પણ વિગતે નોંધવું. કેટકેટલો હોય તે નોંધવું.

અમુક સમય પછી બાળક ધાવણ ન જ છોડે તો તેવે સમયે શું કરવામાં આવે? કઈ રીતે ધાવણ છોડાવવામાં આવે? તેને માટેની જુદી જુદી બધી જ પ્રયુક્તિઓ વગેરે નોંધવી.

દા. ત. સ્તન પર લીમડો ચોપડવામાં આવે તેથી કડવું લાગે. સમજાવીને મનાઈ કરવામાં અથવા મારવામાં આવે. દૂધ ન મળે એટલે આપોઆપ બંધ થઈ જાય. આ ઉપરાંત પણ ધાવણ બંધ કરવા માટેના જે કોઈ ઉપાયો હોય તે નોંધવા. ધાવણ ધવડાવવાની પ્રથા યા આની સાથે સંબંધિત અન્ય કોઈ ઉક્તિઓ યા કહેવતો હોય તો તે નોંધવી.

દા. ત. "હજી તો એના મોંઢામાં દૂધ ગંધાય છે." (બહુ કુમળી વયનાને માટે). બહુ મોટો છોકરો જો નાના બાળક જેવું વર્તન કરે તો તેને એમ કહેવામાં આવે કે, "ના ના હજી તો તું ધાવણો (ધાવતો બાળક) છે કાં?"

સામાન્ય રીતે ધાવણ જો વચ્ચે કોઈક પ્રસંગે બંધ કરવામાં આવતું હોય તો તે નોંધવું. જો વચ્ચે કોઈ પ્રસંગે ધાવણ બંધ ન કરવામાં આવતું હોય તો સામાન્ય રીતે ધાવણની શરૂઆત ક્યારે થાય, અને ધાવણ પૂરું ક્યારે થાય, કેટલા વર્ષની વયે તે પણ વિગતે નોંધવું. સામાન્ય રીતે જ્યાં સુધી ધાવણ આપતાં હોય તેનાથી વહેલાં ધાવણ ક્યારે બંધ કરવું પડે? શા માટે? કયાં કારણોસર બંધ કરવું પડે તે વિગતે નોંધવું.

દા. ત.

(૧) માની તબિયત શોષાતી જતી હોય માટે.

(૨) માની સગર્ભાવસ્થાને લીધે.

(૩) માની માંદગીનો ચેપ ન લાગે તે માટે.

આ ઉપરાંત પણ બીજાં ખાસ કોઈ કારણો જો સામાન્ય રીતે જોવા મળતાં હોય તો તે બધાં જ કારણોની પણ વિગતવાર નોંધ કરવી.

ધાવણ આપતી વખતે પણ જો અમુક ખાસ નીતિનિયમો પાળવા પડતા હોય તો તે પણ વિગતે નોંધવા. દા.ત.

(૧) જ્યારે મા બહુ ગુસ્સામાં હોય ત્યારે ધાવણ ન અપાય.

(૨) મા જ્યારે બહાર બહુ તાપમાંથી આવી હોય ત્યારે ધાવણ ન અપાય.

આવા જુદા જુદા જે કંઈ ધાવણ ન આપવા માટેના નીતિનિયમો હોય તે વિગતે નોંધવા. અને તેવે વખતે ધાવણ ન આપવા માટે શાં શાં કારણો આપવામાં આવે છે તે પણ શક્ય હોય એટલું વિગતવાર નોંધવું. તે જ રીતે બાળકને અમુક સમયે ધાવણ આવશ્યક રીતે આપવું જ જોઈએ એવી જો પ્રથા હોય તો તે પ્રથાની પણ વિગતે નોંધ કરવી.



## ૫. બાળજન્મનો હરખ

બાળકના જન્મ પછીના દિવસોમાં જુદાં જુદાં સગાં જે જે રીતે "હરખ" કરવા માટે આવતાં હોય, જે કોઈ ભેટ વગેરે લાવતાં હોય અને તેની સામે બાળકનાં માતપિતાએ જે જે પ્રકારની વળતી ફરજો બજાવવાની હોય તે બધા અંગેની પણ પૂરતી વિગતો મેળવવી.

## ૬. હુલામણાં નામો

બાળકના જન્મ પછીના બે-ત્રણ માસના, ચાર-છ માસના, વર્ષના યા દોઢ-બે વર્ષના, ત્રણ-ચાર વર્ષના, પાંચ-સાત વર્ષના, દસેક વર્ષના, દસ-બાર વર્ષના યા તેનાથી મોટા બાળકને માટે જુદા જુદા જે કંઈ શબ્દપ્રયોગો હોય તે બધા જ વિગતવાર નોંધવા. અભ્યયન હેઠળના સમાજનાં ઘરનાં હુલામણાં નામો તેમ જ સામાન્ય રીતે ગામમાં કે સમાજમાં વાપરવાનાં પ્રચલિત નામોના થોડા નમૂના પણ નોંધવા.

## ૭. રડવું

વિવિધ વયનાં બાળકોની રડવાની વિશિષ્ટ પદ્ધતિ અંગે પણ નોંધવું. બાળકના રડવાના અવાજ પરથી બાળક કેટલા દિવસ કે માસનું હશે તેનો ખ્યાલ આવી જાય છે ખરો? આવો ખ્યાલ કઈ રીતે આવે છે તે અંગેની બાબતો પણ વિગતે નોંધવી, બાળકના રડવા માટેનાં વિવિધ કારણો તેમ જ રડતા બાળકને શાંત કરવાની વિવિધ પદ્ધતિઓ અને ઉપાયો વિગતવાર નોંધવાં. બાળકની વય પ્રાપ્ય સગાં-સંબંધીની સંરચના-પ્રસંગ વગેરે દીઠ જો આવા ઉપાયો વગેરેમાં જો કોઈ ફેરફાર કરવામાં આવતો હોય તે તે નોંધવો.

બાળકની શરૂઆતનાં બધાં જ વર્ષનાં વર્તન-ઢબ વિગતે નોંધવાં. બાળક પહેલાં રડતું થાય કે હસતું? બાળકને હસતાં ક્યારે આવડે? કેટલી વયે? તે પણ વિગતે નોંધવું.

## ૮. પારણું

બાળકની શરૂઆતની નિદ્રા કેટલી હોય અને કયા પ્રકારની તે પણ વિગતે નોંધવું. બાળક કઈ રીતે શરૂઆતમાં ઊંઘે? ઘોરે ખરું? નસકોરાં બોલાવે? પડખે યા બાજુ પર ક્યારે સૂતું થાય? બાળકને બરાબર સૂતાં ક્યારે આવડે? શરૂઆતમાં માત્ર ચત્તું જ સૂએ?

બાળકને શરૂઆતના દિવસોમાં શેમાં સુવડાવવામાં આવે? સર્વપ્રથમ પારણું બાંધવાની વિધિ ક્યારે, કેવી રીતે, કોના હાથે થાય અને ક્યારે ન થાય વગેરે પણ નોંધવું. નવું પારણું કોના તરફથી આપવામાં આવે અને કોણ ન આપી શકે તે પણ વિગતે નોંધવું. આવું પારણું દરેક બાળકના જન્મ વખતે જુદું જુદું આપવામાં આવે યા એક જ વખતે નિયત સગાં તરફથી આપવામાં આવે, તે પણ વિગતે નોંધવું. જો એક જ વાર આપવામાં આવતું હોય તો બીજી વાર પણ આ સગાએ કંઈ લઈને જવાનું હોય તો તે પણ વિગતે નોંધવું.

પારણું/ઘોડિયું કેવું અને કયા પ્રકારનું હોય? પારણામાં ક્યારથી સુવડાવાય? બાળકને પારણામાં સુવડાવવાની શરૂઆત કર્યા પછી પણ તેને ખાટલે નાખીને સુવડાવાય ખરું?

બાળકને પારણામાં શા માટે નાખવામાં આવે છે? તેનાથી બાળકને શું અસર થાય છે, વગેરે બાબતો અંગે શક્ય હોય તેટલી વિગતે નોંધ કરવી.

બાળકની અને માતાની પથારી નીચે ભોંય પર થાય કે ન થાય? શા માટે થાય કે ન થાય તે પણ વિગતે નોંધવું.

બાળકને પારણામાં નાખવાથી શી શી સગવડતાઓ અને પ્રતિકૂળતાઓ ઊભી થાય છે તે વિગતવાર નોંધવુ. બાળકને પારણામાં કેવી રીતે ઊંચકીને નાખવામાં આવે? એને પારણામાં નાખ્યા પછી કોણ હિલોળે? જો હિલોળવું જ ન હોય તો પારણામાં નાખવાનો કોઈ અર્થ ખરો?

બાળકને પારણામાં હિલોળવાની વિવિધ પદ્ધતિઓ તેમ જ પારણું જેમાંથી બનાવવામાં આવે છે તેના આકાર, કદ, બાંધવાની રીત વગેરે અંગે વિગતવાર નોંધવું.

## ૯. હિલોળવું

બાળકને પારણામાં નાખ્યા પછી હીંચોળવાની ફરજ કોને કોને સોંપાય? આવા જે હિલોળા લેવડાવવામાં આવે તેમાં કોણે કોણે ભાગ લેવાનો હોય? 'પારણું હિલોળવા'ની સાથે જે કોઈ પ્રચલિત ઉક્તિઓ હોય તે બધી જ વિગતે નોંધવી. દા.ત. અધ્યયન હેઠળના એક સમાજમાં જો કોઈ વ્યક્તિ પોતાનાથી મોટી વ્યક્તિને જોઈતું માન ન આપે યા તે વડીલ છે એમ માનીને ન ચાલે યા તુંકારે બોલાવે તો બીજી કોઈક વ્યક્તિ "તેં એનું પારણું હીંચોળ્યું હશે નહીં?" એવો સૂચક પ્રશ્ન કરે છે.

'પારણું બંધાવવું' એવો ગુજરાતી ભાષામાં જે શબ્દપ્રયોગ છે, તે અર્થમાં (સંતાન થવું ના અર્થમાં) જો કોઈ શબ્દપ્રયોગ હોય તો તે પણ વિગતે નોંધવો. આ પ્રકારનાં 'પારણાં'ની સાથે સંબંધિત હોય એવા અન્ય જે કોઈ શબ્દપ્રયોગો હોય તે વિગતે નોંધવા. બાળકને પારણામાં હિલોળવાની જુદી જુદી પદ્ધતિઓને વિગતવાર નોંધવી.

જો પારણું અમુક વ્યક્તિ હીંચોળી શકે કે ન જ હીંચોળી શકે એવી જો માન્યતા પ્રવર્તતી હોય તો તે કોના કોના અંગે પ્રવર્તે છે તે પણ વિગતવાર નોંધવું. જો અમુક વ્યક્તિઓને પારણું હીંચોળવા માટે પ્રથમ પસંદગી અપાતી હોય અને અમુકનો એ અધિકાર જ ન હોય તો તે પણ વિગતે નોંધવું. પારણું પુરુષો પણ હીંચોળે ખરા? જો આમ સામાન્ય રીતે ન હીંચોળતા હોય પણ કોઈ ન હોય ત્યારે જ જો તે હીંચોળતા હોય તો તે નોંધવું. પારણું હીંચોળવાનું કામ પુરુષો માટે હલકું ગણાતું હોય તો તે નોંધવું. જો આ કામ સ્વાભાવિક જ લેખાતું હોય તો તે પણ વિગતે નોંધવું. પુરુષો જો પારણું



સામાન્ય રીતે ન હીંચોળતા હોય તો છોકરો પણ તે હીંચોળવામાં નાનમ માને યા ન હીંચોળે એમ બને ખરું? છોકરા કે છોકરીનું પારણું હોય તેથી પણ અમુક હીંચોળે અને અમુક ન હીંચોળે એ પ્રકારની જો માન્યતાઓ હોય તો તે પણ વિગતવાર નોંધવું. જો પારણું હીંચોળવાનું કામ પિતા, બાળકની માતાની હાજરીમાં કરતો હોય પણ અન્ય કોઈ વડીલ યા પોતાના પિતા (બાળકના દાદા) યા માતા (બાળકનાં દાદી)ની હાજરીમાં ન કરી શકે એમ હોય તો તે વિગતે નોંધવું. જો દાદીની હાજરીમાં હીંચોળે તો ચાલે એમ હોય તો તે નોંધવું.

**હાલરડાં:** પારણું ઝુલાવતી વખતે જો હાલરડાં ગાવામાં આવતાં હોય તો, આવાં હાલરડાં કોણ કોણ ગાય? કોણ ન ગાય? આવાં હાલરડાંમાં શું શું હોય? એવાં કોઈ હાલરડાંમાં સગાઈ સંબંધ વ્યક્ત થાય છે ખરો? જુદા જુદા પ્રકારનાં હાલરડાંના નમૂના પણ એકત્રિત કરવા. સગાઈ સંબંધવાળાં ખાસ. જો અમુક જ વ્યક્તિઓ હીંચોળતાં હીંચોળતાં હાલરડાં ગાતી હોય અને બીજી કોઈ ન ગાતી હોય તો તે પણ વિગતે નોંધવું. પુરુષો શા માટે ન ગાય? કોઈ પુરુષ નમાલો હોય, બીકણ હોય યા કોઈનું અપમાન કરવું હોય ત્યારે "જા હાલરડાં ગા" – જેવી કોઈ ઉક્તિ તેને માટે વાપરવામાં આવે છે ખરી? તે પણ વિગતે નોંધવી. જો આવાં હાલરડાં દરેક બાળક દીઠ જુદાં જુદાં હોય તો તે પણ નોંધવું. આવાં હાલરડાં શા માટે ગાવામાં આવે છે? બાળક તો એમાં કંઈ સમજતું નથી. એવા સવાલનો માહિતીદર્શક જે કંઈ જવાબ આપે તે વિગતે નોંધવું. આવાં હાલરડાં દ્વારા જે જે કંઈ ભાવો વ્યક્ત કરવામાં આવતા હોય તે વિગતે નોંધવા. જુદાં જુદાં અનેક પ્રકારનાં, જુદી જુદી વ્યક્તિઓ દ્વારા ગવાતાં હાલરડાં વિગતવાર નોંધવાં.

## ૧૦. શૌચક્રિયા અને સફાઈની ટેવો

બાળકના પેશાબના અને ઝાડે જવાના વખત વગેરે અંગે પણ અમુક ખાસ નોંધપાત્ર વિગતો હોય તો તે નોંધવી. બાળક જો ગંદુ થયું હોય તો તેને સાફ કરવાની સૌથી પહેલી જવાબદારી કોની? માતાની? માતાની ગેરહાજરીમાં બાળકની સગી બહેનની? અને તે પછી અન્ય કોઈ માતા એને સાફ કરે? જો એને સાફ કરવાના અને મળ વાળવાના કામમાં સ્ત્રીઓને પક્ષે જો કોઈ ખાસ નિયમો સામાન્ય રીતે જોવા મળતા હોય તો તે વિગતે નોંધવા. પુરુષ પણ કોઈ વાર બાળકને સાફ કરતો હોય યા મળ વાળતો હોય તો તે નોંધવું. આ કામ જો પિતા અથવા મોટો પુત્ર (બાળકનો મોટો ભાઈ) કોઈક વાર કરતો હોય તો તે નોંધવું. જો મોટી બહેન કે અન્ય કોઈ સ્ત્રી સભ્ય ઘરમાં હાજર હોય તો તેવે વખતે જે તે વ્યક્તિ જ મળ વાળવાનું કામ સામાન્ય રીતે કરતી હોય તો તે પણ વિગતે નોંધવું. બાળક જો બગડયું હોય, અને માતા તે વખતે ઘર બહાર હોય, પણ સાદ પાડીને બોલાવી શકાય એટલી નજીકમાં હોય તો તેને બોલાવાતી હોય તો તે અંગેની વિગતો પણ નોંધવી. બાળક જો બગડયું હોય તો તેને સાફ કરવાનું તો ગમે તે કરે પણ એનો મળ વગેરે વાળવાનું કામ તો માતા જ કરતી હોય તો તે વિગત નોંધવી. જો માતા ગેરહાજર હોય અને થોડા સમયમાં આવે તેમ હોય તો તેવે

વખતે મળ ધૂળ નાખીને રાખી મૂકવામાં આવતો હોય અને માતા આવે ત્યારે જ સાફ કરતી હોય તો તે પણ નોંધવું. બાળકને નવડાવવાનું, ધોવડાવવાનું, સાફ રાખવાનું યા રડતાં છાના રાખવાનું યા સાચવવાનું કામ અન્ય કોઈ કરતું હોય પણ તેના મળને સાફ કરવાનું કામ તો માત્ર માતા જ કરતી હોય તો તે પણ વિગતે નોંધવું. આવું સામાન્ય રીતે ઘરમાં બીજી સ્ત્રી હોય તોપણ જો થતું હોય તો તે પણ નોંધવું. બાળકના પ્રત્યેની માત્ર માતાની જ આ વિશિષ્ટ ફરજના સંદર્ભમાં ઉપરની વિગતોની ખૂબ જ વિગતવાર મેળવણી આવશ્યક છે.

બાળકનો મળ માતાએ વાળ્યો હોય, તેને સાફ સૂથરો કર્યો હોય તે બાબતને, ભવિષ્યમાં બાળક મોટું થઈને જ્યારે માની સામે બોલે યા તેને વઢે યા મારે યા દુઃખ દે તેવે વખતે જો તેને યાદ અપાવવામાં આવતી હોય તો તે પણ વિગતે નોંધવું. કોણ આ યાદ આપે, ક્યારે આપે, કયા શબ્દોમાં આપે, વગેરે બાબતો પણ શક્ય હોય એટલી વિગતે નોંધવી. આ અંગેની જો કોઈ પ્રચલિત ઉક્તિ હોય તો તે પણ વિગતે નોંધવી. માતા મળ વાળે એ અંગેની યા માતાની બાળક દ્વારા લેવાતી આ પ્રકારની કાળજી અંગેની જે કંઈ કહેવતો વગેરે હોય તે નોંધવી. બાળકોને કઈ રીતે મોટાં કર્યાં તેમાં પણ આ વિગતનો ઉલ્લેખ થતો હોય તો તે નોંધવો. માતાની મળ વાળવા પ્રત્યેની સ્વાભાવિક સૂગ, પોતાના બાળકનો મળ સાફ કરતી વખતે નષ્ટ થઈ જાય છે યા તે પ્રયત્નપૂર્વક કેળવે છે, તે વિગતે નોંધવું. જો અન્ય કોઈનું બાળક હોય, પછી તે જેઠાણીનું હોય કે દેરાણીનું, યા પોતાની સાસુનું યા માનું બીજું સંતાન (એટલે કે તેનાં નાનાં ભાઈ કે બહેન હોય) અને તેનો મળ વાળવાની ક્રિયા પોતાના બાળકનો મળ વાળવા જેટલી જ સહજતાથી તે કરી શકશે ખરી કે નહીં કરી શકે? જો કરી શકતી હોય તો પણ અમુક નજીકનાં જ સગાં પૂરતી જો તે કરી શકતી હોય અને દૂરની વ્યક્તિ માટે તેમ ન કરી શકતી હોય તો તે પણ વિગતે નોંધવું. તે અંગેનાં માહિતીદર્શક પાસેથી કારણો પણ નોંધવાં. આ અંગેના માહિતીદર્શકના પોતાના સ્વાનુભવોને પણ શક્ય હોય એટલા વિગતવાર નોંધવા.

બાળઉછેરમાં, માતાને સામાન્ય રીતે કયું કામ સૌથી વિશેષ મુશ્કેલ લાગે? મળ ઉપાડવાનું કે અન્ય કોઈ? આ કામને લીધે જ શરૂઆતના તબક્કે માતા ખચકાટ અનુભવે એવું બને ખરું? તે પણ વિગતે નોંધવું. અને આ કામ જો એને સૌથી વિશેષ મુશ્કેલ લાગતું હોય તે છતાં પણ જો તે પોતે એને માટેની તૈયારી દર્શાવતી હોય તો તે વિગતે નોંધવી. બાળઉછેરમાં સૌથી વિશેષ ગંદું અથવા મુશ્કેલ કામ સામાન્ય રીતે કયું લાગે તે અંગે માતાઓના જુદા જુદા અભિપ્રાયો નોંધવા, ને કયું કામ સવિશેષ મુશ્કેલ લાગે છે તે અંગે પણ જો ખાસ કોઈ ઉક્તિઓ હોય તો તે બધી જ ઉક્તિઓને વિગતે નોંધવી. બાળક અણસમજમાં મળ સાથે ચેડાં ન કરે તે માટે સામાન્ય રીતે કયાં કયાં પૂર્વ પગલાં કઈ કઈ રીતે, કોના કોના દ્વારા લેવાય તે પણ વિગતે નોંધવું.

બાળકના મળને સાફ કઈ રીતે કરવામાં આવે છે? એને માટે વપરાતી જુદી જુદી પદ્ધતિઓ અને સાધનો વિગતે નોંધવાં. તે જ રીતે બાળકને પણ કઈ કઈ રીતે



સાફ કરવામાં આવે છે તે પણ એની બધી પદ્ધતિઓ સમેત વિગતે નોંધવું. આવી પદ્ધતિઓ જો બાળકની વય દીઠ જુદી જુદી અપનાવવામાં આવતી હોય તો તે પણ વિગતે નોંધવું. બાળકનો ઝાડો પ્રવાહી અને ઘન હોય તેવે વખતે તેને માટે જુદી જુદી રીત અપનાવાતી હોય તો તે પણ વિગતે નોંધવું. બાળકને વગર પાણીએ પણ સાફ થઈ શકે કે કેમ તે પણ નોંધવું. જો થઈ શકે તો તે કઈ રીતે તે નોંધવું. આંગણાની જમીન પરથી મળ ઉઠાવી લીધા પછી તે જગ્યા પર શું કરવામાં આવે? જો માટીની સપાટી હોય તો લીંપવામાં આવે? યા એમ ને એમ જ રખાય તે પણ વિગતે નોંધવું.

બાળકને કઈ વયે નિયત જગ્યાએ મળ વિસર્જન માટે જવાનું શીખવવામાં આવે? કઈ રીતે શીખવવામાં આવે? જો તેમ ન કરે તો તેને કઈ રીતે ટોકવામાં આવે અને ધીમે ધીમે તેની આ ટેવ કઈ રીતે કેળવવામાં આવે તે પણ શક્ય હોય એટલું વિગતે નોંધવું. ક્યારે બાળક સૌથી પહેલાં સાફ રહેતું થાય? બાળકને પોતાની કુદરતી હાજતોમાં યા અન્ય ટેવોમાં સૌથી પહેલું આત્મનિર્ભર થવાનું કયા કામમાં કહેવામાં આવે? બાળકને શરૂઆતમાં મળ વિસર્જન કરવા માટે અમુક ઢબે, અમુક નિશાનીથી જો શીખવવામાં આવતું હોય તો તે વિગતે નોંધવું. સામાન્ય રીતે આવી કઈ કઈ નિશાની કરવામાં આવે? અમુક ખાસ પ્રકારના અવાજ વગેરે પણ જો કરવામાં આવતા હોય તો તે પણ વિગતે નોંધવા. સામાન્ય રીતે મળ વિસર્જન માટે જવાના જુદા જુદા જે શબ્દપ્રયોગો વપરાતા હોય તે બધા પણ વિગતે નોંધવા. બાળકને માટે જુદા શબ્દો હોય, અને મોટાઓ માટેના પણ જો જુદા પ્રયોગો હોય તો તે પણ નોંધવું. આવા શબ્દોમાં પરોક્ષ પ્રયોગો જો સવિશેષ હોય તો તે નોંધવું. આ અંગે અન્ય કોઈ વિગતો રહી જતી હોય તો તે પણ વિગતવાર નોંધવા.

બાળકના પેશાબ માટે પણ શરૂઆતમાં બાળકને કઈ રીતે માર્ગદર્શન અપાય છે? એ ભીનું કરે તો જે કપડામાં એને રાખવામાં આવ્યું હોય તે બદલાવાય કે તેનું તે જ રખાય? પેશાબ થાય તો તેનાથી બાળક તરત જ રડે ખરું? જો રડે તો તેનું કપડું બદલાવાય યા એ જ કપડાને બીજી રીતે મૂકવામાં આવતું હોય તો તે પણ વિગતે નોંધવું. જો બાળોતિયું યોગ્ય રીતે મૂકવામાં ન આવે તો બાળકને અસુખ લાગતું હોય અને તેને લીધે જો તે રડતું હોય તો તેવે વખતે કુટુંબના અન્ય સભ્યો તરફથી માને જે કંઈ સલાહ સૂચના વગેરે મળતાં હોય તેને વિગતે નોંધવાં. જો બાળકને પેશાબ થાય તો તે તેના શરીરને અડકે તો તેની તબિયત માટે સારો કે ખરાબ માનવાની જે કંઈ માન્યતા હોય તે નોંધવી. અધ્યયન હેઠળના સમાજની દૃષ્ટિએ પેશાબના કોઈ ખાસ વિશિષ્ટ ગુણધર્મો હોય તો તે વિગતવાર નોંધવા. પેશાબના જુદા જુદા ઇલાજોમાં જે વિશિષ્ટ ઉપયોગો હોય છે તે અંગેની એમની જાણકારી પણ નોંધવી. દા. ત. અધ્યયન હેઠળના એક સમાજમાં કોઈને વાગે અને લોહી નીકળે તો તેવે વખતે તેના પર પેશાબ કરવામાં આવે છે. આવા જે કંઈ અન્ય ઉપયોગોની જાણ હોય તે નોંધવા. અને તે રીતે બાળકની પોતાની તબિયતમાં પણ પેશાબ કોઈક રીતે ઉપયોગી હોવાનું જો મનાતું હોય તો તે વિગતે નોંધવું.

બાળકને નિયત જગ્યાએ જઈને પેશાબ કરવાનું પહેલાં શીખવવામાં આવે કે જાજરૂ જવાનું? યા બંને વસ્તુઓ જો લગભગ સાથે જ શીખવવામાં આવતી હોય તો તે પણ નોંધવું.

જોકે પેશાબ કરવા માટે તો માત્ર ઓસરીમાં જ જવાનું હોય, જ્યારે મળ વિસર્જન માટે દૂર જવાનું હોય તેથી પેશાબ નિયત સ્થળે જઈને કરવાનું પહેલાં શીખવવામાં આવતું હશે, તે છતાં પણ આ બંનેમાંથી જે પહેલાં શીખવવામાં આવતું હોય તેની વિગતે નોંધ કરવી.

અમુક સમય પછી પણ બાળક રાત્રે યા દિવસે ઊંઘમાં પથારીમાં પેશાબ કરતું હોય તો તેવે વખતે તેને તેમ કરતું અટકાવવા માટે શો ઇલાજ લેવામાં આવે, કઈ રીતે લેવામાં આવે અને તે કોણ લે તે અંગેની પૂરતી વિગતો એકત્રિત કરવી.

પેશાબ કરાવવા માટે પણ અમુક ખાસ નિશાની વપરાતી હોય, તો તે વિગતે નોંધવી. તે જ રીતે "પેશાબ કરવો યા કરાવવો" તેને માટે જે જે શબ્દપ્રયોગો સામાન્ય રીતે વપરાતા હોય તે બધાને ખૂબ વિગતે નોંધવા. પેશાબ કરવા અંગેની પ્રચલિત ઉક્તિઓ પણ સમાજમાંથી નોંધવી અને તેની પણ વિગતે નોંધ કરવી. દા. ત. જો કોઈક વ્યક્તિને બહુ ભય લાગ્યો હોય તો તેવે વખતે "તે એટલો તો ગભરાયો કે તેને પેશાબ છૂટી ગયો" આ પ્રકારનો પ્રયોગ વપરાય છે. પેશાબ અંગેનાં વિવિધ દર્દો વગેરે નોંધવાં. તેમ જ આ અંગેની અન્ય સૌ વિગતો એકત્રિત કરવી.

નાના બાળકને લાળ પડે તેને માટે તેમ જ લીંટ વગેરે કાઢવા માટે પણ જે કંઈ પદ્ધતિ હોય તે નોંધવી. લીંટ રૂમાલથી કઢાય યા હાથથી જ. પછી હાથ માટી પર યા જમીન પર ઘસી સાફ કરી દેવામાં આવે તે વિગતે નોંધવું.

ઝાડે ગયા પછી બાળક પોતાની મેળે પાણી લેતું ક્યારે થાય? જો બાળક જાજરૂ ગયા પછી પાણી ન લે તો એની સાથે કઈ રીતે વર્તવામાં આવે? બાળકમાં આ ટેવ કઈ રીતે પાડવામાં આવે? જો તેમ નથી કર્યું એમ કુટુંબનાં વડીલોને ખ્યાલ આવે તો તેઓ તેની સાથે કઈ રીતે વર્તે? તેને શું શિક્ષા કરે? વગેરે વિગતો મેળવવી. પાણી લેવાનું શા માટે આવશ્યક મનાય છે? અને જો કોઈ પાણી ન લે તો શું થાય એ અંગેની કોઈ ઉક્તિ હોય તો તે મેળવવી. તે જ રીતે પેશાબ અંગેની પણ જો કોઈ નિશ્ચિત ઢબ હોય અને બાળક તેનું પાલન કરે એ પ્રકારની જો અપેક્ષા હોય તો તે નોંધવી. દા. ત. અધ્યયન હેઠળના સમાજનો એક છોકરો જે સ્થળે જઈને પેશાબ કરી આવ્યો હોય બરાબર તે જ સ્થળે જઈને બીજો છોકરો તે જગ્યા પર પેશાબ નથી કરતો. આ રીતે એક પેશાબ કરનારને અમારા શિક્ષકે માર્યાનું સંશોધકને યાદ છે. આવી કોઈક માન્યતાઓ પેશાબ કરવા અંગે પણ હોઈ શકે. અને આવી માન્યતાનો જો છોકરો ભંગ કરે તો તેને શું શિક્ષા કરવામાં આવે તે નોંધવું. તે જ રીતે ઊભા ઊભા પેશાબ ન થાય, ચાલતાં ચાલતાં પેશાબ ન થાય, માથે પાઘડી રાખીને પેશાબ ન થાય, કોઈ ઝાડ પર પેશાબ ન થાય, કોઈ ગુહ્ય અંગોને સરળતાથી જોઈ શકે તે રીતે પેશાબ ન થાય, એવા



જે કેટલાક અધ્યયન હેઠળના સમાજના ખ્યાલો હોય તે બધા વિગતે નોંધવા અને તેની વિરુદ્ધ જો કોઈ વર્તે તો સામાન્ય રીતે તેની તરફ કઈ દૃષ્ટિથી જોવાય તે વિગતે નોંધવું. અમુક પ્રકારની ટેવ પાડવાના આશયથી યા અમુક વર્તન સમાજને શરમજનક લાગે તેથી, અમુક વિશિષ્ટ ઢબે જ વર્તન થાય તેટલા માટે ખાસ વિશિષ્ટ નીતિનિયમો હોય તો તે અંગેની બધી જ વિગતો મેળવવી.

આ બન્ને કુદરતી હાજતો અંગે જો કોઈ ખાસ ઉક્તિઓ કે કહેવતો હોય તો તે ઉક્તિઓ – કહેવતોને વિગતવાર નોંધવી. દા. ત. જો કોઈ બાળક યોગ્ય રીતે ન વર્તતું હોય તો તેને "ઝાડો પેશાબ થઈ જાય તેમ તને ચોડી દઈશ" એવી ધમકી આપવામાં આવે છે ખરી? જો અપાતી હોય તો આવી ધમકી કોણ આપી શકે? કઈ રીતે આપી શકે? અને સામાન્ય રીતે એ સિવાયનાં બીજાં કોઈ સગાં પણ આવી ધમકી આપી શકે કે કેમ અને જો તે આપે તો વાસ્તવમાં તેમાંથી કોઈ અમલ પણ કરવો હોય તો તે કરી શકે કે કેમ? જો ધમકી ઘણા આપી શકતા હોય. પણ અમલ તો અમુક જ કરી શકે એમ હોય તો કયાં સગાં કરી શકે એ અંગેની વિગતો નોંધવી. તે સિવાયનાં અન્ય સગાં આ ધમકીનો અમલ નહીં કરી શકતાં હોય એની સંભાવના ખરી. એટલે એ વિગતો પણ એકત્રિત કરવી. આ ધમકી પ્રમાણમાં બહુ ગંભીર ગણાય અને તેથી આવી ધમકી બાળકને યા અન્ય સગાંને આપનાર વ્યક્તિને પણ અન્ય વ્યક્તિ જો ઠપકો આપતી હોય યા તેમ ન કહેવા દેતી હોય તો તે નોંધવું.

## ૧૧. વસ્ત્રો

અધ્યયન હેઠળના સમાજમાં બાળકના જીવનમાં વસ્ત્રોના સ્થાન અંગે વિગતે નોંધવું. બાળકના જન્મ પહેલાં પણ તેનાં વસ્ત્રો માટે થતી પૂર્વ તૈયારીઓને વિગતવાર નોંધવી. જો બાળકના જન્મ પહેલાં પણ વસ્ત્રોની પૂર્વ તૈયારીઓ કરવામાં આવતી હોય તો તે કોનાં વસ્ત્રો તૈયાર કરવામાં આવે? પુત્રનાં કે પુત્રીનાં? જો તે માતપિતાને પુત્ર–પુત્રીમાંથી જેની ઝંખના હોય તેનાં તૈયાર થતાં હોય યા પુત્ર કે પુત્રી બંનેમાંથી ગમે તે જન્મે તોપણ તેનો ઉપયોગ થઈ શકે તે રીતે જો તૈયાર કરવામાં આવતાં હોય યા તેવાં જ વસ્ત્રો તૈયાર કરવામાં આવતાં હોય તો તે વિગતે નોંધવું.

બાળકને સામાન્ય રીતે વસ્ત્રો વગેરે ક્યારથી, કેટલી વયે પહેરાવવાની શરૂઆત થાય? બાળકને નાગુંપૂગું કેટલા સમય સુધી રાખવામાં આવે? બાળકને ખાસ કોઈ તહેવાર યા અમુક ખાસ પ્રસંગ સિવાય જો સામાન્ય રીતે નાગુંપૂગું રાખવામાં આવતું હોય તો તે પણ નોંધવું. જો તેને ખાસ તહેવાર સિવાય પણ અન્ય કોઈ પ્રસંગે ખાસ કંઈ જો પહેરાવવામાં આવતું હોય તો તે નોંધવું. તેનાં જુદાં જુદાં સગાંમાંથી કયાં કયાં સગાં તરફથી કયા કયા પ્રસંગોએ શું શું વસ્ત્ર વગેરે આપવામાં યા પહેરાવવામાં આવે છે તે નોંધવું. આવું વસ્ત્ર સામાન્ય રીતે બાળકને નવડાવી ધોવડાવીને જ જો પહેરાવવામાં આવતું હોય તો તે વિગતે નોંધવું. નવડાવી ધોવડાવીને જ પહેરાવ્યું હોય અને તે છતાં બાળકે જો તરત બગાડે તો લાવનાર વ્યક્તિના તેવા પ્રસંગે ખાસ કોઈ વિશિષ્ટ પ્રત્યાઘાત વગેરે

જો હોય તો તે પણ વિગતે નોંધવા. બાળક વસ્ત્રો બગાડે એ અંગે અધ્યયન હેઠળના સમાજમાં કોઈ ઉક્તિઓ હોય તો તે વિગતે નોંધવી. અધ્યયન હેઠળના સમાજમાં બાળકના જીવનમાં વસ્ત્રોના સ્થાન અંગે વિગતે નોંધવું. બાળકના જન્મ પહેલાં પણ તેનાં વસ્ત્રો માટે પૂર્વ તૈયારીઓને વિગતવાર નોંધવી.

સામાન્ય રીતે બાળકને શું શું પહેરાવવામાં આવે ? બાળક-બાળકીનો જો શરૂઆતથી જ વસ્ત્રો દ્વારા ભેદ વ્યક્ત થતો હોય તો તે નોંધવું. વળી તેને બદલે અમુક વય સુધી બંનેનાં વસ્ત્રો જો લગભગ સમાન હોય તો તે પણ વિગતે નોંધવું. જો જુદાં જુદાં હોય તો સામાન્ય રીતે છોકરાને અને છોકરીને શું શું પહેરાવવામાં આવે તે નોંધવું.

અમુક સગાં જ્યાં સુધી વસ્ત્રો પહેરાવવા માટે ન આવે ત્યાં સુધી વસ્ત્રો ન પહેરાવાય એ પ્રકારની ખાસ કોઈ માન્યતા જો પ્રવર્તતી હોય તો તે પણ વિગતે નોંધવી. વસ્ત્રોમાં પણ જો ઉપલાં વસ્ત્રો પહેલાં પહેરાવવામાં આવે અને નીચલાં એટલે કે ચડ્ડી વગેરે પાછળથી પહેરાવવામાં આવે તે પ્રકારની જો ખાસ કોઈ માન્યતાઓ હોય તો તેની પણ વિગતે નોંધ કરવી.

મોટી વય સુધી બાળક વારંવાર બગાડે અને તેથી બદલવું પડે તેની માથાકૂટમાંથી બચવા, યા અન્ય કોઈ કારણસર જો બાળકને અમુક વય સુધી અમુક નીચલું વસ્ત્ર ન જ પહેરાવવામાં આવતું હોય તો તે નોંધવું. નીચલું વસ્ત્ર પહેરાવવામાં જો છોકરા છોકરીના ભેદ રાખવામાં આવતા હોય તો તેની પણ વિગતે નોંધ કરવી. બાળકને ઉપલું અને નીચલું વસ્ત્ર વગેરે પહેરાવવાની વયમાં પણ જો ખાસ કોઈ ફેરફાર હોય તો તે ફેરફારની પણ વિગતે નોંધ કરવી. છોકરીને આવું ઉપલું કે નીચલું વસ્ત્ર પહેલાં પહેરાવવાનું હોય, અને છોકરાને જો તે સિવાય ચાલતું હોય તો તે પણ વિગતે નોંધવું. આવાં વસ્ત્રો બાળકો પોતે કાઢી શકે એવાં હોય છે, યા પ્રમાણમાં અટપટાં તે પણ નોંધવું. આવાં વસ્ત્રો મળ વિસર્જન ટાણે યા પેશાબ પાણી જતી વખતે આખાં યા અડધાં કાઢી નાખવામાં આવે છે કે કેમ તે પણ વિગતે નોંધવું. આવાં કપડાં સામાન્ય રીતે તેમને પહેરાવે છે કોણ અને તે કઈ વય સુધી તે પણ વિગતવાર નોંધવાનો પ્રયાસ કરવો. જો અમુક વસ્ત્ર બાળકને પહેરતાં ન ફાવતું હોય અને બાળક તેને કાઢી જ નાખવાનો આગ્રહ રાખતું હોય તે છતાં બળજબરીથી તેને પહેરાવવામાં આવતું હોવાનું જો બનતું હોય તો તે પણ વિગતે નોંધવું. સીધા, ઊલટા કપડાનો ખ્યાલ સામાન્ય રીતે બાળકને કેટલી વયે આવતો હશે તે અંગેની માહિતીદર્શકની જાણકારીને પણ વિગતે નોંધવી. બાળકને દિવસમાં સામાન્ય રીતે કેટલી વાર વસ્ત્રો વગેરે બદલવાં પડે તે નોંધવું.

બાળકમાં 'વસ્ત્રો પહેર્યા વિના ન રહેવાય' તે પ્રકારની શરમ કે સંકોચ સામાન્ય રીતે કેટલી વયે આવે અને તે કઈ રીતે તે અંગે અધ્યયન હેઠળના સમાજના માહિતીદર્શકોનાં મંતવ્યો વિગતે નોંધવાં. પોતે નાગોપૂગો ન રહી શકે એ પ્રકારની ભાવના બાળકમાં જે વયે પ્રવેશતી હોય તે અંગેની વિગતો નોંધવી. જો બાળકને કપડાં પહેરાવવા યા ન



પહેરાવવા અંગેના કોઈ ચોક્કસ ખ્યાલો આ સમાજમાં પ્રવર્તતા હોય તો તે અંગે બધી જ વિગતો ખૂબ જ વિગતવાર મેળવવી. બાળકને કપડાં પહેરાવવાની શરૂઆત અમુક જ વ્યક્તિ કે સગાથી અને તે અમુક જ વયે થાય એવી જો ખાસ કોઈ માન્યતાઓ હોય તો તે પણ વિગતે નોંધવી.

કપડાં પહેરાવવા યા ન પહેરાવવા અંગેની ખાસ કોઈ ઉક્તિઓ સામાન્ય રીતે સમાજમાં જો પ્રચલિત હોય તો તે બધી જ માન્યતાઓને પણ વિગતવાર નોંધવી. આ અંગેની કહેવતો યા અન્ય પ્રયોગો પણ નોંધવા.

## ૧૨. ઘરેણાં

અધ્યયન હેઠળના સમાજમાં બાળકના જીવનમાં ઘરેણાંના સ્થાન અંગે વિગતે નોંધવું.

અધ્યયન હેઠળના સમાજમાં જો કોઈક ઘરેણાંની તૈયારી બાળકના જન્મ પહેલાં પણ કરવામાં આવતી હોય તો તે નોંધવું.

બાળકોને બહુ નાની વયે ખાસ કોઈ પ્રકારનાં ઘરેણાં વગેરે પહેરાવવાનો પણ શોખ હોય છે ખરો ? જો હોય તો કયાં કયાં ? બાળકને વહેલામાં વહેલાં કઈ વયથી ઘરેણાં પહેરાવવાની શરૂઆત થાય ? આવાં ઘરેણાં મુખ્યત્વે હાથમાં, કમ્મર પર, ગળામાં કે પગે હોય તે નોંધવું. બાળક અને બાળકીમાં આ અંગે જો ખાસ કોઈ સ્પષ્ટ ભેદ પાડવામાં આવતો હોય તો તે અંગેની વિગતો પણ ખૂબ જ વિગતવાર એકત્રિત કરવી.

ઘરેણાં નહીં પણ અમુક પ્રકારનો કાળો દોરો યા અન્ય કોઈ ધાગો જો હાથ પર, કમ્મર પર, કોણી ઉપર યા અન્યત્ર બાંધવામાં આવતો હોય તો તે પણ નોંધવું. આવો ધાગો શાના માટે, અને કોણ કઈ રીતે બાંધે છે તે પણ વિગતે મેળવવું. આવો ધાગો દોરો અમુક જ વ્યક્તિ બાંધી શકે યા ન બાંધી શકે એ પ્રકારની ખાસ કોઈ માન્યતા હોય તો તે પણ વિગતે નોંધવી.

બાળકને નાક અને કાન વીંધીને જે ઘરેણાં પહેરાવવાનાં હોય તે પહેરાવવાની શરૂઆત સામાન્ય રીતે ક્યારે થાય અને કઈ રીતે થાય ? કાન કોણ કોરે, કઈ રીતે અને કયા સાધનથી કોચે, કઈ વયે કોરે, કયા વારે કે તિથિએ કોરી શકે યા ન કોરી શકે ? ને કાન કોરીને ઘરેણાં પહેરાવવા પાછળના આશય વગેરે અંગે વિગતે નોંધ કરવી. આવી રીતે કાન, નાક વગેરે વીંધવાની વિધિ જે વયે થતી હોય તે તે જ વયે શા માટે અને અન્ય વયે શા માટે નહીં તે પણ નોંધવું. જો તેમ ન કરવામાં આવે તો તે અયોગ્ય લેખાતું હોય, યા અન્ય કોઈ ભાવથી જોવામાં આવતું હોય તો તે નોંધવું. બાળપણમાં અમુક વય સુધી ઘરેણાં જો છોકરા-છોકરીનાં સમાન હોય તો તે અંગેની વિગતો પણ સવિશેષ વિગતે મેળવવી. જો અમુક જ ઘરેણાં સમાન હોય તો તે નોંધવું.

ક્યાં ક્યાં તે પણ નોંધવું. આવાં જુદાં જુદાં ઘરેણાંની પાછળ જો કોઈ નિશ્ચિત માન્યતા હોય તો તે પણ નોંધવી.

બાળક અને તેનાં વિશિષ્ટ ઘરેણાં અંગે જો કોઈ પ્રચલિત ઉક્તિ હોય તો તે પણ નોંધવી. અમુક ઘરેણાં અમુક જ સગાં લાવે એવા જો ખાસ કોઈ નિયત નિયમ હોય તો તે વિગતવાર નોંધવા. ઘરેણાં યા વસ્ત્રો પહેરાવવા વગેરેની બાબતમાં અમુક પહેરાવી શકે અને અમુક ન પહેરાવી શકે એવા પ્રકારના જો ખાસ કોઈ નિયમ યા માન્યતાઓ હોય તો તે પણ વિગતવાર નોંધવું. જો કોઈ ઘરેણાં કાયમી પહેરાવી રખાતાં હોય તો તે અને કોઈ ખાસ વાર તહેવારે જ પહેરાવાતાં હોય તો તે એ બંનેની વિગતે નોંધ કરવી.

ઘરેણાં પહેરાવવા પાછળ શા શા આશય હોય છે તે અંગેનાં અધ્યયન હેઠળના સમાજના માહિતીદર્શકોનાં મંતવ્યો પૂછવાં. બાળકની બાલ્યાવસ્થાથી માંડીને તે પુખ્ત વયનાં થાય ત્યાં સુધીનાં વિવિધ ઘરેણાં અંગેની વિગતો નોંધવી.

માબાપ અને બાળકો અરસપરસનાં ઘરેણાં યા વસ્ત્રોનો અરસપરસ કઈ રીતે કેવા હકથી, કયા કયા પ્રસંગે ઉપયોગ કરે એ અંગે પણ વિગતવાર નોંધવું.

## ૧૩. છૂંદણાં

ઘરેણાં ઉપરાંત છૂંદણાં વગેરે પણ ક્યારે ક્યારે, ક્યાં ક્યાં, કેટકેટલી વયે કોની કોની પાસે, શા આશયથી, શું મૂલ્ય કયા સ્વરૂપે આપીને કરાવવામાં આવે તે પણ વિગતે નોંધવું. જો કોઈમાં ઘરેણાં અને છૂંદણાં એ બંનેનું ઇરાદાપૂર્વકનું સંયોજન કરવામાં આવતું હોય તો તે પણ વિગતે નોંધવું. આવાં છૂંદણાં અમુક જ અવસ્થા યા વયમાં પાડી શકાતાં હોય તો તેની પણ વિગતે નોંધ કરવી. કપડાં, ઘરેણાં અને છૂંદણાં એ ત્રણેના હેતુઓનું સંયોજન જો કોઈ તબક્કે કરવામાં આવતું હોય તો તેની પણ વિગતવાર નોંધ કરવી. આ અંગેની બાકી રહેતી અન્ય સર્વ વિગતો પણ ખૂબ જ વિગતે મેળવવાનો પ્રયાસ કરવો.

## ૧૪. બાળકનો પ્રથમ પરિચય

બાળક એની માને ઓળખતાં લગભગ ક્યારે શીખે? માને પણ પોતાને ઓળખે છે તેનો ખ્યાલ શી રીતે આવે? તે રડે તે પરથી? યા બીજી કોઈ રીતે? તે વિગતે નોંધવું. કુટુંબના અન્ય સભ્યોને — ખાસ કરીને પિતાને — તે ઓળખતું ક્યારે થાય? પિતા સિવાયના કુટુંબના અન્ય સભ્યોને ક્યારથી ઓળખે! કઈ રીતે ઓળખે? તે તેને અવારનવાર ઉપાડતાં, રમાડતાં હોય તેથી? આ સિવાય પણ કુટુંબનાં અન્ય કોઈ સભ્યોને પણ જો તે ઓળખતું જતું હોય તો તે નોંધવું. ઓળખીતા સભ્યની પાસે તે સવિશેષ રહેશે. બાળક સૌથી વિશેષ કોની પાસે રહેશે? માતા પાસે કે એને કોઈક રમાડતું હોય એવા સભ્ય પાસે, તે પણ વિગતે નોંધવું.



## ૧૫. બાળકને સાચવવામાં કુટુંબનાં સભ્યોની ભૂમિકા

બાળકોને સાચવવા કરવામાં કુટુંબનાં જુદાં જુદાં સભ્યોની ભૂમિકા વગેરે પણ વિગતે નોંધવી. આવી ભૂમિકા જુદા જુદા પ્રકારનાં કુટુંબોમાં શી શી હોય તે નોંધવું. દા.ત.

(૧) કુટુંબમાં માત્ર પતિ અને પત્ની જ હોય તો.

(૨) કુટુંબમાં બાળક, તેના માતાપિતા અને દાદા દાદી અથવા બંનેમાંથી એક હોય તો, અને આ બંને દાદા-દાદી યા નાના નાની સામાન્ય રીતે ઘેર જ રહેતાં હોય તો.

(૩) કુટુંબમાં બાળક, તેનાં માતાપિતા, અને તે ઉપરાંત નાની ફોઈ, દાદા વગેરે હોય તો.

(૪) કુટુંબમાં બાળક, તેનાં માતાપિતા તે ઉપરાંત નાની ફોઈ, કાકી, દાદા, દાદી મોટા કાકા, કાકી વગેરે હોય તો.

(૫) કુટુંબમાં બાળકના માતાપિતા ન હોય, પણ મામા, દાદા, દાદી, કાકા, કાકી વગેરે હોય તો.

(૬) કુટુંબમાં બાળકનાં માતા કે પિતા બેમાંથી એકે ન હોય પણ માત્ર દાદા કે દાદી જ હોય તો.

આ ઉપરાંત પણ અન્ય અનેક સંબંધિત સગાંના-સંદર્ભમાં બાળકનો વિકાસ કઈ રીતે થાય, બાળકને કઈ રીતે સાચવવામાં આવે વગેરે વિગતે નોંધવું. બાળઉછેર અંગેની ભૂમિકા જો યોગ્ય રીતે અદા ન કરવામાં આવે તો તેને માટે જે તે સગાને જે કંઈ ઠપકો અપાય યા કોઈક સગા યા વડીલ દ્વારા તેનું ધ્યાન ખેંચવામાં આવે યા તો અન્ય કોઈ રીતે તેનો નિર્દેશ થતો હોય તો તે નોંધવું.

## ૧૬. દાંત ફૂટવા

બાળકના દાંત લગભગ કેટલી વયે ફૂટે? બાળકના દાંત ફૂટે ત્યારે એને શું શું થાય? ઝાડા થાય? બીજું જે કંઈ થતું હોય તે નોંધવું. બાળકના દાંત ફૂટે એટલે કુદરતી રીતે તેના આહારમાં ફેરફાર કરવાનો સમય આવી પહોંચ્યો છે એમ મનાય? કે બીજું કંઈ મનાય? બાળકને દાંત ફૂટયા પછી તેને ઘન ખોરાક સામાન્ય રીતે આપી શકાતો હોય તો તે નોંધવું. દાંત આવે તે વખતે જો બાળકને ઝાડા થઈ જતા હોય તો તેના જે કંઈ ઉપાયો લેવાતા હોય તે અંગે પણ ટૂંકાણમાં નોંધવું. આવે વખતે માએ પણ તેના આહારમાં જો કોઈ આવશ્યક ફેરફાર કરવો પડતો હોય તો તે નોંધવું.

## ૧૭. બાળકનો શારીરિક વિકાસ — ઊંધું પડવું, ઊભું થવું

બાળકના શરીરના અવયવોના હલનચલન વગેરેના ક્રમશઃ તબક્કા નોંધવા. દા. ત. ઊંધું પડતાં શીખે. કોઈક વસ્તુ પકડતાં શીખે. ગોઠણીએ ચાલતાં શીખે. (પગ યા

હાથનો ટેકો લઈને ચાલતાં શીખે). કોઈકની મદદ લઈને ઊભું થતાં શીખે. એ જ રીતે પડતાં આખડતાં શીખે. જુદા જુદા પ્રકારનાં રમકડાં વગેરે વાપરતાં શીખે. અગર આપમેળે ચાલતાં શીખે, બોલતાં શીખે. વગેરે જુદા જુદા તબક્કા પણ પરંપરાગત વાતાવરણના સંદર્ભ સહિત નોંધવા.

બાળક ઊંધું પડતાં કેવી રીતે શીખે? તેને તેમ કરતાં શીખવવામાં આવે કે આપમેળે સહજ રીતે પડે? બાળકને ઊંધા પડતાં શીખવા માટે તેને પ્રેરણા યા પ્રોત્સાહન કોઈ રીતે અપાતાં હોય તો તે પણ વિગતે નોંધવું. જો તેને તેમ કરતાં કોઈ મદદરૂપ થઈ શકતું હોય તો તે નોંધવું. બાળક ઊંધું પડતાં શીખે તે વસ્તુને બાળકના વિકાસની કોઈ પ્રક્રિયા સાથે જો સાંકળવામાં આવતું હોય, અને અન્ય અજાણી વ્યક્તિ "બાળક હવે કેટલું મોટું થયું? હવે ઊંધું પડતું થયું છે?" એ પ્રકારનો પ્રશ્ન પૂછીને બાળકના વિકાસનો જો તાગ મેળવી શકતી હોય તો તે નોંધવું. કયા શબ્દોમાં આ વિગતોની અભિવ્યક્તિ કરવામાં આવે છે તે પણ શક્ય હોય તેટલું વિગતે નોંધવું. તે જ રીતે કોઈક વસ્તુ પકડીને બાળક જો ઊભું થતું હોય તો તે અવસ્થાને અને તે અવસ્થામાં સામાન્ય રીતે પડતી ટેવો, તેની થતી અભિવ્યક્તિ, વગેરે અંગે પણ ખૂબ જ વિગતવાર નોંધ કરવી.

આવી રીતે ઊભા થવામાં કઈ કઈ વસ્તુ સહાયભૂત થાય, ઊભા થવામાં મદદરૂપ હોય એવાં કયાં કયાં અને કેવાં કેવાં રમકડાં તેની પાસે મૂકવામાં આવે છે અને એ કક્ષાની અન્ય જે કોઈ વિગતો ઉપલબ્ધ હોય તે વિગતે નોંધવી.

## ૧૮. રમકડાં

છેક નાના બાળકથી માંડીને બાળક મોટું થાય ત્યાં સુધીનાં જુદી જુદી કક્ષા પરનાં જે જે રમકડાં હોય તે બધાં જ રમકડાં અંગેની, તેનો ઉપયોગ કઈ રીતે તે કરે છે, અથવા કેવી રીતે તેની પાસે કરાવવામાં આવે છે વગેરે બાબતો અંગે બધી જ વિગતો વિગતવાર નોંધવી.

જંગલ વિસ્તારનાં કેટલાંક ખાસ રમકડાં હોવાની પણ પૂરી શક્યતા છે. તેથી તેવાં રમકડાં અંગેની વિશેષ વિગતો પણ મેળવવી. દા.ત. તેને બનાવવાની કાચી સાધન સામગ્રી; કારીગર, પદ્ધતિ, રમકડાનું કદ, આકાર, પ્રકાર વગેરે.

રમકડાંની સાથે જો કોઈક કહેવતો કે ઉક્તિઓ પણ સંકળાયેલી હોય તો તે વિગતે નોંધવી. દા.ત. "હજી ઘૂઘરો રમતો છે." એવી જ બીજા કોઈ રમકડાની સાથેની પણ ઉક્તિઓ હોઈ શકે. સમગ્ર રમકડાં માટે પણ કોઈક ઉક્તિઓ હોઈ શકે.

બાળકને જુદા જુદા પ્રકારનાં રમકડાં કેટલી વય સુધી લાવી આપવામાં આવે તે પણ વિગતે નોંધવું એનાં રમકડાં અન્ય કોઈ બાળક પણ વાપરતું હશે. તેથી બીજું બાળક પણ સામાન્ય રીતે ક્યારે કઈ રીતે વાપરે છે તેની વિગતો પણ મેળવીને વિગતવાર નોંધવી.



આવાં રમકડાંમાં છોકરા છોકરીમાં જો કોઈ ખાસ ફેરફાર રખાતો હોય, છોકરાને જુદાં અને છોકરીને જુદાં રમકડાં અપાતાં હોય તો તે પણ વિગતે નોંધવું.

કોઈક ખાસ રમકડાં, બાળકને તેના જન્મ વખતે અથવા તે પછી અમુક નિયત પ્રસંગે કોઈ નિયત સગા દ્વારા પરંપરાગત રીતે આપવાની જો પ્રથા હોય તો તેની વિગતો પણ વિગતે મેળવવી. કોઈક ખાસ રમકડાં આપવા પાછળ પણ જો કોઈક ખાસ હેતુ હોય તો તે પણ વિગતે નોંધવો. જો આવો આશય ન હોય અને માત્ર એક નિયત વ્યવહાર જ હોય તો તે પણ વિગતે નોંધવું.

બાળક નાનું હોય ત્યારે કઈ કઈ રીતે એને રમાડવામાં આવે? કઈ કઈ રીતે એને તેડવામાં આવે? કઈ કઈ રીતે એને હસાવવામાં આવે? કઈ કઈ રીતે એને રડાવવામાં આવે? કઈ કઈ રીતે એને હિલોળવામાં આવે? વગેરે ખૂબ વિગતે નોંધવું.

બાળકને બકરાં ઘેટાં યા અન્ય પશુ સાથે કોઈ વાર રમાડવામાં આવે? તેના પર બેસાડવામાં આવે યા ન બેસાડાય તે પણ વિગતે નોંધવું. નાનાં બાળકો અને અન્ય પશુઓના આંતર સંબંધો પણ વર્ણવવા. બાળકને રમાડવા અંગે અને રમકડાં અંગે અન્ય બાકી રહી જતી વિગતો મેળવવી.

## ૧૯. બાળકનું ખસવું – ચાલવું

બાળક સામાન્ય રીતે ખસતાં કઈ રીતે અને કઈ સ્થિતિમાં કેટલી વયે શીખે એ અંગેનાં માહિતીદર્શકોનાં નિરીક્ષણો વિગતે નોંધવાં. બાળક બેઠાં બેઠાં પણ ખસતાં શીખે? બાળક બે પગ અને બે હાથ પર ઘૂંટણભેર ચાલતાં કઈ રીતે શીખે? એ રીતે ચાલવા માટે તેને પ્રેરણા કઈ રીતે આપવામાં આવે? આ બન્ને પદ્ધતિઓમાંથી જો કોઈ પદ્ધતિ વધારે સ્વાભાવિક લેખાતી હોય યા કોઈ પ્રમાણમાં વધારે સારી હોવાની જો માન્યતા હોય તો તે પણ કારણો સહિત નોંધવી.

બાળકના ચાલતાં શીખવાના, પડવા આથડવાના વિવિધ તબક્કાઓ વગેરે અંગે વિગતવાર નોંધ કરવી. બાળકના ઊભા થવામાં, ચાલવામાં સહાયક સાધનો અંગે વિગતવાર નોંધ એકત્રિત કરવી. ચાલવામાં સહાયક સાધનોની ભૂમિકા વગેરે અંગે વિગતવાર નોંધ કરવી.

## ૨૦. બાળકનું બોલતાં શીખવું

બાળક જ્યારે બોલતું થાય ત્યારે સામાન્ય રીતે પહેલો શબ્દ કયો શીખે? બાળકને બોલતાં સામાન્ય રીતે શેનાથી કરવામાં આવે? પહેલાં તેને અમુક સગાઈ સંબંધ શબ્દો બોલતાં શીખવવામાં આવે? યા બીજા કોઈ શબ્દો શીખવવામાં આવે? સગાઈ સંબંધ શબ્દાવલીમાં પણ એની શરૂઆત જો 'મા'થી થતી હોય તો તે નોંધવું. એમ શા માટે કરવામાં આવે છે તે પણ નોંધવું.

નજીકનાં સગાંસંબંધી – સગાઈસંબંધ સંબોધન – શબ્દાવલી, બાળક બહુ ઝડપથી અને સહેલાઈથી શીખે તે માટે પ્રમાણમાં સરળ રાખવામાં નથી આવતી ને?

આ સગાઈસંબંધ સંબોધન શબ્દો, અધ્યયન હેઠળના સમાજમાંનાં પુખ્ત વયનાં સભ્યોનાં ઉચ્ચારણોથી જુદા હોય તો તે નોંધવું. સામાન્ય રીતે આગળ કયા શબ્દો શીખવવામાં આવે તે પણ વિગતે નોંધવું. પાણી, ખાવાનું વગેરે ક્રિયાઓ માટેના શબ્દો જો શરૂઆતમાં શીખવવામાં આવતા હોય તો તે નોંધવું. આમાં ખાસ કોઈ ક્રમ જેવું હોય તો તે પણ નોંધવું.

બાળક જ્યારે બોલતાં શીખે ત્યારે એને કેવો આવકાર મળે? ઘરમાં એની સામાન્ય રીતે કોણ કોણ નોંધ લે? ઘરનાં સભ્યો એ વખતે થતો આનંદ કઈ રીતે વ્યક્ત કરે? વગેરે વિગતો પણ નોંધવી. "બાળક બોલતાં શીખ્યું," "પહેલો શબ્દ આ બોલ્યું," વગેરે બાબતોની આનંદમાં અન્ય કોઈકની સમક્ષ જો અભિવ્યક્તિ થતી હોય તો તે નોંધવું.

બાળકને બોલતાં શીખવવામાં જો અમુક નિયતક્રમ હોય તો તે પણ નોંધવો. સામાન્ય રીતે બાળક કેટલી વયે બોલતાં શીખે? કઈ રીતે બોલતાં શીખે? બાળકનાં માતાપિતા સામાન્ય રીતે એને બોલતાં શીખવવામાં કઈ કઈ રીતે મદદરૂપ થાય તેની વિગતો પણ મેળવવી. આ ઉપરાંત કુટુંબનાં અન્ય કોઈ સભ્યો પણ કઈ કઈ રીતે સહાયભૂત થઈ શકે તે અંગેની વિગતો પણ મેળવવી. ઢોરઢાંખર, પશુઓ, ઘર, તારા, ચાંદો, સૂર્ય વગેરે અંગેની વિગતો પણ તેને કઈ કઈ રીતે સમજાવવામાં આવે છે તે પણ વિગતે મેળવવું. પહેલાં બાળક બોલતું થાય અને પછી ચાલતું થાય કે પહેલાં ચાલતું થાય ને પછી બોલતું થાય તે પણ વિગતે નોંધવું. બાળક જ્યારે બોલતું થાય ત્યારે અમુક વસ્તુઓ તેને પ્રમાણમાં ઝડપથી યા પહેલી શીખવી દેવાનો આગ્રહ જો સામાન્ય રીતે રાખવામાં આવતો હોય તો તે પણ વિગતવાર નોંધવું. બાળકના બોલવામાં પણ શરૂઆતમાં અસ્પષ્ટ ઉચ્ચારો હોય, તે કાલું કાલું બોલતું હોય છે તો તેની સાથે કાલું કાલું બોલવામાં આવે કે તેને ધીમે ધીમે વિશુદ્ધ ઉચ્ચારો સાથે બોલતાં શીખવવામાં આવે? જુદાં જુદાં કુટુંબોમાં બંને પ્રકારની પદ્ધતિઓ મળવાની સંભાવના જોવા મળશે ખરી.

બાળક સામાન્ય રીતે ઘરમાં જે બોલચાલ થતી હોય તેમાંથી જ શરૂઆતમાં કેટલાક શબ્દો પકડે, કે એને દરેક શબ્દ યા કેટલાક શબ્દો વાસ્તવમાં શીખવવામાં આવે છે? બંને પ્રકારની શક્યતાઓ હોવાની સંભાવના છે. જો બંને પ્રકારની શક્યતાઓ જોવા મળતી હોય તો તેમાં કયા પ્રકારના શબ્દો યા વાતચીત માટે પહેલી અને કયા પ્રકાર માટે બીજી પ્રથા જોવા મળે છે તે અંગેનું જો કોઈ ખાસ વર્ગીકરણ કરી શકાય એ પ્રકારની જો શક્યતા જણાતી હોય તો તે પણ વિગતે નોંધવું.

બાળક ઘરમાંથી યા બહારથી અમુક અમુક શબ્દો પકડતું થાય તે પછી જો તેની બોલચાલમાં યા બીજા કોઈ સ્થળે કેટલાક અપશબ્દો આવે તો તેને ચલાવી લેવામાં આવે? કેટલાક અપશબ્દો ચલાવી લેવામાં આવે અને કેટલાક ન ચલાવી લેવાતા હોય તો કેવા અને કયા ચલાવી લેવાય અને કયા ન ચલાવી લેવાય તે અંગે પણ વિગતવાર નોંધવું જે શબ્દો ન ચલાવી લેવાય એવા હોય તેને માટે બાળકને કઈ રીતે વારવામાં આવે? આવું ન બોલાય એમ કહેવામાં આવે? આવું બોલ્યો છે તો માર ખાઈશ એમ કહેવામાં આવે? કે એને મેથીપાક જ પીરસવામાં આવે? જોકે બાળકને ઠપકો આપવાનો અધિકાર કદાચ ગમે તેનો હોઈ શકે, પણ તેને મારવાનો અધિકાર ઘરમાં અમુક જ વ્યક્તિઓને હોવાની સંભાવના સવિશેષ છે એટલે કોને કોને સામાન્ય રીતે આવો અધિકાર હોય છે, તેની વિગતો પૂરેપૂરી મેળવવી.



જો બાળક કોઈનું સવિશેષ અનુકરણ કરતું હોય તો તેવી વ્યક્તિને અમુક વસ્તુ બોલતાં અટકાવવામાં આવે ખરી! બાળકનું શબ્દભંડોળ વગેરે ધીમે ધીમે કઈ રીતે વધારવામાં આવે તે પણ વિગતે નોંધવું. અને શબ્દભંડોળ વધારતી વખતે તેના ઉચ્ચાર દોષ વગેરે તરફ પણ બાળકનું ધ્યાન દોરવામાં આવે કે બાળક પોતે જ વખત જતાં તેને સુધારતું થઈ જાય તે પણ વિગતે નોંધવું.

બાળકનું ઘરમાંનું અને બહારના વાતાવરણમાંનું ભાષાપર્યાવરણ જો જુદું જુદું હોય તો તેમાં તે કઈ રીતે અનુકૂલન સાધે છે અને તેની જે તે ભાષાની ગ્રહણશક્તિ પર શી શી અસર પડે છે તે અંગેની જો માહિતીદર્શકોની કોઈ માન્યતાઓ હોય તો તે વિગતે નોંધવી.

## ૨૧. ટેવો

બાળકને સામાન્ય રીતે નાનપણમાં કેટલીક ટેવો પડેલી હોય તો તે કઈ રીતે વાળવામાં આવે અથવા તેના તરફ કેવી દૃષ્ટિથી જોવામાં આવે? દા. ત.

(૧) અંગૂઠો ચૂસવાની યા આંગળી ચૂસવાની

(૨) માટી ખાવાની

(૩) ગમે તે વસ્તુને પકડવા જવાની યા આગમાં હાથ નાખવાની

(૪) બિલ્લી યા કૂતરાની પૂંછડી પકડવાની

(૫) ઢોરની વચ્ચે સરકી જવાની

(૬) ગમે ત્યાં ઝાડો પેશાબ કરવાની

(૭) કોઈ વસ્તુ પકડીને તોડી ફોડી નાખવાની.

આ ઉપરાંત માહિતીદર્શકો દર્શાવે તેવી અન્ય કોઈ ટેવો વિગતે નોંધવી.

આવી ટેવો તરફનું માબાપનું સામાન્ય વલણ દરેક ટેવ દીઠ નોંધવું. આમાંથી છોડાવવા માટે યોજવામાં આવતા પ્રથમ ઉપાય નોંધવા. આ ઉપાય જો અસરકારક ન નીવડે તો આગળનું જે કંઈ પગલું હોય તે પણ વિગતવાર નોંધવું.

આવી ટેવ છોડાવવા માટેનાં વિવિધ પગલાંની વિગતવાર નોંધ કર્યા પછી તેનાં વૈવિધ્ય વગેરે પણ વિગતે નોંધવાં. આ ઉપરાંત બાળકની ખાવાની, પીવાની, નાક લૂછવાની, નહાવાની, જાજરૂ પેશાબ જવાની, વગેરે આદતોમાં પણ જે જે કંઈ ફેરફાર અને વૈવિધ્ય જોવા મળતાં હોય તે વિગતવાર નોંધવાં.

બાળકને સામાન્ય રીતે ખવડાવે કોણ? માત્ર મા જ કે કુટુંબના બીજા કોઈ સભ્યો પણ ખરા? જો મા ખવડાવતી હોય તો તે કઈ રીતે ખવડાવે? પોતાની જ થાળીમાંથી? અલગ વાડકીમાં? બાળક તેની થાળીમાં એઠું કરે તો પણ ચાલે ને? બાળકનું વધેલું મા ખાઈ જાય? આ ઉપરાંત કુટુંબના સામાન્ય રીતે બીજા કયા કયા સભ્યો બાળકનું એઠું અજીઠું ખાય? તેનાં બધાં જ કુટુંબીઓ ખાય? નાનાં ભઈલાં ખાય? મોટો ભાઈ ન ખાય પણ મોટી બહેન હોય તો તે ખાઈ જતી હોય તો તે વિગતે નોંધવું. પિતા પણ ખાય ખરા? પિતા ન ખાતા હોય, પણ માત્ર માતા જ ખાતી હોય તો તે નોંધવું. પિતા સાવ નાના બાળકનું ન ખાતા હોય, પણ સહેજ બાળક મોટું થાય એટલે તેની સાથે ખાવા બેસતું હોય તો તે નોંધવું. માતા અને પુત્ર, પિતા અને પુત્ર, તેમ જ માતા અને પુત્રી તેમ જ પિતા અને પુત્રી, તેમ જ અન્ય સગાં ભાઈબહેનો વગેરે એકબીજાનું એઠું ક્યાં સુધી ખાય, અને ક્યારે ખાતાં બંધ થાય તે પણ વિગતે નોંધવું. એકબીજાના ભાણામાં ખાવું યા એઠું અજીઠું ખાવું એને માટે સમાજનાં સામાન્ય વલણ શાં છે તે પણ વિગતે નોંધવું. કોઈક બહુ નજીકના અથવા અંગત મિત્રો હોવાને લીધે એઠું અજીઠું ખાઈ શકે, યા તેવો ગાઢ સંબંધ દર્શાવવા એક જ થાળીમાં જો ખાતા હોય તો તે નોંધવું.

એકબીજાના ભાણામાંથી ખાવામાં જો રોટલા જેવી ઘનવસ્તુ સાથે ખવાતી હોય, અને દાળ, શાક યા અન્ય પ્રવાહીના દડિયા જો જુદા રાખવામાં આવતા હોય તો તે પણ વિગતે નોંધવું. મા દીકરા કે દીકરીનું એઠુંજૂઠું ખાય તેને માટે, યા ભાઈબહેનો માટે જો કોઈ આ સંદર્ભમાં ખાસ ઉક્તિઓ હોય તો તે બધી જ ખૂબ જ વિગતવાર નોંધવી. દા. ત. "એકબીજાના મોંઢામાંથી કાઢી ખાય" એટલું ભાઈ બહેન વચ્ચે વહાલ હતું. યા તેવું જ બે દોસ્તો માટે પણ વપરાય. તે જ રીતે "મા દીકરાની થાળીમાં એને આપતાં વધ્યું ઘટયું જ ખાતી" એ મતલબની એક બીજી પણ કહેવત છે. એટલે આવી કહેવતોને શક્ય હોય એટલી વિગતવાર મેળવવી.

ખાવાપીવામાં દીકરા અને દીકરી વચ્ચે જો કોઈ સ્પષ્ટ ભેદ પાડવામાં આવતો હોય તો તે પણ વિગતે નોંધવું. માતા ખાવાપીવામાં સારામાં સારી વસ્તુ પોતાના બાળકને આપવાનો આગ્રહ રાખતી હોય તો તે નોંધવું. આવો આગ્રહ સૌથી નાના બાળક માટે જો સવિશેષ રાખવામાં આવતો હોય તો તે પણ નોંધવું. બાળક માતાને પણ પોતાના ભાગમાંથી આપે યા બાળકને પોતાના ભાગમાંથી જો મા આપતી હોય તો તે નોંધવું. આ અંગેની પણ જો કંઈ કહેવતો યા ઉક્તિઓ હોય તો તે બધી જ ઉક્તિઓને પણ શક્ય હોય એટલી વિગતવાર નોંધવી.

## ૨૨. નહાવું-મસાજ

બાળકની નહાવાની પ્રક્રિયા કેટલી લાંબી ચાલે? સામાન્ય રીતે ક્યાં, કેટકેટલા સમયે કઈ કઈ રીતે, શા માટે નહાય એ અંગેની પણ પ્રાપ્ય હોય એટલી બધી જ વિગતો મેળવવી.



જો અઠવાડિયે એકાદ વાર યા દિવસમાં એકવાર જો નહાવાનું હોય અને બાળક જો ન નહાય તો તેને મા, બાપ, યા અન્ય કોણ ઠપકો આપે? વિવિધ વય દીઠ બાળકને નવડાવવાની જુદી જુદી પદ્ધતિઓ હોય તો તે અંગે વિગતવાર નોંધવું. બહુ જ નાની વયમાં અમુક અનુભવી વ્યક્તિઓ દ્વારા તેને સ્નાન કરાવવામાં આવતું હોય તો તે પણ વિગતે નોંધવું.

નાનપણમાં બાળકને કેટલા સમયે નવડાવવામાં આવે? એ વખતે બાળક રડે તો તેને કઈ રીતે છાનું રખાય? બાળકને નવડાવવાની ફરજ સામાન્ય રીતે કોને સોંપાયેલી હોય? જો બાળક ગંદું હોય, તો તેવે વખતે સામાન્ય રીતે વાંક કોનો કાઢવામાં આવે? માતાનો જ ને? એની આ કાળજી રાખવાની જવાબદારી અંગેની પણ જે કંઈ ઉક્તિ હોય તે નોંધવી.

અધ્યયન હેઠળના સમાજમાં બાળકને માલિશ કરવામાં આવે છે ખરી? જો કરવામાં આવતી હોય તો અધ્યયન હેઠળના સમાજની બાળમસાજની વિવિધ પદ્ધતિઓ, પ્રક્રિયાઓને ખૂબ જ વિગતવાર તેના જાણકાર એવા ખાસ માહિતીદર્શકો પાસેથી મેળવવી.

## ૨૩. માત-પિતા અને કુટુંબના અન્ય સભ્યોની બાળઉછેરમાં ભૂમિકા

બાળક એક વર્ષનું થાય ત્યાં સુધીમાં પિતા બાળકમાં કઈ રીતનો રસ લે? તેની તબિયત વગેરે અંગે પિતા જે કંઈ કરવાનું હોય તે કરે? તેને તેડે? તેને નવડાવવા ધોવડાવવાનું યા જાજરૂ જાય ત્યારે સાફ કરવાનું, નાક સાફ કરવાનું, લાળ સાફ કરવાનું, કપડાં બદલાવવાનું, અને આ ઉપરાંત અન્ય સંબંધિત કામોમાંથી કયાં કયાં કામ કરવામાં એ ભાગ લે? કયાં કામો માતાની ગેરહાજરીમાં કરે, તે વિગતે નોંધવું. બાળક મોટું થાય એટલે ઉપરનામાંથી કોઈ ફરજ કાયમ કે અવારનવાર જો પિતા બજાવતા હોય તો તે નોંધવું.

બાળક માતાની સાથે ક્યાં સુધી સુએ! એક વર્ષ પહેલાં બાળક કોઈ વાર પિતાની સાથે સુએ ખરું? રાત્રે ન રહે એમ બને ખરું? પિતા તેની સાથેનો પરિચય કેવી રીતે કેળવે? અન્ય કુટુંબીઓ કેવી રીતે કેળવે? અને તેઓ ઉપરની અને અન્ય સંબંધિત ફરજોમાંથી કઈ ફરજો બજાવે તે વિગતે નોંધવું.

બાળકને તેના પિતા જન્મ પછી કેટલા સમયે જોઈ શકે? કઈ રીતે? કોની કોની હાજરી કે ગેરહાજરીમાં? પહેલા વર્ષ દરમ્યાન તેને રમાડવા કરવામાં તે રસ લઈ શકે? તે પોતાના પિતાની હાજરીમાં પોતાના પુત્રને રમાડી શકે ખરો? આવું જો તે ન કરી શકતો હોય, યા બાળક અમુક વયનું થાય તે પછી જ બાળકના દાદા કે દાદીની હાજરીમાં પિતા પોતાનાં સંતાનને રમાડતો હોય તો તે નોંધવું. આવું જો વ્યવહારમાં ન જોવા મળતું હોય, પણ એ પ્રકારની અપેક્ષા જો સમાજમાં સામાન્ય રીતે રાખવામાં આવતી હોય તો તેની વિગતો પણ એકત્રિત કરવી.

બાળકના પહેલા, બીજા, ત્રીજા વર્ષમાં, ચોથા વર્ષમાં, સામાન્ય રીતે વિવિધ કામોમાં અને બાળઉછેરમાં પિતા જે ભાગ ભજવતો હોય તે વિગતે નોંધવો. બાળકના પહેલા વર્ષમાં, બીજા ત્રીજા વર્ષમાં, માતાપિતાના સામાજિક જીવનમાંની ભૂમિકા વિગતે નોંધવી. તેમના જાતીય જીવન અને એના બીજા કોઈ પણ પાસામાં જે કાંઈ અનુકૂલન કરવાં પડતાં હોય તે બધાં જ વિગતવાર નોંધવાં.

બાળકના જન્મ વખતે અથવા તે પછી એકથી ચાર વર્ષમાં જે કોઈ આવશ્યક વિધિઓ કરવામાં આવતી હોય તે અને આ બધી વિધિઓમાં પિતા-માતાની ભૂમિકા અને સાથે અન્ય સગાં સંબંધીઓની પણ જે કંઈ ભૂમિકા હોય તે નોંધવી. મા બાળકને કઈ કઈ રીતે વહાલ કરે? બાળક માને કોઈ રીતે વહાલ કરે ખરું! કઈ કઈ રીતે? તેમના પરસ્પરના પ્રતિભાવને વિગતે નોંધવા. પિતા બાળકને કઈ રીતે વહાલ કરે? વિશેષતયા નાનપણમાં. મોટપણમાં આ વહાલ કઈ રીતે કરવામાં આવે? આ વહાલ કરવાની વિવિધ પદ્ધતિઓ અને પ્રતિભાવ અંગે વિગતે નોંધવું. તેવી જ રીતે ભાઈભાંડું તેમ જ અન્ય સગાંના સંદર્ભમાં પણ આ બાબત વિગતે નોંધવી

## ૨૪. બાળકને કાબૂમાં રાખવાના વિવિધ પ્રયાસો

બાળકને સામાન્ય રીતે કઈ રીતે કાબૂમાં રાખવાનો પ્રયાસ થાય? વહાલથી, ધાકધમકીથી, મારથી, કોઈની બીક બતાવીને, કંઈક આપવાની લાલચ આપીને, અન્ય ખુશામત કરીને? જે કોઈ રીતે તેને કાબૂમાં રખાતું હોય તે નોંધવું. બાળકને જો વહાલથી કાબૂમાં રાખવું હોય, યા પોતાનું કાર્ય કરાવવું હોય તો તેવે વખતે સામાન્ય રીતે તેની સાથેનો વર્તાવ કયા પ્રકારનો રહે?

## ૨૫. બાળકને બતાવાતી વિવિધ પ્રકારની બીક

બાળકને ધાકધમકી, યા બીક મુખ્યત્વે શેની શેની બતાવવામાં આવે? આવી જે બીક બતાવવામાં આવે, તેમાં વય પ્રમાણે કોઈ ફેરફાર થાય કે કેમ, અને આ ફેરફાર મુખ્યત્વે કયા પ્રકારનો હોય? તે વિગતે નોંધવું. આવી બીક બતાવવામાં કઈ ચીજવસ્તુઓ કે વ્યક્તિઓનો સમાવેશ થાય? દા. ત. (૧) પોલીસ (૨) ડાકૂ-ચોર (૩) સરકારી અમલદારો, (૪) ભૂત-ભૂવા ડાકણ યા અન્ય જે કંઈ હોય તે દર્શાવવું.

આવી બીક ઉપર જણાવ્યાં તેવાંમાંથી જેની જેની બતાવવામાં આવે તે હકીકતે કયા કયા શબ્દોમાં બતાવવામાં આવે છે તે પણ વિગતવાર નોંધવું. દા. ત. જો બાળક રડતું હોય, તો તેને કહેવામાં આવે કે, “જો બેટા રડ નહીં, નહીં તો પોલીસ આવીને લઈ જશે.” —તે જ રીતે ભૂતની, બાવાની, અન્ય જે કંઈ બીક જે શબ્દોમાં દર્શાવવામાં આવતી હોય તેને તે જ શબ્દોમાં વિગતે નોંધવી. આવી બીકથી બાળકના મન પર શું અસર પડે? તે એનાથી બીતું થઈ જાય કે પછી બીવાનું છોડી દે તે પણ નોંધવું. આ પ્રકારની બીક બતાવીને બાળકને ભીરુ ન કરવું જોઈએ, એ પ્રકારની જો માન્યતા હોય તો તે પણ વિગતે નોંધવી.



વનવાસીઓમાં જો કોઈ બીજી વિશિષ્ટ બીકો બતાવવામાં આવતી હોય તો તે નોંધવી. દા. ત. સિંહની, વાઘની. બાળકને જે જે બીક બતાવવામાં આવે છે, તેમાં પણ જો કોઈ નિશ્ચિત ક્રમ હોય તો તે નોંધવો. દા. ત. એક પદાર્થ કે વ્યક્તિની બીક બતાવવામાં આવે તેનાથી જો બાળક ન ડરે તો બીજો તેનાથી વધારે ભયંકર ગણાતો પદાર્થ કે વ્યક્તિ અંગે વાત કરવામાં આવે. આ રીતે સામાન્ય રીતે જે ક્રમ દર્શાવવામાં આવતો હોય તે શક્ય હોય એટલો વિગતવાર નોંધવો.

આવી બીક બતાવવામાં આવે ત્યારે બાળક સામાન્ય રીતે શું કરે? એ રડતું હોય તો બંધ થઈ જાય? કોઈક તોફાન કરતું હોય તો તે કરતું બંધ થઈ જાય? માની ગોદમાં લપાઈ જાય? જો બાળક રડતું બંધ થઈ જાય તે માટે આ નુસખો અપનાવવામાં આવતો હોય તો એ અંગેની વિગતો માહિતીદર્શક પાસેથી જાણીને અચૂક નોંધવી. સામાન્ય સંજોગોમાં તો બીકમાં માણસ રડી પડે, જ્યારે બાળક રડતું શાંત કઈ રીતે અને શા માટે રહી જાય છે? તે અંગેનું માહિતીદર્શકોનું મંતવ્ય નોંધવું.

બાળક જે તે સમયે માબાપનું કહ્યું માને યા માબાપ જે તે વખતે પોતાનું કહ્યું કરાવવા ધારે છે તે માટે બાળકને બીક બતાવવામાં આવે છે કે અન્ય કોઈ કારણોસર તે વિગતે નોંધવું. આવી બીક બતાવવામાં જે જે તત્ત્વો વ્યક્તિઓ કે પદાર્થોનો સમાવેશ કરવામાં આવે છે તેમનામાં કેવા ગુણોનું આરોપણ કરવામાં આવે છે તે વિગતે નોંધવું. આવી બીક બતાવવામાં છોકરાને અમુક પ્રકારની બીક બતાવવામાં આવતી હોય અને છોકરીને અમુક જુદા પ્રકારની બતાવવામાં આવતી હોય તો તેનો પણ વિગતવાર ખ્યાલ મેળવવો. જોકે એવું બનવાની સંભાવના પ્રમાણમાં બહુ ઓછી છે. બાળકને એના પિતાની, દાદાની અથવા ઘરમાં અમુક કડપવાળી વ્યક્તિની યા ઘરની કોઈ મૃત વ્યક્તિની કોઈ વાર જો બીક બતાવવામાં આવતી હોય તો તેનો પણ વિગતવાર ખ્યાલ મેળવવો. કોઈ બીક જ ન બતાવવામાં આવતી હોય તો તે પણ વિગતે નોંધવું. અન્ય વિગતો પણ નોંધવી.

બાળક મા કે બાપને કોઈની બીક બતાવે ખરું? જો બતાવે તો કોની? એની પાછળ એનો આશય શો હોય? બાળક કોઈ વાર મા કે બાપને બીક બતાવનાર વસ્તુ વ્યક્તિની પણ વાત કરે ખરું? ક્યારે? કઈ રીતે? તે પણ વિગતે નોંધવું. આ દિશામાંનાં અન્ય જે કંઈ વલણો હોય તે વિગતે નોંધવાં.

બાળક આજ્ઞાંકિત બને એવી અપેક્ષા માબાપ રાખે ખરાં? આવી અપેક્ષા સંતોષવા માટે બાળકો સાથે માબાપો સામાન્ય રીતે કેવા પ્રકારનું વર્તન રાખે? માબાપો, બાળકો આજ્ઞાંકિત બને તેને માટે દબાણ, ધમકી, ડર, બદલો વગેરેનો ઉપયોગ કરતાં હોવાં જોઈએ. એમાં દબાણ કયા પ્રકારનું હોય? દા.ત. બાળકને અમુક જ રીતે વર્તવાની ફરજ પાડવામાં આવે? ન વર્તે તો તેને આંખો કાઢવામાં આવે? હાથ ઉગામવામાં આવે? અમુક દિશામાં જ જવા માટે આંગળી ચીંધવામાં આવે? ડરાવવામાં આવે? માર મારવામાં આવે? કોઈનો ભય બતાવવામાં આવે? બળજબરી યા

શારીરિક બળ વાપરીને તેમ કરાવવામાં આવે? ઉપરનામાંથી એક કે તેથી વધુ ઉપાયો પણ અજમાવવામાં આવતા હોય તો તે પણ શક્ય હોય એટલું વિગતવાર નોંધવું.

## ૨૬. બદલો

જો આજ્ઞાંકિતપણા માટે અમુક બદલો આપવાની જાહેરાત કરવામાં આવતી હોય તો સામાન્ય રીતે આવા બદલા કેવા હોય તે પણ વિગતવાર નોંધવું. દા. ત. જો તેમનું સંતાન આમ કરશે તો તેઓ તેને માટે અમુક વસ્તુ લાવી દેશે. યા કંઈક સારું ખાવાનું ખવડાવશે, દૂધ યા ઘી આપશે, યા અમુક કપડાં વગેરે લાવી દેશે. એમ બદલામાં મહદ્‌અંશે જે જે કંઈ અપાતું હોય તે વિગતવાર નોંધવું.

આવો બદલો વાસ્તવિક રીતે અપાય કે આપવાનું માત્ર વચન જ અપાય તે પણ નોંધવું. આ અંગે કોઈ ઉક્તિઓ હોય તો તે પણ નોંધવી. દા. ત. "શું બાળકને ફોસલાવો છો?"

કોઈક વાર વચન પળાય પણ ખરું. અને કોઈક વાર ન પણ પળાય એમ હોય તો તે નોંધવું. યા કાયમ વચન ન જ પળાતું હોય, માત્ર ફોસલાવવા ખાતર જ વચન અપાતાં હોય તો તેની પણ વિગતે નોંધ કરવી. આ રીતે માત્ર ફોસલાવવા ખાતર જ વચન અપાય તો તેની અસર બાળક પર શી પડે છે? શરૂઆતમાં તે આજ્ઞા પાળે, પણ પાછળથી ન માનતું હોય તો તે નોંધવું. અને ન માનવા માટે માબાપને જો ખાસ કોઈ કારણ અપાતું હોય તો તે પણ વિગતે નોંધવું. આવું ફોસલાવવાનું પણ કઈ કઈ રીતે થઈ શકે તે વિગતે નોંધવું. આમાંથી કેટલી બાબતોનો સ્વીકાર કરવામાં આવે છે, અને કેટલીનો નથી કરવામાં આવતો; બાળક સ્વીકાર નથી કરતું તે પણ નોંધવું. જે જે બદલા અપાય તે હેતુપૂર્વક અપાતા હોય તો મુખ્યત્વે કયા હેતુઓને લક્ષમાં રાખીને આપવામાં આવે છે તે વિગતે નોંધવું. આવા બદલા બેએક ભાગમાં વહેંચી શકાય.

દા. ત. કોઈક ભૌતિક ચીજવસ્તુ બદલામાં આપવી.

બિનભૌતિક જેમાં વખાણ, શાબાશી, હર્ષ થવો, બાળકની કિંમત આંકવી, લાડ મળે, સામી વ્યક્તિને સંતોષ અને આનંદ આપવો, વગેરે બાબતોનો સમાવેશ કરવો. આવો વખાણથી કે શબ્દોથી જે બદલો અપાય તેમાં મુખ્યત્વે કયા શબ્દોમાં અને કઈ કઈ રીતે તે વ્યક્ત થાય છે તે નોંધવું. આવું જ શાબાશીનું, મનમાં થતા હર્ષ કે સંતોષ અંગેનું, પણ ખૂબ જ વિગતવાર નોંધવું.

કોઈક વખત બાળક પોતે પણ સામેથી બદલો મેળવવાની અપેક્ષાએ જ મા બાપને યા ઘરજનોને સારું લાગતું કામ કરે છે, તો તે અંગેની વિગતો વિગતવાર મેળવવી.

## ૨૭. બાળહઠ

બાળક સામાન્ય રીતે હઠ કેવા કેવા પ્રકારની કરે? કોઈ વસ્તુ ખાવા માટે, કોઈક વસ્તુ લઈ આવવા માટે, અમુક કપડાં કે રમકડાં માટે, કંઈક જોવા માટે, મેળે



જવા માટે, શાળાએ ન જવા–જવા માટે, કોઈકની સાથે બહાર જવા માટે, અન્ય કોઈ કામ માટે.

જ્યારે બાળક હઠ કરે ત્યારે એની સાથે કેવી રીતે કામ લેવામાં આવે છે? માતા કેવી રીતે કામ લે? પિતા કેવી રીતે લે? કુટુંબના અન્ય સભ્યો કેવી રીતે લે? માતા યા પિતા જ્યારે બહાર જવાનાં હોય ત્યારે જો સંતાઈને જાય, ખબર ન પડે તેમ જતાં હોય તો તે નોંધવું. પિતા જ્યારે બહાર જતા હોય ત્યારે સંતાન ખાસ હઠ ન કરતું હોય પણ માતા જતી હોય ત્યારે અચૂક હઠ કરતું હોય તો તે અને એમ શા માટે થાય છે એ અંગે માહિતીદર્શકના પોતાના જે સ્પષ્ટ અભિપ્રાય હોય તે વિગતે નોંધવા. આવે વખતે તેને સમજાવી પટાવીને શાંત કરવામાં આવે? તેને કંઈક લાવવાનું વચન આપીને સાથે ન આવવા દેવામાં આવે? યા એને કુટુંબનો અન્ય કોઈ સભ્ય બીજી રીતે વાળી લઈને જવા ન દે? યા પછી મારની બીક બતાવીને યા વાસ્તવમાં મારીને સાથે ન જવા દેવામાં આવે તે વિગતે નોંધવું.

તે જ રીતે જ્યારે બાળક માતા સમક્ષ હઠ કરે ત્યારે એને "તારા પિતાને કહી દઈશ" એમ કરીને બાળકને ચૂપ કરી દેવામાં આવે? જેટલી માતાની સમક્ષ બાળક હઠ કરી શકે, એટલી જ પિતાની સમક્ષ પણ કરી શકે કે કેમ તે અંગે વિગતે નોંધવું. જો પિતાની સમક્ષ તેવા પ્રકારની હઠ તે કરી શકતું હોય તો બધા જ કિસ્સામાં હોય છે કે કેમ તે નોંધવું. જે હઠ બાળક પિતા સમક્ષ કરી શકે તે માતા સમક્ષ ન કરી શકે એવું કોઈ કિસ્સામાં બને છે ખરું? જો એવું બનતું હોય તો ક્યારે? અને ખાસ કરીને કયા સંજોગોમાં? તે અંગે વિગતે નોંધવું. બાળકની હઠ અંગેની જો ખાસ કોઈ ઉક્તિઓ હોય તો તે નોંધવી. દા. ત. બાળહઠ, સ્ત્રીહઠ અને રાજહઠ; એને કોઈ ન પહોંચે.

આ ઉપરાંત બીજા કોઈ પ્રકારની પણ આવી ઉક્તિઓ હોય યા બાળક હઠ કરે ત્યારે તેની સાથે કેમ વર્તવું તે અંગેની ઉક્તિઓ હોય તો તે નોંધવી. તે જ રીતે હઠ વખતે સામાન્ય રીતે બાળક કેવી રીતે વર્તે તે નોંધવું. રડે? રિસાય? પગ પછાડે? હાથ પછાડે? ઠોકે? બહાર ભાગે? ઘરમાં ખૂણે બેસે? ખાવાનું ફેંકી દે? બળદ યા ગાય ભેંસ બકરાં વગેરેને મારે? યા બીજું શું શું કરે એ અંગેની બધી જ વિગતો પરંપરાગત વાતાવરણના સંદર્ભમાં વિગતવાર મેળવવી. એવે વખતે માબાપ એને જો ધમકી આપતાં હોય યા લાફો યા લાકડી લગાવી દેતાં હોય, યા અમુક તમુકને કહી દઈશ એમ કહેતાં હોય, યા સમજાવટ કરતાં હોય, તો તે બધી જ વિગતો નોંધવી.

આવી સમજાવટ વખતે જો પિતામાતા બંને સાથે ભાગ ભજવતાં હોય યા પિતા કે માતામાંથી ગમે તે એક પતાવટ કરવાનું મુખ્ય કામ કરતું હોય, અને બીજું સહાયક બનતું હોય, તો તે નોંધવું. આવા વખતે સામાન્ય રીતે કુટુંબના અન્ય સભ્યો પણ જે તે વલણ બાળકની માગણી પ્રત્યે સામાન્ય રીતે લેતાં હોય, તે પણ વિગતવાર નોંધવું. આવા વાસ્તવિક કિસ્સા જો મળી શકે તો તે પણ વિગતે નોંધવા.

## ૨૮. બાળકની ભૂલ યા ગુના અંગેના ખ્યાલો

બાળક શું શું કરે તો તેણે ગુનો કર્યો છે એમ ગણાય? કઈ બાબતોને ગુનો ગણવામાં આવે અને કઈ કઈ બાબતોને ન ગણવામાં આવે તે અંગેના માહિતીદર્શકના પોતાના સ્પષ્ટ અભિપ્રાયો ખૂબ જ વિગતે નોંધવા. દા.ત.

(અ) મોટું કે નાનું બાળક મોટા છોકરાને કે બીજા કોઈને મારે, મારવામાં પણ હાથથી મારે, થપાટ મારે, ધક્કો મારે, લાકડીથી જોરથી કે ધીમેથી મારે, યા બીજું કંઈ મારે.

(બ) કોઈ વસ્તુ ઘરમાંથી ચોરીને ખાઈ જાય, યા બીજેથી ચોરીને ખાઈ જાય, યા બીજેથી ચોરીને લાવે. બીજેથી ચોરીને લાવેલી વસ્તુ, સાધારણ ખાવાનું હોય તો ગુનો ગણાય? કોઈક રોજબરોજના વપરાશની ચીજવસ્તુ હોય તો? કોઈક કીમતી વસ્તુ હોય તો? યા કોઈક માલ — ઘેટું બકરું કે અન્ય કોઈ પ્રાણી હોય તો? જો દરેક વખતે જુદા જુદા પ્રતિભાવ જોવા મળતા હોય તો તે પણ નોંધવું.

(ક) બાળકને કંઈક કરવાનું કહેવામાં આવ્યું હોય અને તે જો ન કરે તો? અથવા તો તે કરવાનું જો તે ભૂલી જાય તો? આવું કામ જો બહુ અગત્યનું હોય અને તે છતાં બાળકે ન કર્યું હોય, ન કરી શકયું હોય, યા ભૂલી ગયું હોય તો? અથવા તો જે કામ કરવાનું તેને કહેવામાં આવ્યું હોય, તે કામ બાળક જેટલું સારી રીતે કરવું જોઈએ, એટલી સારી રીતે કરી શકયું ન હોય તો? એમાં જો કોઈક ક્ષતિ રહી ગઈ હોય તો?

બાળકને સોંપાતાં કામ : સામાન્ય રીતે બાળકને શું શું કામ કરવાનું સોંપવામાં આવે તે પણ શકય હોય એટલું વિગતવાર નોંધવું. કયા પ્રકારનાં કામ સોંપવામાં આવે, અને બાળક તે કઈ રીતે પાર પાડે એવી અપેક્ષા તેની પાસે છે તે પણ શકય એટલું વિગતવાર નોંધવું અમુક પ્રકારનાં કામો બાળકને ન જ સોંપાતાં હોય યા તો અમુક પ્રકારનાં કામો બાળકોને જ જો ખાસ સોંપાતાં હોય તો તે પણ વિગતવાર નોંધવું. દા. ત. નાના બાળકને હિલોળવું, તેનું ધ્યાન રાખવાનું, યા અમુક ગાયો યા બકરાં ઘર નજીક હોય ત્યારે તેનું ધ્યાન રાખવાનું, નાના ભાંડુને ખવડાવવાનું, રમાડવાનું, એનો ખ્યાલ રાખવાનું, એને જે જોઈએ તે આપવાનું, ઢોરને પાણી પાવાનું, અમુક વાત અમુક આવે ત્યારે કહેવાનું, કોઈની નાની વસ્તુ લાવવા કરવાનું, વગેરે કામો તેને સોંપાવાની શકયતા હોઈ શકે. પણ બાળકને અધ્યયન હેઠળના સમાજમાં કયાં કયાં કામો સોંપાઈ શકે તે અંગે શકય હોય એટલું વિગતવાર નોંધવું.

આમાં જુદી જુદી વયનાં બાળકોને જુદાં જુદાં કામ સોંપવાની શકયતા છે. છેક નાના બાળકને કદાચ કોઈ કામ ન સોંપાતું હોય, યા ત્રણથી ચારેક વર્ષના બાળકને નાના ભાંડુને હસાવવા રમાડવાનું કામ જ સોંપાતું હોય, તેનાથી મોટા બાળકની ફરજોમાં આવાં કામ ઉપરાંત બીજાં કેટલાંક કામનો વધારો પણ થતો હોય. એટલે આવો જે કંઈ વધારો થાય તે વધારો પણ શકય એટલો વિગતવાર નોંધવો.



પાંચથી સાત વર્ષનું બાળક કામ કરે એવી સામાન્ય રીતે ઘરમાં અપેક્ષા રાખવામાં આવતી હશે. તેથી કેટલેક અંશે જુદા પ્રકારની ખાસ અપેક્ષા તેનાથી મોટાં બાળકો માટે રાખવામાં આવતી હશે. તેમનું કાર્યક્ષેત્ર ઘરની બહાર અને જો તે પશુપાલક સમાજ હોય તો ઢોરો વગેરે સાચવવામાં યા તેમને માટે પાલો વગેરે લાવવા કરવા સુધી પહોંચતું હશે તેથી તેની વિગતો પણ શકય હોય એટલી વિગતવાર નોંધવી. આવે વખતે જાતિવાર ભેદ પણ જોવા મળતા હશે; તેથી તેનો પણ વિગતે ઉલ્લેખ કરવો. દા. ત. સાતેક વર્ષ પછી છોકરી હોય તો તેણે ઘરકામમાં મદદ કરવી જોઈએ એવી અપેક્ષા રાખવામાં આવતી હશે. અને તેને તેવા પ્રકારનાં કામો સોંપવામાં આવતાં હશે. તેથી ઊલટું છોકરાને ગોવાળ થવાનું, યા તેમાં મદદ કરવાનું કદાચ સોંપવામાં આવતું હોય એટલે તેમને શું કામ કઈ રીતે સોંપવામાં આવે છે તે અંગેની વિગતો પણ શકય હોય એટલી વિગતવાર મેળવવી.

આવાં જુદી જુદી વયનાં બાળકોને શું શું કામ કઈ વયે સોંપવામાં આવે છે અને અમુક વય પછી કયાં કામ સોંપવામાં નથી આવતાં અને શા માટે અથવા કયા ખ્યાલથી સોંપવામાં નથી આવતાં? દા. ત. બીજું તેનાથી નાનું બાળક તે કામ કરતું થયું છે માટે નથી સોંપાતું યા હવે બાળક મોટું થયું હોવાથી તેનાથી આ કામ નહીં થઈ શકે યા તેની પ્રતિભાને અનુરૂપ નથી એવા ખ્યાલથી નથી સોંપવામાં આવતું યા બીજાં કોઈક કારણો પણ તેને કામ ન સોંપવાની પાછળ ભાગ ભજવતાં હોય. બાળકને રસ યા રુચિ ન હોય, તે કામ યોગ્ય રીતે કરતું ન હોય, બીજા કોઈક કામોમાં વ્યસ્ત હોય. આ ઉપરાંત પણ બીજાં કેટલાંક કારણો પણ આની પાછળ કદાચ ભાગ ભજવતાં હોઈ શકે. આવાં જે જે કારણો જણાય તે બધાં જ નોંધવાં. એકી સાથે એકથી વિશેષ કારણો પણ ભાગ ભજવતાં હોઈ શકે. કેટલીક વખત અમુક કામ સામાન્ય સંજોગોમાં ન સોંપવામાં આવે પણ અમુક વિશિષ્ટ સંજોગોમાં તે જ કામ જો તેને સોંપવામાં આવતું હોય તો તેનો પણ વિગતે ઉલ્લેખ કરવો. દા. ત. નાના બાળકને રમાડવાનું કામ અમુક સંજોગોમાં તેનાથી સહેજ મોટું બાળક હોય તેને જ સોંપવામાં આવતું હોય પણ વચલું બાળક ન હોય યા માંદુ હોય તે વખતે સૌથી મોટા બાળકને પણ તે સોંપવામાં આવે. સામાન્ય સંજોગોમાં બાળકને જે કામ સોંપવામાં ન આવતું હોય તે કામ અમુક ખાસ સંજોગોમાં જ્યારે સોંપવામાં આવે ત્યારે બાળક તે કામ સરળતાથી કરે છે કે આનાકાનીથી કરે છે? અલબત્ત તે કેટલેક અંશે વ્યક્તિ પર આધારિત છે. તે છતાં તે કઈ રીતે કરે છે તે વિગતે નોંધવું.

બાળકને સોંપવામાં આવતાં કામ અંગે અને તેનાથી બાળક દ્વારા અપાતા પ્રતિભાવ અંગે તેમ જ તે કરવા ન કરવાથી મા બાપ પર પડતા પ્રત્યાઘાતો અંગે તેમ જ આ અંગેનું જે કોઈ પાસું બાકી રહી જતું હોય તે બધા અંગે શકય હોય એટલી વિગતે અન્ય બાબતો મેળવવી.

(इ) અધ્યયન હેઠળનો સમાજ જો પશુપાલક હોય અને તેમાં અમુક પ્રકારની ઢોર સાચવણી એ પરંપરાગત રીતે બાળકની ફરજ લેખાતી હોય અને બાળક જો ઢોરને ન સાચવે તો તે ગુનો ગણાય? તે રીતે જો બાળક (ખાસ કરીને છોકરી) જો કોઈક ઘરકામ સોંપાયેલું હોય તે યોગ્ય રીતે ન કરે તો?

(ई) સમાજમાં જે પ્રચલિત માન્યતાઓ હોય તે પ્રમાણેનું બાળકનું વર્તન જો ન હોય તો? દા. ત. બાળક જૂઠું બોલે તો? તેને જૂઠું બોલવા માટે રોકવામાં આવે? તે જ રીતે બાળક કોઈક પ્રાણીને મારે તો? મારી નાખે તો?

(उ) બાળક વધારે કૂદાકૂદ કરે તો? એના શરીરને હાનિ થાય, ઈજા થાય એ પ્રકારનું જો તે કોઈ વર્તન કરે તો? યા બીજા કોઈને ઈજા કે હાનિ કરે તો? મારામારી કરે તો?

(ऊ) **અપશબ્દો :** બાળક કોઈની સાથે અપશબ્દો બોલે તો? યા ખાલી અપશબ્દ પણ અણસમજમાં બોલે તો? અમુક અપશબ્દો બોલે તે ચલાવી લેવામાં આવતા હોય અને અમુક ન ચલાવી લેવામાં આવતા હોય તો તે વિગતે નોંધવું. આ અમુક અપશબ્દો ચલાવી લેવામાં આવતા હોય, બાળક બોલે તેને હસી કાઢવામાં આવતું હોય તો તે કયા કયા છે તે નોંધવા. અને કયા અપશબ્દો ન જ ચલાવી લેવામાં આવે તે પણ વિગતે નોંધવું. જે ચલાવી લેવામાં નથી જ આવતા તેને કયા કારણસર ચલાવી લેવામાં નથી આવતા તેને માટે શું સમજૂતી આપવામાં આવે છે તે વિગતવાર નોંધવું. આવી સમજૂતી બાળકને કઈ રીતે આપવામાં આવે છે અને બાળક આવા અપશબ્દો બોલે ત્યારે તેને કઈ રીતે વઢવામાં આવે છે તે પણ વિગતવાર નોંધવું.

તે જ રીતે અમુક વ્યક્તિ — સગાં અપશબ્દો બોલે તો તે ચલાવી લેવામાં આવતું હોય પણ અમુક વ્યક્તિ — સગાં બોલે તો તે ન ચલાવી લેવામાં આવતું હોય તો તેમાં કઈ કઈ વ્યક્તિ — સગાં માટે ચલાવી લેવાય છે અને કોને માટે ચલાવી લેવામાં નથી આવતું તે પણ શક્ય હોય એટલું વિગતવાર નોંધવું. સગાઈ સંબંધના અભ્યાસની દૃષ્ટિએ આ મુદ્દો મહત્ત્વનો છે. અમુક અમુક સગાં અંદર અંદર અમુક અપશબ્દોથી જ વાત કરે અને અમુક સગાં તેમ ન કરી શકે તેવી સમાજમાન્ય પ્રથા હોય તો તે વિગતે નોંધવી. આવાં સગાંઓનો અધ્યયન હેઠળના સમાજમાં જો કોઈ પ્રકાર પાડવામાં આવતો હોય તોપણ વિગતે નોંધવો.

અપશબ્દોનું એમના સમાજમાં શું સ્થાન છે, એ અંગેની વિગતો પણ વિગતવાર મેળવવી. આવા અપશબ્દ કોઈ વાર પશુને પણ બોલાય ખરા? જો પશુને બોલાતા હોય તો અમુક સંજોગોમાં બોલાય અને અમુક સંજોગોમાં યા અમુકને ન બોલાય એમ હોય તો તે નોંધવું. જો ન જ બોલાતા હોય છતાં પણ જો કોઈ બોલે તો તે બોલનાર વ્યક્તિને જો રોકવામાં આવતી હોય તો તે બાબતો પણ વિગતવાર નોંધવી. મોટેરા ભલે અપશબ્દો બોલે પણ બાળકથી ન જ બોલાય તે પ્રકારની માન્યતા જો સામાન્ય રીતે અધ્યયન હેઠળના સમાજમાં પ્રચલિત હોય તો તે પણ નોંધવી. જો સામાન્ય રીતે બાળક



અમુક અપશબ્દ બોલે તો વાંધો લેવામાં ન આવતો હોય પણ અમુક વ્યક્તિની હાજરીમાં જો તે બોલે તો તેવે વખતે તે ગુનો ગણાતો હોય યા તેને રોકવામાં કે ટોકવામાં આવતું હોય તો તે કોની હાજરીમાં બોલે તો તેમ કરવામાં આવે તે વિગતે નોંધવું. જો બાળક અમુક વ્યક્તિને બોલે તો તેને મારવામાં આવતું હોય તો તે પણ નોંધવું.

બાળકો અંદરોઅંદર ઝઘડતાં હોય અને તેવે વખતે જો તે બોલે તો તે ચલાવી લેવામાં આવતું હોય તો તે વિગતે નોંધવું. જો આવાં અંદરોઅંદર ઝઘડતાં બાળકો સગાં ભાઈ ભાંડુઓ હોય અને તેવે વખતે પરસ્પરની મા-બહેન સામે અપશબ્દો બોલતાં હોય, અને તેવે વખતે તેમને બરાબર ઠપકારવામાં આવતાં હોય તો તે પણ વિગતે નોંધવું. જો આવાં બાળકો સગાં ભાઈબહેન ન હોય તો તે ચલાવી લેવામાં આવતું હોય તો તે નોંધવું.

બાળકની હાજરીમાં વડીલોથી અપશબ્દ બોલાય? જો બોલાતો હોય તો પણ અમુકથી જ જો બોલાતો હોય તો તે વિગતે નોંધવું. ગમે તે કક્ષાનો અપશબ્દ બોલી શકાતો હોય તો તે પણ વિગતે નોંધવું. બાળકો અને અપશબ્દો અંગેની બાકી રહેલી હોય તે વિગતો મેળવવી.

(ए) **પરંપરાગત વ્યવસાયવિષયક ભૂલો :** વિવિધ પ્રકારના પરંપરાગત વ્યવસાયવાળા સમાજોમાં બાળકની વિવિધ ભૂલો વગેરેને વિગતે નોંધવી. દા. ત. અધ્યયન હેઠળનો સમાજ જો પશુપાલક હોય અને બાળક ઢોરને મારે તો? બાળક ગાય, ભેંસ, બકરી કે ઘેટાં પર બેસે તો? આવું કરતાં તેને રોકવા – ટોકવામાં આવતું હોય તો કયા કારણથી કયા ખ્યાલથી તેમ કરવામાં આવે છે તે વિગતે નોંધવું. દા. ત. જો બાળક ઘેટા પર બેસે તો ઘેટું આટલો ભાર સહન ન કરી શકે એમ હોવાથી બેવડું વળી જાય એવો ખ્યાલ હોવાથી કે 'માલ' પવિત્ર ગણાતો હોવાથી તેના પર ન બેસાય એવા ખ્યાલથી તેમ કરવામાં આવે છે તે વિગતે નોંધવું. જો બેસવાનું અમુક પ્રાણીઓની બાબતમાં ચલાવી લેવામાં આવતું હોય અને અમુક પ્રાણીઓની બાબતમાં જો તે ચલાવી લેવામાં ન આવતું હોય તો તે વિગતે નોંધવું. એની પાછળનાં કારણો પણ વિગતવાર નોંધવાં. આ ઉપરાંત પ્રાણીઓની સાચવણીની બાબતમાં બાળકો દ્વારા અન્ય કોઈ ભૂલો જો થતી મનાતી હોય તો તે ભૂલો અંગેની વિગતવાર માહિતી મેળવવી.

(ऐ) **ઇતર ભૂલો :** આ ઉપરાંત બાળકની અન્ય કોઈ ભૂલો જો હોય તો તે પણ વિગતે નોંધવી. દા. ત. તોફાન કરવું એ પણ બાળકની ભૂલ ગણાય.

બાળ તોફાન : તોફાન કેટકેટલા પ્રકારનાં હોય? કયા કયા પ્રકારનાં તોફાન સામાન્ય રીતે છોકરાંઓ કરતાં હોય છે, અને તોફાન કરે તે પણ ભૂલની ઉપલી કક્ષાઓમાં સામાન્ય રીતે મૂકવામાં આવે કે કેમ તે અંગેની માહિતી શક્ય હોય એટલી વિગતવાર મેળવવી.

'કોઈક છોકરું તોફાની છે' એમ જો કહેવામાં આવે તો સામાન્ય રીતે કયાં કયાં લક્ષણોને ખ્યાલમાં રાખીને કહેવામાં આવે છે? અને કઈ રીતે તેને તોફાન કરતું અટકાવવામાં આવે છે, યા તોફાન બંધ કરવા માટે તેને શું શું કરવામાં આવે છે તે અંગેની માહિતી શકય હોય તેટલી વિગતવાર મેળવવી. તે રીતે કોઈક તોફાની બાળકને સામાન્ય રીતે કયાં કયાં વિશેષણોથી નવાજવામાં આવે છે તે પણ નોંધવું. બાળકના આવા દુર્ગુણો માટે માબાપને કેટલે અંશે અને કઈ રીતે જવાબદાર ગણવામાં આવે છે? કુટુંબનાં અન્ય કોઈ સભ્યોને પણ તે માટે જવાબદાર લેખવામાં આવે છે ખરાં? તે વિગતે નોંધવું. જો માબાપને જવાબદાર ગણવામાં આવતાં હોય તો તે કઈ રીતે? કેવા શબ્દોમાં આ ભાવ વ્યક્ત થાય છે તે વિગતે નોંધવું. તોફાની બાળક માટે, તેનાં માબાપ કે કુટુંબીઓ માટે અને બાળકનાં તોફાનો અંગેના અભિપ્રાયો અંગે જે કંઈ માહિતી મળતી હોય તે શકય હોય તેટલી વિગતે નોંધવી.

તોફાનીપણાનો ખ્યાલ દરેક સમાજમાં કેટલેક અંશે ભિન્ન ભિન્ન હોવાથી કેટલીક બાબતોને એક સમાજ સામાન્ય બાબત લેખતો હોય તેને અન્યત્ર વધુ ગંભીરતાથી લેવામાં આવતી હોય યા તેથી ઊલટી સ્થિતિ પણ હોવાની સંભાવના ખરી. એટલે આ અંગે વિગતે માહિતી મેળવવી.

સમવયસ્કને મારવું તે તોફાન લેખાય છે? હવે આવી મારામારી જો ગંભીર હોય તો શું થાય? કદાચ આ ઝઘડો બે ગોત્ર કે કુળના ઝઘડા સુધી પણ જાય. એટલે આમાં શું થાય છે તે વિગતે નોંધવું. આમાં કોઈ જો વાસ્તવિક ઉદાહરણો મળે તો તે પણ વિગતવાર નોંધવાં.

આસપાસનાં અને આડોશી પાડોશી બાળકો વચ્ચે સામાન્ય રીતે કઈ કઈ બાબતો માટે કેવાં તોફાન માટે ઝઘડા થાય? સામાન્ય રીતે આવાં તોફાનને લીધે ઊભા થતા ઝઘડાઓ કઈ રીતે નિવારી શકાય તે નોંધવું. બાળકોનાં તોફાન, ઝઘડા અને મોટાઓના પરસ્પરના અંદર અંદરના વ્યવહારોની સાથે સંબંધિત જો કોઈ કહેવતો ઉક્તિઓ હોય તો તે પણ વિગતવાર મેળવવી. જુદા જુદા વયજૂથમાં બાળક જુદાં જુદાં કયા કયા પ્રકારનાં તોફાનો કરે છે, અને એ તોફાનો અંગે તેની સાથે કઈ રીતે કામ લેવામાં આવે છે, તે અંગે વિગતે માહિતી એકત્રિત કરવી. એક વયજૂથમાં બાળક હોય ત્યારે તેના એક તોફાન તરફ અન્યનું ધ્યાન ખેંચાતું ન હોય અને અન્ય સંજોગોમાં જો ખેંચાતું હોય તો તે વિગતો પણ મેળવવી. તે રીતે છોકરાઓ અને છોકરીઓનાં તોફાન પણ જો અમુક રીતે અલગ પાડવામાં આવતાં હોય; એક તોફાન જો છોકરો કરે તો તેને ચલાવી લેવામાં આવે જ્યારે છોકરી કરે તો તેને ગંભીરતાથી લેવામાં આવતું હોય તો તે વિગતો પણ મેળવવી.

**બાળ સુઘડતા :** બાળકની સુઘડતા અંગેના અધ્યયન હેઠળના સમાજના ખ્યાલો નોંધવા. કોઈ બાળક નિર્યમિત ન હોય, ગંદું રહે, યા કપડાં ન ધુએ તો તેને પણ ગુનો ગણાય?



આને માટે પણ સામાન્ય રીતે કોને ઠપકો આપવામાં આવે? કોણ ઠપકો આપે? કુટુંબમાં ત્રીજી પેઢીનો સૌથી મોટો વડીલ હોય તે બાળકના માબાપને આ અંગે જો કહેતો હોય યા અન્ય લોકો તેનાં માબાપને કહેતાં હોય યા કોઈની આગળ પરોક્ષ રીતે બાળક ગંદું હોવા બદલ બાળકના માબાપનો જો વાંક કાઢતાં હોય તો તે વિગતો પણ મેળવવી. બાળક લઘરવઘર હોય તે બદલ માબાપને દોષિત ઠરાવતી કોઈક કહેવત કે ઉક્તિઓ જો હોય તો તે ઉક્તિઓને પણ શકય હોય એટલી વિગતે નોંધવી.

આ ઉપરાંત પણ બાળકથી જો અન્ય ગુનાઓ થતા હોય તો તે બધા જ ગુનાઓ અને તેની સાથે સંબંધિત સર્વ વિગતો શકય હોય એટલી વિગતવાર મેળવવી.

## ૨૯. બાળકોને થતી શિક્ષા

બાળકને કઈ કઈ શિક્ષા કરવામાં આવે? ક્યારે કરવામાં આવે? કોણ કરે? કયાં સગાં? એ બધું જ વિગતે નોંધવું. બાળકને શું શું શિક્ષા કરવામાં આવે? દા. ત. ૧. એની સામે કડક નજરથી જોવામાં આવે. ૨. કોઈક કામ માટે અણગમો બતાવવામાં આવે. ૩. કોઈક ભય બતાવવામાં આવે. ૪. કોઈક કામ માટે ઠપકો આપવામાં આવે. ૫. એને મારવામાં આવે. ૬. અન્ય શિક્ષા કરવામાં આવે.

આ બધી શિક્ષાઓમાં સામાન્ય રીતે કઈ કઈ શિક્ષા ખાસ કરીને કયા કયા સમયે, કોણ કોણ કેવી રીતે કયા કયા સંજોગોમાં શેનાથી કરે છે.

જો કોઈક કામ કરવાને લીધે કે ન કરવા બદલ યા બેદરકારી માટે બાળકને ઠપકો આપવાનો હોય તો આ ઠપકો કોણ અને કઈ રીતે આપે તે વિગતે નોંધવું. જુદી જુદી ભૂલ માટે અપાતા ઠપકાની વિગતો નોંધવી. દા. ત. આવા ઠપકામાં અધ્યયન હેઠળના એક સમાજમાં "અત્યારે તો તું આમ કરે છે તો મોટો થઈને કોણ જાણે શુંનું શું કરીશ, ભૂખે મરીશ, બટકું રોટલોય તને નહીં મળે. લોકોના ખત્તા ખાઈશ. તારો કોઈ ભાવેય નહીં પૂછે. આવો ને આવો રહીશ તો કોઈ બાપ તને સીધો કરી નાખશે—તારી આવી દાનત બદલ", વગેરે વગેરે ભાવિ માટે કહેવામાં આવતું હતું. તો વર્તમાન માટે પણ "આવું ન કરવાનું મેં તને કેટલો વખત કહ્યું તોય સુધ્ધર તને સમજાતું નથી. કાકીએ તને પીટી નાખ્યો હોત તો? હાવ નપાવટ" વગેરે વગેરે કહેવામાં આવતું હોવાનું નોંધાયેલું છે.

પછી ત્યાંથી આગળ વધીને એને થોડીક 'ઠપકોક્તિઓ' પણ સંભળાવી દેવામાં આવતી હશે. આવી 'શ્રુતિઓ' સામાન્ય રીતે કેવી હોય છે તે નોંધવી. દા. ત. અધ્યયન હેઠળના એક સમાજની શ્રુતિઓ લગભગ આવી છે. (અહીં ઠપકોક્તિઓ એટલે ગુસ્સામાં છોકરાંઓને વઢવા માટે નજીકનાં સગાં મુખ્યત્વે મા યા અન્ય નિકટનાં સગાં દ્વારા પોતાનાં કે અન્યનાં છોકરાં માટે બોલાતા શબ્દો) (૧) નખ્ખોદિયો (૨) કાળા મોઢાવાળો (૩) રોગ (૪) તારી આઈનાપહાયા (તારી માતાનો પતિ) (૫) હાંડજાજો–ધણી (૬) માટી – ધણી (૭) પ્હાઓ – ધણી. આમાંની કેટલીક ઠપકોક્તિઓ કેટલીક વાર મજાકમાં તો કોઈક વાર ગુસ્સામાં તો કોઈક વાર હસતાં હસતાં યા વેદનામાં અન્ય કોઈ વ્યક્તિ માટે, વરસાદ

માટે, યા કુદરતી તત્ત્વો માટે પણ વપરાય છે. દા. ત. વરસાદ આવ્યો જ ન હોય અને એના પછી જો ધોધમાર હેલી વરસાવે તો, "કાળા મોઢાવાળો, પહેલાં આવતો જ ન હતો ને એમ કરીને અમને રિબાવ્યાં ને હવે નદીયું ભરીને આવીને અમને સતાવે છે. નખ્ખોદિયા" આ પ્રકારના શબ્દોમાં તેને માટેનો ધિક્કાર વ્યક્ત કરવામાં આવે. તેનાથી ઊલટું બીજાં કેટલાંક વિશેષણો પણ તેને આપવામાં આવે. એટલે આ પ્રકારનો ધિક્કાર આવાં કે બીજાં કાંઈક વિશેષણોમાં બીજા સમાજોમાં પણ વ્યક્ત કરવામાં આવતો હશે. એટલે એને પણ વિગતવાર નોંધવો. આવો ધિક્કાર વ્યક્ત કરવામાં પણ અમુક સગાં તે વ્યક્ત કરી શકતાં હશે. અન્ય કદાચ ગુસ્સાથી તેમ નહીં પણ કહી શકતાં હોય યા કહે તો ખોટું લાગે એવું પણ બનતું હશે. એટલે તે વિગતે નોંધવું. દા. ત. માતા પોતાના બાળકને નખ્ખોદિયો યા કાળા મોઢાવાળો કહે તો તે ચાલે, તેનો પિતા કહે તોપણ ચાલે. તેની દાદીમા કહે તોય કોઈક વાર ચાલે, પણ બાળકનાં કાકી યા અન્ય કોઈ સગાં જો એને એ રીતે નખ્ખોદિયો કહે તો ખોટું લાગે, પોતાના બાળકનું અશુભ ઇચ્છે છે એમ લાગે.

તે જ રીતે કોઈ વાર આવા ગુસ્સામાં પોતાને ને પોતાને જ જે અપશબ્દ લાગુ પડતો હોય તે બોલી જવાય તેમ બને છે કે કેમ તે પણ વિગતવાર નોંધવું.

**માર :** બાળકોને મારવા અંગેનું અધ્યયન હેઠળના સમાજનું પરંપરાગત તેમ જ પરિવર્તિત વલણ વિગતે નોંધવું. બાળકને એના કોઈ ગુના કે ભૂલ બદલ ક્યારે અને કઈ રીતે મારવામાં આવે? સામાન્ય રીતે ઘરમાં બાળકને મારી કોણ કોણ શકે અને વાસ્તવમાં મારે કોણ? જો જે મારી શકે તે સિવાયનો બીજો કોઈ સભ્ય મારે તો તેથી માને દુઃખ થાય? તે બોલી ન શકે પણ પતિ આગળ તે વ્યક્ત કરે? આવા માતા-પિતાથી ઉપરવટ જઈને સામાન્ય રીતે ઘરમાં કોણ કોણ મારી શકે? માતા, પિતા યા અન્ય સંબંધીઓ માંથી કોણ કોણ અને કઈ કઈ રીતે મારી શકે તે વિગતે નોંધવું.

જો સામાન્ય માર મારવાનો હોય તો તે કુટુંબનો કોઈ પણ સભ્ય મારી શકે અને જો કોઈ વિશિષ્ટ માર મારવાનો હોય તો તે કુટુંબના બધા સભ્યોમાંથી અમુક જ મારી શકે અને તે છતાં પણ વિશિષ્ટ માર વધુ પડતો જો કોઈએ માર્યો હોય તો માતપિતા તેને વઢે એ પ્રકારનું સામાન્ય રીતે જો જોવા મળતું હોય તો તે પણ વિગતે નોંધવું.

જ્યારે માતાપિતા અને અન્ય વડીલો હયાત હોય ત્યારે સામાન્ય રીતે બાળકને નિયંત્રણમાં રાખવા અંગે દાદા પૌત્રનાં માતાપિતાને અમુક સૂચના આપતા હોય તો તે વિગતે નોંધવું. સામાન્ય રીતે આવા સંજોગોમાં કયા શબ્દોમાં સૂચના આપવામાં આવે તે પણ શક્ય હોય તેટલું વિગતે નોંધવું. જે શબ્દોમાં દાદી દાદા પોતાનાં પૌત્ર, પૌત્રીઓના વર્તન અંગે પોતાનાં પુત્ર-પુત્રવધૂને વઢે, તેનો જો પુત્ર કે પુત્રવધૂ જવાબ આપતાં હોય તો તે જવાબને પણ વિગતે નોંધવો. સામાન્ય રીતે આવા સંજોગોમાં મૌન રાખવામાં



આવતું હોય તો તે પણ નોંધવું. જોકે આમાં અનેક તબક્કે વિવિધ પ્રકારનાં વૈવિધ્ય હોવાની પૂરી શક્યતા છે તે છતાં બધી વિગતો પૂરેપૂરી મેળવવા પ્રયાસ કરવો.

દાદા દાદી પોતે બાળકોને શિક્ષા ન કરતાં હોય, પણ તેમનાં પુત્ર કે પુત્રવધૂ પૌત્રને શિક્ષા કરે, યા તેનું વર્તન અમુક રીતે કેળવે તે માટે તેનાં માતા પિતા કડકાઈ રાખે એ પ્રકારની જો અપેક્ષા રાખતાં હોય તો તે નોંધવું.

કોઈ ખાસ સંજોગોમાં દાદા દાદી મારે, તેને માટે પુત્ર કે પુત્રવધૂ તેમની સાથે તકરાર કરે એ પ્રકારના કિસ્સા પણ જો જોવા મળતા હોય તો એ બધાને પણ વિગતે નોંધવા.

મારવાની છૂટ અમુકને જ હોય પણ ઠપકો તો ઘરનું ગમે તે વડીલ આપી શકે એ પ્રકારની જો વ્યવસ્થા હોય તો તેનો પણ શક્ય હોય એટલો વિગતવાર ઉલ્લેખ કરવો.

મારવામાં પણ અમુક રીતે મારવાની છૂટ તો અમુકને જ હોય તો તે પણ વિગતે નોંધવું. દા. ત. ધોલધપાટ તો કુટુંબનો ગમે તે વડીલ કરી શકે પણ જો બાળકને સોટીથી યા લાકડીથી ફટકારવાનું હોય તો તે કામ તો સામાન્ય રીતે માતા કે પિતા જ કરે એમ હોય તો તે નોંધવું. જો એમ ન થાય અને અનધિકૃત એવી કોઈ વ્યક્તિ બાળકને મારે તો તકરાર થાય કે? આવી વ્યક્તિ જે તે અટક યા ગોત્રની ન હોય તો પણ ફેર પડે? બીજા ગામની જો હોય તો, એ ઝઘડો કોઈવાર બે ગામ વચ્ચેનો પણ બની જાય એવી શક્યતા હોય છે ખરી? તે પણ વિગતે નોંધવું. અમુક વિશિષ્ટ સંજોગોમાં જો આવો ઝઘડો બે કુટુંબ વચ્ચેનો ઝઘડો પણ થઈ જતો હોય તો તે નોંધવું. અથવા બાળકને માર્યું તેથી કુટુંબના અમુક સભ્યો વચ્ચે તકરાર અને અબોલા થઈ જતા હોય તો તે નોંધવું. અને આવા અબોલા સામાન્ય રીતે ક્યાં સુધી ચાલુ રહે છે તે અંગેની વિગતો પણ મેળવવી. આવા વણસી ગયેલા સંબંધો પુનઃસ્થાપિત કરવામાં મુખ્યત્વે કઈ કઈ બાબતો ભાગ ભજવે છે તે પણ શક્ય હોય એટલું વિગતવાર નોંધવું. આ સંબંધોને પુનઃસ્થાપિત કરવામાં કૌટુંબિક સંબંધો, ગોત્રના કે ગામના સંબંધો કેટલે અંશે ભાગ ભજવે છે તે વિગતે મેળવવું.

બાળકને કઈ કઈ રીતે અને કેટલું મારવામાં આવે તે પણ વિગતે નોંધવું. દા. ત. બાળકને લાફો મારવો, ગાલ પર તમાચો મારવો, મુક્કો મારવો, ધબ્બો મારવો, ખુલ્લા હાથથી ધીબી નાખવું. ફૂલા પર ચોડી દેવી, ઊંધા હાથે ચોડવી, ઝાટકો મારીને બેસાડી દેવું, કે ઊંચકીને નીચે ફેંકવું કે ફંગોળવું, લાત મારવી, ઘૂંટણનો ઠીકો મારવો પગની પાની મારવી, કોણી મારવી, ચૂંટી ખણવી, ચૂંટલા ખણવા, બચકું ભરવું, શરીરના ગમે તે માંસલ ભાગને પકડીને ઊંચકવું કે ખેંચવું. આ બધામાંથી અને આ ઉપરાંત બીજી જે કંઈ ક્રિયાઓ કરવામાં આવતી હોય તે તેમ જ તે અંગેના બાળકના પ્રત્યાઘાત વગેરે વિગતે નોંધવા.

સોટી લઈને બાળકને ફટકારવામાં આવે? સોળ ઊઠી જાય તેમ ફટકારવામાં આવે ખરું? કોઈ વાર મારથી જ બાળકને ઝાડો પેશાબ કે પેશાબ થઈ જાય એમ બને ખરું? સોટી સામાન્ય રીતે ક્યાં મારવામાં આવે? ફૂલા પર જ કે બદન પર પણ ખરી? જો બદન પર મારવામાં આવે તો કોઈ વાર છાતી પર યા ગળા કે ગાલ પર પણ ફટકારાય? (સામાન્ય રીતે નહીં ફટકારાતી હોય) પગની એડી વગેરે પર પણ જો ફટકારવામાં આવતી હોય તો તે નોંધવું. જો એડીઓ પર ફટકારવા ઉપરાંત ફૂલા પર, બદન પર બધે એકી સાથે પણ જો કોઈ વાર ઝીંકી દેવામાં આવતી હોય તો નોંધવું. આવી રીતે સોટી ઝીંકવાનો અધિકાર કોને હોય અને બાળક કયા પ્રકારનો ગુનો કરે તો એને ઝીંકાય તે વિગતે નોંધવું. જો મા કે બાપ સિવાય બીજું કોઈ ઝીંકે તો ક્યાં સગાં હોય ત્યારે અને કયા સંજોગોમાં માબાપ ન બોલી શકે? ક્યારે બોલે? ક્યારે તકરાર કરે? ક્યારે પંચ બોલાવીને તેની પાસે તેમનો ન્યાય કરવાનું કહે તે વિગતે નોંધવું.

જો મા કે બાપે મારેલ હોય તો તેમને પણ કોઈ વઢે ખરું? કોણ વઢે? બાળકનાં દાદા કે દાદી? જે વઢે તે સામાન્ય રીતે શું કહે? જો માએ માર્યું હોય તો માને "તું તો મા છે?" યા બીજાઓની હાજરીમાં "એ તો મા કે રાક્ષસી?" એવો પણ સૂર જો વ્યક્ત થતો હોય તો વિગતે નોંધવું. સોટી ઉપરાંત લાકડીનો કોઈ વાર ઉપયોગ થાય? ડાંગ સામાન્ય રીતે જો સાદી વપરાતી હોય અને બહુ જોરથી જો મારવામાં ન આવતી હોય તો તે નોંધવું. તે જ રીતે સોટી મારવામાં પણ કાં તો પાનવાળી જ ડાળખીનો ઉપયોગ થતો હોય જેથી બહુ વાગે નહીં યા બીજી કોઈ રીતે હળવે હાથે જો સોટી મરાતી હોય તો તે પણ વિગતે નોંધવું. સામાન્ય સંજોગોમાં ડાંગનો ઉપયોગ ન જ થતો હોય તો તે નોંધવું. આ ઉપરાંત કુહાડીનો હાથો યા બીજું કોઈ ડાળખું યા બીજા કોઈ સાધનનો પણ કોઈ કોઈ વાર જો ઉપયોગ થતો હોય તો તે અંગેની વિગતો પણ શક્ય હોય તેટલી વિગતે મેળવવી. બાળકને આ ઉપરાંત પણ બીજા કોઈ સાધનથી પણ જો મારવામાં આવતું હોય તો તે નોંધવું. આવાં જુદાં જુદાં સાધનો અને મારના પ્રકારની સાથે સંબંધિત કોઈ ઉક્તિઓ યા કહેવતો હોય તો તે બધી જ કહેવતો વગેરે પણ માહિતીદર્શકની પાસેથી વિગતે મેળવવી.

મારની બીકથી બાળકો ઘરત્યાગ કરીને ચાલી જતાં હોય તો તે અંગેની વિગતો પણ મેળવવી. અમુક ગુનો કર્યા પછી, મારની યા વઢવાની બીકથી ઘરમાં જ ક્યાંક સંતાઈ જાય યા ઝાડ પર ચઢીને સંતાઈ જાય અથવા તો અડોશપડોશના ઘરમાં યા સગાંવહાલાંને ત્યાં ચાલી જતાં હોય તો તે અંગેની વિગતો પણ શક્ય હોય એટલી વિગતવાર મેળવવી. આવા કોઈક અપવાદરૂપ કિસ્સા પણ જો બનતા હોય તો તે અંગેની વિગતો શક્ય હોય એટલી વિગતવાર મેળવવી. આવાં બાળકોને મુખ્યત્વે પિતાના યા માતાના મારનો ભય હોય તો તેવી વિગતો પણ શક્ય હોય એટલી વિગતવાર મેળવવી.

માબાપના બાળકને મારવાના હક્કનું જો કોઈ રીતે સમર્થન કરવામાં આવતું હોય તો તે અંગેની વિગતો પણ શક્ય હોય એટલી વિગતે નોંધવી. સાથે સાથે એ



અંગેની જો કોઈ ખાસ ઉક્તિઓ હોય તો તે બધી ઉક્તિઓને પણ વિગતવાર નોંધવી. દા. ત. "માબાપ હોય તે વ્હાલેય કરે ને મારેય ખરાં" આવી કોઈક ઉક્તિઓ યા કહેવતો હોય તે બધી વિગતે એકત્રિત કરવી.

મારવામાં યા કોઈક પ્રકારની શિક્ષા કરવામાં માબાપનો અધિકાર ક્યાં સુધીનો ગણાય? કેટલા વર્ષની વય પછી માબાપ સામાન્ય રીતે બાળકને ન મારી શકે? છોકરા અને છોકરીમાં જો વયનો તફાવત હોય તો તે પણ વિગતે નોંધવો. તે જ રીતે જો બાળક માને મારતું હોય તો તે કેટલાં વર્ષ સુધી મારે? ક્યારથી તેમ કરતું સદંતર બંધ થઈ જાય તે પણ વિગતે નોંધવું.

અમુક વય પછી છોકરા કે છોકરીને ન મરાય યા તેને અમુક પ્રકારની શિક્ષા ન જ થાય એ પ્રકારની જો માન્યતા પ્રવર્તતી હોય અને વ્યવહારમાં જો એનો અમલ થતો હોય તો તે બધી જ વિગતો એકત્રિત કરવી. જોકે ઠપકો આપવાનું યા બીજું ખાસ કંઈ કહેવાનો અધિકાર તો પુત્ર પરણે અને ઘેર પણ છોકરાં થાય ત્યાં સુધી માબાપનો રહેતો જ હશે તેમ છતાં તે અંગે પણ માહિતીદર્શકની સાથે સવિશેષ સ્પષ્ટતા કરી લેવી અને કઈ રીતે કુટુંબના વડીલ એવા પિતાના હાથમાંથી કુટુંબની સત્તા તેના પુત્રના હાથમાં ધીરે ધીરે પરિવર્તિત થાય છે તે અંગેની વિગતો મેળવવી.

પિતા અથવા પુત્રના મારવાની શિક્ષા કરવાના અધિકાર સંબંધી જે કંઈ ઉક્તિઓ યા કહેવતો હોય તે વિગતવાર મેળવવી. આ ઉપરાંત આ પાસામાં જે કંઈ વિગતો બાકી રહી હોય તે બધી પણ ખૂબ વિગતે મેળવવી.

આ ઉપરાંત અન્ય પ્રકારની શિક્ષામાં સામાન્ય રીતે બાળકને શું શું કરવામાં આવે? તેને કોઈ વાર અધ્ધર લટકાવવાની શિક્ષા થાય? હાથ અને પગ બાંધીને ખીંટીએ ટિંગાડવાની, યા ઝાડે અધ્ધર બાંધી દેવાની જો ધમકીઓ તેને અપાતી હોય, પછી ભલે તે વાસ્તવમાં અમલમાં ન મુકાતી હોય પણ જો આ પ્રકારની ધમકીઓ જો સાંભળવા મળતી હોય તો તે પણ વિગતે નોંધવી. આ ઉપરાંત જો અન્ય કોઈ ધમકીઓ પણ તેને અપાતી હોય તો તે પણ નોંધવું. દા. ત. જો કોઈક બાળક અપશબ્દો બોલતું હોય તો તેને દેવતાની સામે લઈ જઈને, આગથી તેનું મોં સળગાવી દેવાની ધમકી આપવામાં આવે અને આવી ધમકી જ્યારે બાળકને અપાય ત્યારે તે બાળક તે ધમકીને વશ થઈને બીકથી વર્તતું હોય તો તે પણ વિગતે નોંધવું. આવી ધમકી આપ્યા પછી જો બાળકને દેવતા સમક્ષ લઈ જવામાં આવતું હોય, આગ તેના હાથ સામે ધરવામાં આવતી હોય અને બાળક પોતે તો 'સાચે જ હમણાં આ આગ તેને ચાંપી દેવામાં આવશે' એમ જો સમજતું હોય તો તે બધી જ વિગતો શક્ય હોય એટલી વિગતવાર એકત્રિત કરવી. આ ઉપરાંત અન્ય કોઈ શિક્ષાના પ્રકાર અસ્તિત્વમાં હોય તો તે વિગતે નોંધવા.

આ ઉપરાંત બાળક પોતાને પોતાનાં માબાપ મશ્કરી કરશે, યા ઠપકો આપશે યા વઢશે, યા ઠપકારશે એવા ભયથી પણ તેના પોતાના વર્તનમાં અમુક સંયમ જો કેળવતું હોય તો તે પણ વિગતે નોંધવું.

શિખામણ : માબાપ બાળકોને ખાસ કરીને કયા કયા પ્રકારની શિખામણો કયા કયા પ્રકારના આદર્શોને લક્ષમાં રાખીને આપે? દા. ત. સાચું બોલવું, હિંસા ન કરવી, કોઈની સાથે લુચ્ચાઈ ન કરવી, ચોરી ન કરવી વગેરે શિખામણો કહેવાય. આવી કઈ કઈ શિખામણો માબાપ બાળકોને આપતાં હોય છે? આમાંની કેટલીય શિખામણોનો આચારમાં અમલ નથી થતો હોતો. તો તેવે વખતે બાળકો દ્વારા તેના બુદ્ધિગમ્ય જવાબ માટે કોઈ પડપૂછ થાય છે ખરી કે કેમ તે નોંધવું.

કેટલીક વખત આ દુનિયામાં કેમ રહેવું, શું, કરવું, આમાં કોણ કોણ પોતાના દુશ્મન છે અને કોણ કોણ પોતાના સાથી છે તે અંગેની શિખામણો તેમ જ અન્ય જે કંઈ બાબતો અંગેની ખાસ કહેવતો ઉક્તિઓ હોય તેને વિગતવાર મેળવવી. આવી શિખામણો મા દ્વારા, દાદા, દાદી દ્વારા, પિતા, કાકીઓ વગેરે દ્વારા આપવામાં આવતી હશે. તેથી આ બધી જ શિખામણોને ખૂબ જ વિગતવાર નોંધવી. આવી શિખામણોમાં અનેક પાસાંઓ આવરી લેવામાં આવતાં હશે. અને વ્યવહારમાં આચારમાં બાળકની પાસે તેનો અમલ પણ કેટલીક વાર કરાવવામાં આવતો હશે. તેથી બાળકના સામાજિકરણમાં શિખામણનો પણ ફાળો હોવાથી, શિખામણના શબ્દો સાથે સંબંધિત હોય એવી સર્વ વિગતો મેળવવી. આવી બાબતો સામાન્ય આચારની સાથે પણ સંબંધિત હોઈ શકે. દા. ત. "વડીલોને પ્રણામ કરાય બેટા" એમ કહીને મા બાળકને વંદન શીખવાડતી હોય અને કોઈ વડીલ આવે તો તેની સમક્ષ હકીકતમાં આચારનો આ પાઠ પણ કદાચ અપાય. એટલે પ્રયોગની અને વ્યવહારની, તેમ જ સમગ્ર જીવનની સાથે સંબંધિત એવી સર્વ વિગતો શક્ય હોય એટલી વિગતે મેળવવી.

ભાંડુઓ જો પરસ્પર શિખામણ આપતાં હોય તો તેવી શિખામણોને પણ શક્ય હોય એટલી વિગતે નોંધવી. આવાં નાનાં બાળકો હોય ત્યારે અમુક વસ્તુ આમ ન થાય, તેમ ન થાય, વગેરે જો મોટાં બાળકો, નાનાંને કહેતાં હોય તો તે નોંધવું. આવું જ્યારે મોટાં બાળકો નાનાંને કહે, ત્યારે તેમનું વજન કેટલું અને કેવું પડે છે તે પણ વિગતે નોંધવું. કેટલીક વાર મોટું ભાંડુ કહે ત્યારે તેની કોઈ અસર ન પડે અને માબાપ તે જ વસ્તુ કહે ત્યારે તેની અસર સામાન્ય રીતે પડતી હોય તો તે પણ વિગતે નોંધવું. આમ શા માટે થાય છે તે અંગેની માહિતીદર્શકોની સમજૂતી પણ નોંધવી.

માબાપનાં વચનોને બાળક ન ઉથાપી શકે, જ્યારે મોટા ભાઈને ન ગણકારે તો તેમાં તેમની વયનો તફાવત, અગર, માબાપ અંગેના બાળકના ખ્યાલો વગેરે ઉપરાંત અન્ય કઈ કઈ બાબતો સામાન્ય રીતે ભાગ ભજવે છે તે પણ વિગતે નોંધવું.

મોટું ભાંડુ જ્યારે વડીલની જેમ શિખામણ આપે, ત્યારે તેને હસતાં હસતાં યા કટાક્ષમાં જો કોઈ "માબાપની યા દાદા બાપાની અદાથી તું તો શિખામણ આપે છે" એમ જો કોઈ કહે તો તે પણ વિગતે નોંધવું.

ભાંડુઓ વચ્ચે માબાપની સાથે કોઈ બાબત અંગે કેમ માગણી કરવી એ અંગેની જો કોઈ ખાસ સમજૂતી થતી હોય તો તેવી સમજૂતીઓને પણ નોંધવી.



આવી શિખામણોમાંથી કેટલીક શિખામણો માત્ર આપવા ખાતર અપાતી હશે તો કેટલીક શિખામણો નક્કર પણ હશે.

## ૩૦. બાળસાહિત્ય

અધ્યયન હેઠળના સમાજના બાળસાહિત્યને પણ સંચિત કરવું. તેમાં કેટલીક શિખામણો જુદા જુદા ટૂચકાઓ, કહેવતો, જોડકણાં યા ગીતોમાં સમાયેલી હશે. તેથી એવાં ગીતો યા આ પ્રકારની અન્ય જે વિગતો હોય તે બધી જ મેળવવી. આવી શિખામણો કોઈ વાર વાર્તા રૂપે પણ આપવામાં આવતી હશે. કોઈક દૃષ્ટાંતકથા વગેરેમાં પણ અપાતી હશે તેથી આવી દૃષ્ટાંતકથાઓ વગેરેને પણ વિગતે નોંધવી. વાર્તાઓ વગેરે પણ નાનાં બાળકોને સામાન્ય રીતે કહેવામાં આવતી હશે. તેથી આવી વાર્તાઓ કોણ કહે? કયા કયા પ્રકારની વાર્તાઓ સામાન્ય રીતે કહેવામાં આવે? આવી વાર્તાઓ કઈ કઈ રીતે કહેવામાં આવે છે? વગેરે બાબતો અંગેની પૂરતી વિગતો મેળવવી. આવી વાર્તાઓનું મહત્ત્વનું મધ્યબિંદુ પણ નોંધવું જે સગાઈ સાંકળ પર હોય. દા. ત. ભાઈ બહેનના પ્રેમ પર હોય, માતા પુત્ર પર હોય, અથવા પતિ પત્ની યા નણંદ ભોજાઈ પર પણ હોઈ શકે. આવી કોઈ વાર્તા હોય તો તે નોંધવી.

પશુપાલક સમાજમાં ગોવાળિયાં જો અંદરો અંદર વાર્તાઓ કહેતાં હોય તો ધણ ચરાવતાં પણ કહે. રાત્રે પણ કદાચ વાર્તાઓ કહેવામાં આવતી હશે. જો રાત્રે યા બપોરે વાર્તાઓ કહેવામાં આવતી હોય તો તે પણ વિગતે નોંધવું.

આવી વાર્તાઓ કહેવાની માતા, પિતા, દાદા, દાદીમાંથી જો કોઈની વિશિષ્ટ ફરજ લેખવામાં આવતી હોય તો તે પણ વિગતે નોંધવું. આવી વાર્તા કહેવાની બાળક હઠ પકડે તો તેને કેવો પ્રતિભાવ અપાય? કોઈ વાર મેથીપાક પણ મળે ખરો? બાળકની બ્રહ્માંડ, સૂરજ, ચંદ્ર, તારાઓ, પૃથ્વી વગેરે અંગેની જિજ્ઞાસા સંતોષાય એ પ્રકારની પણ વાર્તાઓ હોય તો તે નોંધવી. ગોત્ર કુળના પરિણય સંબંધોની સાથે સંબંધિત જો કોઈ વાર્તા હોય તો તે સમગ્ર વાર્તા ખૂબ વિગતે નોંધવી. તે જ રીતે સગાઈ સંબંધની દૃષ્ટિએ મહત્ત્વની લાગે યા તેના કોઈ પણ મુદ્દા સાથે પરોક્ષ કે પ્રત્યક્ષ રીતે સ્પર્શ કરતી હોય એવી કોઈ પણ વાર્તાને વિગતે નોંધવી. આવી જુદી જુદી જે વાર્તાઓ હોય તે વાર્તાઓનાં કથાવસ્તુની નોંધણી ઉપરાંત, જો એમનામાં ઉખાણાં પ્રચલિત હોય તો તેને તદ્દન જુદાં જ નોંધવાં. આવાં ઉખાણાં જો કોઈક અમુક વ્યક્તિ અમુક વ્યક્તિને જ પૂછે એ પ્રકારની જો પ્રથા હોય તો તે પણ વિગતે નોંધવું. અમુક ઉખાણાંઓ જો માતા કે પિતા પોતાના બાળકને પૂછતાં હોય તો તે પણ વિગતે નોંધવું. આવાં ઉખાણાંઓ અને વાર્તાઓ તરફનાં બાળકોનાં વલણો વગેરે નોંધવાં.

દાદીમા, દાદા, પિતા યા માતા બાળકોને વાર્તા યા ઉખાણાં કહેતાં હોય, એ પ્રકારની યા તેની સાથે સંબંધિત કોઈ પણ પ્રકારની જો ઉક્તિ હોય યા કહેવત કે ઉખાણું હોય તો તે પણ વિગતે મેળવવું. જુદાં જુદાં સગાંને કઈ રીતે ઓળખવાં યા શોધી કાઢો તે શું સગાં હશે એ પ્રકારનાં તેમનામાં પ્રચલિત ઉખાણાં પણ નોંધવાં.

## ૩૧. રમતગમત

બાળકોના જીવનમાં રમતગમતનું શું સ્થાન છે? બાળકોના રમતજૂથનો પાયો સામાન્ય રીતે કયો હોય છે? કુટુંબનો, વંશજૂથનો, નેસનો, ગોપજૂથનો યા અન્ય કોઈ? જુદી જુદી વયે બાળકનાં રમતજૂથ બદલાતાં હોય તે અંગેનો પણ વિગતવાર ખ્યાલ મેળવવો. બાળક ઘરના રમતજૂથમાંથી થોડાંક કુટુંબોના કે નેસના અમુક વ્યક્તિઓના રમતજૂથોમાં કઈ રીતે જાય છે? કુટુંબના યા રમતજૂથના અન્ય સભ્યો સાથે જુદા જુદા તબક્કે કઈ કઈ રીતે હળે-ભળે છે યા હળવા-ભળવામાં તેને શું મુશ્કેલી પડે છે? રમતજૂથમાં તેની પોતાની સામાન્ય રીતે શું ભૂમિકા હોય છે અને સામાન્ય રીતે તે કઈ કઈ રીતે અદા કરે છે વગેરે વિગતો શક્ય હોય એટલી વિગતવાર મેળવવી.

બાળકો સામાન્ય રીતે કઈ કઈ રમતો રમે છે? મેદાનોમાં રમાતી રમતો, તેમાં પણ કુટુંબનાં બીજાં સભ્યો સાથે અને માત્ર અમુક જ વય, જાતિ યા ગોઠિયાઓની રમતો અંગેની વિગતો એકત્રિત કરવી. ત્યાંથી આગળ વધીને, આ રમતો સામાન્ય રીતે દિવસના કે રાતના કયા કયા સમયે રમાય છે તે વિગતે નોંધવું. રમતોનું અધ્યયન હેઠળના સમાજમાં શું સ્થાન છે અને જ્યારે આર્થિક પ્રવૃત્તિ હોય ત્યારે રમતો પ્રમાણમાં ઓછી હોય અને ત્યાર બાદના સમયમાં વધુ હોય એવું જો જોવા મળતું હોય અથવા તો તેવા સમાજમાં, જે સીધેસીધી ઉપયોગી ન હોય એ પ્રકારની રમતોનું જો ખાસ કોઈ વિશિષ્ટ સ્થાન ન હોય તો તે અંગેની વિગતો એકત્રિત કરવી.

બાળકો બહુ રમતિયાળ હોય તેને માટે જો કોઈ ખાસ વિશેષણ હોય તો તે નોંધવું. રમતગમતમાં ઉત્સાહી એવાં બાળકો જો કોઈ રમતજૂથની રચના કરીને જુદી જુદી રમતો રમતાં હોય તો તે અંગેની વિગતો એકત્રિત કરવી. આવાં રમતજૂથમાં છોકરા-છોકરી ક્યાં સુધી સાથે રમે? તેમની અલગ અલગ રમતો હશે? ૧૫ વર્ષની આસપાસના છોકરા કેવી રમતો રમે? રમતોમાંથી ઝઘડા થાય? તહેવાર પ્રસંગોની ખાસ રમત છે? રમતજૂથનો આગેવાન પોતે રમે અને બીજાઓને રમાડે છે અને જે કામ કરવા દેવું જોઈએ તે કામ નથી કરવા દેતો, એવો જો ઠપકો મળતો હોય યા તેનાં માબાપોને જો આ પ્રકારની ફરિયાદ થતી હોય તો તે ફરિયાદ પણ શક્ય હોય તેટલી વિગતવાર નોંધવી.

રમતમાં પણ ભૂમિની, પાણીની અમુક જ ઋતુની યા અમુક સમય યા દિવસની વિશિષ્ટ રમતો હોય તો તે પણ નોંધવી.

"રમતમાં સગાં ફગાં ન જોવાય" આ મતલબની અન્ય કોઈ કહેવતો હોય તો તે પણ વિગતે નોંધવી. રમતોમાં સામાન્ય રીતે સગાં સગાં વચ્ચે લડાઈ અથડામણ ના થાય યા સામા સામે ન રમતાં હોય યા એક જ પક્ષમાં રહીને જો તે રમતાં હોય તો તે વિગતો પણ મેળવવી. આ અંગેનું માહિતીદર્શકનું વિશ્લેષણ પણ નોંધવું. બાળપણમાં બાળકોની રમતમાં માબાપ કેવો ભાગ લે? મોટપણે કેવો ભાગ લે? દાદા દાદી વગેરે પણ નાન-પણથી મોટપણ સુધી કઈ કઈ રીતે ભાગ લે કે ન લે, એ અંગેની બધી જ વિગતો



વિગતવાર મેળવવી. માબાપનું બાળકોની રમતમાં શું સ્થાન છે તે નોંધવું. બાળકો તદ્દન નાનાં હોય ત્યારે તેની રમતમાં માબાપ ભાગ લેતાં હોય પણ મોટપણે બાળકો પોતાનું અલગ રમતજૂથ બનાવી લેતાં હોય અને માબાપને તેમાં કશું કરવાપણું ન રહેતું હોય તો તે પણ વિગતે નોંધવું. છેક નાનપણથી માંડીને બાળકો પુખ્ત વયનાં થાય ત્યાં સુધી બાળકોની રમતો જુદી જુદી રીતે બદલાતી જતી હશે. તેથી કઈ કઈ રમતો કઈ કઈ વયે રમાય છે અને કઈ કઈ રીતે જે તે રમતો તેમના વયજૂથને અનુરૂપ થાય છે તે અંગે શક્ય હોય એટલી વિગતે બધી જ માહિતી એકત્રિત કરવી.

આમાં સગાઈ સંબંધ શબ્દાવલી શીખવે તેવી યા સગાંની સાથે સંબંધિત એવી જુદી જુદી જે કંઈ રમતો હોય તે પણ નોંધવી.

તે જ રીતે પશુ, ઢોર ઢાંખર વગેરેની સાથે સંબંધિત યા તેમનો અંદર સમાવેશ થતો હોય એવી રમતો પણ નોંધવી. આ ઉપરાંત, જંગલી પશુઓ, વનનાં વૃક્ષો, વનસ્પતિઓ તેમના વિશિષ્ટ ગુણધર્મો વગેરેની સાથે સંબંધિત કોઈ રમત કે ઉખાણાં યા ઉક્તિઓ વગેરે હોય તો તેને પણ ખૂબ જ વિગતવાર નોધવી.

ધરતી, સૂર્ય, ચંદ્ર, તારાઓ, વગેરેને પણ અમુક રીતે સગાઈ સાંકળમાં સાંકળતી એવી જો કોઈ ખાસ ઉક્તિઓ યા કહેવતો, રૂઢિપ્રયોગોને સાંકળતી કોઈ રમતો હોય તો તે પણ વિગતે નોંધવી.

બુદ્ધિ શક્તિ, યાદદાસ્ત, વ્યવહારુ ડહાપણ વગેરેનો સમાવેશ કરતી પણ ખાસ કોઈક રમતો અધ્યયન હેઠળના સમાજમાં હોવાની સંભાવના ખરી, તેથી તે રમતો અંગેની પણ પૂરતી વિગતો મેળવવી.

રમતગમતમાં પણ જુદાં જુદાં કુટુંબ, કુળ, ગોત્ર જૂથ કે નેસની વચ્ચે પણ જો કોઈ રમતો રમાતી હોય તો તેની વિગતો પણ નોંધવી. તેમાં ઇનામ વગેરેની શી વ્યવસ્થા હોય છે તે પણ નોંધવું. તે જ રીતે જો એવી સ્પર્ધાઓ યા રમતો, સગાં વચ્ચેની તકરારના ભયે ટાળવામાં આવતી હોય તો તે પણ નોંધવું.

રમતગમતમાં હમણાંની તાજી ઉમેરાયેલી રમતો નોંધવી. જૂની ભુલાતી જતી યા ભુલાયેલી યા સુધારો પામેલી રમતો પણ નોંધવી.

## ૩૨. ઊર્મિજન્ય પાસાં

નાનપણથી માંડીને છેક મોટે સુધી માબાપ અને બાળકનાં ઊર્મિજન્ય પાસાં અંગે પણ વિગતે માહિતી મેળવવી. માબાપ ગમે તેટલાં ક્ષુબ્ધ હોય તોપણ બાળકને હસતું રાખવા હસવું જ પડે. તેની સાથે અમુક જ રીતે વર્તવું પડે. બાળક જો સાથે હોય તો બીજા સાથેનો વર્તાવ અમુક જ રીતે થાય, વગેરે વિગતો અંગે પણ પૂરતી માહિતી એકત્રિત કરવી.

બાળક, માબાપ વચ્ચેના પ્રેમનું જો સાંકળરૂપ પરિબળ બનતું હોય તો તે કઈ રીતે બને છે. તે પણ શક્ય હોય એટલું વિગતવાર નોંધવું.

બાળક તેનાં માબાપની હાજરીમાં અને મા યા બાપ બન્નેમાંથી એકની હાજરીમાં ઘરમાં તેમ જ બહાર કઈ કઈ રીતે વર્તે છે તે અંગે પણ શક્ય હોય એટલું વિગતે નોંધવું. ક્રમશઃ વયના વધવાની સાથે પડતા જતા ફેરફાર અંગેની પણ જરૂરી વિગતો મેળવવી. બાળક માબાપના સાચા સંતોષનું સાધન કઈ રીતે બની શકે છે તે અંગે પણ વિગતવાર નોંધવું.

બાળકવિહોણું માબાપ અંગેની જુદી જુદી ઉક્તિઓ નોંધવી. પુત્રવિહોણું કે પુત્રીવિહોણું માબાપ અંગેની ઉક્તિઓ પણ નોંધવી. તે જ રીતે વિશેષ પુત્રો કે પુત્રીઓ હોય તો તેવાં માબાપોની તરફ કઈ દૃષ્ટિથી જોવામાં આવે છે તે પણ નોંધવું. તે અંગેની ઉક્તિઓ, કહેવતો, ગીતો ઉખાણાં વગેરે નોંધવાં. જો એક કે બે જ ભાઈ હોય તો તે વધારે સારું મનાય કે ચાર પાંચ ભાઈઓ હોય તે? તે જ રીતે બહેન જ ન હોય તે સારું, એકાદ બહેન હોય તે સારું, યા બહેનોનું મોટું ઝુંડ હોય તે? આ અંગેની વિગતો પણ મેળવવી.

## ૩૩. બાળદર્દો

અભ્યયન હેઠળના સમાજમાં વિવિધ બાળદર્દોના થતા પરંપરાગત ઉપચારોની વિગતવાર યાદી બનાવવી. આવા ઉપચારોમાં કુટુંબના વડીલ સભ્યોની, અને ખાસ કરીને વયોવૃદ્ધ સ્ત્રીઓની સલાહકાર યા ઉપચારક તરીકેની ભૂમિકાને પણ વિગતવાર નોંધવી. કોઈક પરંપરાગત ઉપચારોમાં અમુક સગાની યા અમુક વય યા અવસ્થાવાળી વ્યક્તિની કોઈક વિશિષ્ટ ભૂમિકાઓ હોય તો તે પણ વિગતે નોંધવી. અભ્યયન હેઠળના સમાજના પરંપરાગત વિવિધ ઉપચારકોની અને દર્દવાર વિવિધ ઉપચારપદ્ધતિની વિગતે નોંધ કરવી.

## ૩૪. સામુદ્રિકશાસ્ત્રનાં લક્ષણો

સામુદ્રિકશાસ્ત્રનાં કેટલાંક લક્ષણો પરથી બાળકના ભવિષ્ય અંગે ખાસ કોઈ આગાહી કરવામાં આવતી હોય તો તે નોંધવી. સામુદ્રિકશાસ્ત્રનાં અમુક લક્ષણો જો સારાં અને અમુકને જો ખરાબ માનવામાં આવતાં હોય તો તે વિગતે નોંધવું. તે જ રીતે શરીરનો અમુક પ્રકારનો બાંધો યા અમુક અંગના અમુક વિશિષ્ટ પ્રકાર અને રંગને જો ખાસ પસંદ કરવામાં આવતો હોય તો તે નોંધવું. શરીરના જુદા જુદા ભાગોમાં તેમ જ સમગ્ર શરીરમાં કયા પ્રકારનાં લક્ષણો આદર્શ ગણવામાં આવે છે, અને શા માટે તે પણ વિગતે નોંધવું. દા. ત. જો કોઈ વ્યક્તિના હાથ, પગ, કાન, નાક, આંખ, મોંફાડ, દાઢી, માથું, શરીર, છાતી, અને અન્ય અંગો કેવાં હોય તો તે સારાં ગણાય અને કેવાં હોય તો તે યોગ્ય ન લેખાય તે પણ વિગતવાર નોંધવું. દા. ત. નાક બૂચું હોય તો તે યોગ્ય ન લેખાય, આંખ ત્રાંસી હોય તો તે યોગ્ય ન લેખાય. પગ ત્રાંસો પડતો હોય યા ફેંડો પડતો હોય તો તે યોગ્ય ન લેખાય. તે જ રીતે જો રંગ કાળો હોય તો તેને ઓછો આવકાર્ય લેખાય. આ પ્રકારની અન્ય જે કંઈ માન્યતાઓ હોય તે



બધી જ વિગતવાર નોંધવી. જો અમુક લક્ષણોને મધ્યમ પ્રકારનાં અને અમુક લક્ષણોને સારા અને અમુકને કનિષ્ટ પ્રકારનાં ગણવામાં આવતાં હોય તો તે વિગતે નોંધવું.

હસ્તરેખાઓ વગેરેમાં પણ જો અમુક ખાસ પ્રકારની માન્યતાઓ હોય તો તે માન્યતાઓને પણ શક્ય હોય એટલી વિગતવાર નોંધવી. તે જ રીતે શરીરના અમુક ભાગ પર તલ હોય કે ન હોય તેની સાથે પણ અમુક ખાસ પ્રકારની જે જે માન્યતાઓ સંકળાયેલી હોય તેને વિગતવાર નોંધવી. જીભ ઉપર યા અન્ય કોઈ સ્થળે તલ હોય તો તે અશુભ મનાય ખરું?

## ૩૫. ટેવગઠન

વ્યક્તિની જુદી જુદી ટેવોની સાથે પણ જો અમુક પ્રકારની ખાસ માન્યતાઓ સંકળાયેલી હોય તો તે વિગતવાર નોંધવું. દા. ત. જો કોઈક વ્યક્તિ ખાતી વખતે પોતાની એક આંગળી અલગ રાખીને ખાય તો તેવી વ્યક્તિ 'એકલપેટી' હોય એવી માન્યતા છે. તે જ રીતે જો કોઈક વ્યક્તિને આંખ મીચકાર્યા કરતા જઈને વાતો કરવાની ટેવ હોય તો તેવી વ્યક્તિ અસ્થિર મનની અને લુચ્ચી હોય એવી પણ અભ્યયન હેઠળના એક સમાજમાં માન્યતા છે. આવી જુદી જુદી જે કંઈ માન્યતાઓ હોય તે બધી જ માન્યતાઓને વિગતવાર નોંધવી. વ્યક્તિની અમુક ટેવોને જો સુટેવો માનવામાં આવતી હોય અને વ્યક્તિની અમુક ટેવોને જો કુટેવો માનવામાં આવતી હોય તો તે વિગતે નોંધવું. દા..ત. એક સમાજમાં જો કોઈ વ્યક્તિ ખાટલા પર બેસીને પગ હલાવ્યા કરે તો તે ટેવ બરાબર ન ગણાય. એવી વ્યક્તિને ટોકવામાં આવે. તે જ રીતે બીજી પણ જો કોઈ પ્રકારની માન્યતાઓ હોય તો તે નોંધવી. જો બીજી કોઈ બાબતોની સાથે કોઈ ખાસ માન્યતાઓ સંકળાયેલી ન હોય પણ તેવી બાબતો યા ટેવો બરાબર ન લેખાતી હોય તો તે પણ વિગતે નોંધવું. દા. ત. કોઈ ખાટલે બેસીને ન ખાઈ શકે. કોઈ પગ પહોળા કરીને ન ખાઈ શકે. તે જ રીતે નાની મોટી અનેક ટેવોની બાબતમાં ખાસ ખાસ જે જે પ્રકારની માન્યતાઓ હોય તે બધી જ શક્ય હોય એટલી વિગતે નોંધવી. અભ્યયન હેઠળના સમાજમાં અમુક સુટેવો પાડવા માટે અને કુટેવો કાઢવા માટે જે ખાસ કાળજી અને પગલાં લેવાતાં હોય તેને વિગતવાર નોંધવાં.

## ૩૬. એકથી વધુ બાળકોનો બાળઉછેર

એક કરતાં વિશેષ બાળકો હોય ત્યારે બાળકના ઉછેરમાં જે જે ફેરફારો થતા હોય તે બધા જ શક્ય હોય તેટલા વિગતવાર નોંધવા.

બીજું બાળક આવવાનું હોય એટલે તે પહેલાં મોટા બાળકને માનસિક રીતે તૈયાર કરવામાં આવે ખરું? તને ભાઈ લો કે બહેન જોઈએ છે ને? એમ પૂછીને, તેને રમાડવા માટેની માનસિક તૈયારી કરાવવામાં આવે છે ખરી? જો ન આવતી હોય તો તે પણ વિગતે નોંધવું. અમુક કિસ્સામાં જો આ પ્રકારની માનસિક તૈયારી કરવામાં આવતી હોય, અને અમુક કિસ્સામાં ન કરવામાં આવતી હોય તો તે પણ વિગતે નોંધવું.

બીજું બાળક આવવાનું હોય તે પહેલાં એટલે માતાની સગર્ભાવસ્થામાં આગલા બાળક પર જે જે પ્રતિબંધ-નિયંત્રણ આવતાં હોય તે બધાં જ નિયત્રણને શકય હોય તેટલાં વિગતવાર નોંધવાં. આવાં નિયંત્રણ કઈ કઈ રીતે મૂકવામાં આવે છે તે પણ નોંધવું. અલબત્ત આવાં નિયંત્રણ બાળક કેટલી વયનું છે તેના પર પણ આધારિત રહેતાં હશે. જો બે બાળક વચ્ચેનો ગાળો પ્રમાણમાં ઓછો હોય તો આવાં નિયંત્રણની સંખ્યા પ્રમાણમાં વધે ખરી? તેથી કેટલી સંખ્યામાં આ નિયંત્રણ મુકાય છે તે પણ શકય હોય એટલું વિગતે નોંધવું. આવાં નિયંત્રણમાં શું મુકાય? જો માત્ર એક જ વર્ષનો ગાળો હોય યા જન્મ પછી બે-ચાર મહિનામાં જ ગર્ભ રહી જાય તો તેના પછી તરત જ બાળકના ધાવવા પર પ્રતિબંધ મૂકવો પડે ખરો? આ ઉપરાંત બીજા કયા કયા પ્રતિબંધ કઈ કઈ વખતે, કઈ કઈ રીતે મુકાય તે પણ વિગતે નોંધવું. આવા પ્રતિબંધોનો આશય અને હેતુઓ વગેરે પણ વિગતે નોંધવાં.

બાળકના જન્મ વખતે નવા બાળકને, મોટું બાળક કઈ રીતે સ્વીકારે. તેની સાથે આત્મીયતા કેળવાય તે માટે માબાપ અને અન્ય વડીલો કયા કયા પ્રયત્નો કરે તે વિગતે નોંધવું. નવાગંતુક બાળકને માટે ભાવ ઉત્પન્ન થાય, પ્રેમ કેળવાય તે માટે માતા પિતા કઈ કઈ રીતે મોટા બાળકને, નાના યા નવાગંતુક બાળકને વહાલ કરવાનું, હાથ ફેરવવાનું બચી કરવાનું, યા તેને સહેજ મોટું થાય એટલે તે પછી તેડવાનું શીખવે તે પણ શકય હોય એટલું વિગતવાર નોંધવું. તે જ રીતે આવા બાળકને બીજું શું શું શીખવવામાં આવે તે નોંધવું. મોટું બાળક નાના બાળકને કયા દૃષ્ટિબિંદુથી સામાન્ય રીતે જુએ? મોટું બાળક નાના બાળકને ખોળામાં જોઈને પોતે પણ ખોળામાં જવા પ્રેરાય? મોટું બાળક, નાના બાળકને ધાવતું જોઈને પોતે પણ ધાવવા માટે કજિયો કરે? આવો કજિયો તે કઈ રીતે કરે? કજિયાના બધા પ્રકાર નોંધવા. નાના બાળકને તે જો રડાવતું હોય તો તે પણ નોંધવું. નાનાને એ રીતે જો મોટું બાળક રડાવે તો તેના તરફનું માનું અને તે વખતે જો હાજર હોય તો બાપનું શું વલણ હોય તે પણ વિગતે નોંધવું. જો એને મારવામાં આવે તો, માતપિતાની ગેરહાજરીમાં જો નાના બાળકને મોટું રડાવી લેતું હોય તો તેની વિગતો પણ નોંધવી.

અમુક સમય પછી બાળકને જ પોતાના સાથીની જો ઝંખના જાગતી હોય અને આ ઝંખના જો, બીજું બાળક આવવાથી સંતોષાતી હોય તો તે પણ વિગતે નોંધવું. એ બાળક પોતે જ પોતાના એકાદ ભાઈ કે બહેનની માગણી કરતું હોય અને આ માગણી માતા કે પિતા સમયસર બાળક આપીને જો સંતોષતાં હોય તો તે પણ વિગતે નોંધવું. જુદી જુદી પરિસ્થિતિમાં બાળકોના આંતરસંબંધો જો જુદા જુદા હોય તો તે પણ વિગતે નોંધવું. દા. ત. બે બાળકો વચ્ચેનું અંતર એક જ વર્ષનું હોય, બે વર્ષનું હોય, ત્રણ કે ચાર વર્ષનું હોય, પાંચ વર્ષનું હોય, પાંચથી વધુ વર્ષનું હોય.

જો સંયુક્ત કુટુંબ હોય, અને મા એકલી જ સાચવનારી ન હોય, દાદીમા અને બીજી દેરાણી જેઠાણી વગેરે પણ હોય અને તેની સાથે સાથે અન્ય બાળકોનો સહવાસ પણ જો મોટા બાળકને મળતો હોય અને તેને લીધે પણ પરિસ્થિતિમાં અમુક



ચોક્કસ પ્રકારનો ફેરફાર પડતો હોય તો તે ફેરફારને પણ વિગતવાર નોંધવો. આવે વખતે જુદા જુદા કિસ્સામાં જે વૈવિધ્ય જણાતું હોય તેને પણ વિગતવાર નોંધવું.

બાળકનું આગમન કુટુંબમાં જો તદ્દન સ્વાભાવિક પ્રક્રિયા તરીકે લેખવામાં આવતું હોય તો તે નોંધવું. સાથે સાથે જો અમુક પુત્રીઓ પછી પુત્ર હોય યા અમુક પુત્રો પછી એક જ પુત્રી હોય તો તેવે વખતે ભાઈભાંડુ અને તેમની પ્રત્યેના માબાપના વલણ વર્તન વગેરેમાં જો અમુક ખાસ પ્રકારના ફેરફારો જોવા મળતા હોય તો તે પણ વિગતે નોંધવા.

નવા બાળકના આગમનની સાથે મોટા બાળકના ખોરાક વગેરેમાં જો અમુક ખાસ પ્રકારના ફેરફારો થતા હોય તો તે નોંધવા. દા. ત. પહેલાં તેને જેટલું દૂધ મળતું તેટલું પછી તેને ન મળતું હોય, તેમાં જો ભાગ પડતા હોય તો તેની અસર પણ સ્વાભાવિક રીતે જ તેના મન પર પડવાની. જો એને લીધે પણ તે નાના બાળકની ઈર્ષા કરતું થઈ જતું હોય તો તે નોંધવું. તેવી જ રીતે તેને સાચવવાની, હિલોળવાની વગેરે કેટલીક ખાસ ફરજો તેના માથે આવતી હોય તેને લીધે પણ તેના પ્રત્યેના વલણ વર્તનમાં ઈર્ષા–અસૂયાનું તત્ત્વ આવતું હોય તો તે નોંધવું. તેની સામે બીજી બાજુથી જો બાળકને તેની સાથે રમતગમત કરવાનું ફાવે, તેનાં હિલચાલ, ખિલલખિલ કરતો મલકાટ નિરખવામાં જો તેને અનેરો આનંદ આવતો હોય તો તે પણ વિગતે નોંધવું. તે જ રીતે સામાન્ય રીતે મોટું બાળક જો છોકરી હોય તો તેને માથે નાના બાળકની અમુક વિશિષ્ટ જવાબદારીઓ આવતી હોય, અને તેથી ઊલટું જો છોકરો હોય તો બીજી અમુક વિશિષ્ટ જવાબદારીઓ આવતી હોય તો તેનો શકય હોય એટલો વિગતે ઉલ્લેખ કરવો. જો છોકરી હોય તો તે તેના નાના ભાઈને ઉછેરવાનું કાર્ય સવિશેષ વહાલથી કરતી હોય અને છોકરો હોય તો તેને કદાચ એટલો બધો ઉમળકો ન આવતો હોય એમ પણ બને. મતલબ કે છોકરા અને છોકરીનાં નાના બાળક માટેનાં વલણો વગેરેને શકય હોય એટલાં વિગતે નોંધવાં. એમાં માહિતીદર્શકોની દૃષ્ટિએ જો ખાસ કંઈ તફાવત પડતા હોય તો તેને વિગતવાર નોંધવા.

### ૩૭. બાળઝઘડાઓ

નાનાંમોટાં બાળકોને સામાન્ય રીતે કઈ કઈ બાબતોને માટે કજિયા થાય? આવા કજિયાઓનું નિવારણ કઈ રીતે થાય? સામાન્ય રીતે એમાં નમતું કોને અને કઈ રીતે આપવું પડે? તે પણ વિગતે નોંધવું. જો નાનાંમોટાં બાળકોના અમુક પ્રકારની બાબતો માટેના કજિયાઓમાં માબાપ મધ્યસ્થી બનતાં હોય અને અમુક બાબતો બાળકો આપમેળે સમેટી લેતાં હોય, તેમાં જો કોઈ ખાસ ઢબ જોવા મળતી હોય તો તે અંગે પણ પૂરતી વિગતો મેળવવી.

નાનપણમાં બાળકો વચ્ચેના અંદર અંદરના થતા ઝઘડાના સ્વરૂપ અને બાળકો સહેજ મોટાં થાય તે પછી તેમની અંદરો અંદર થતા ઝઘડાઓનાં સ્વરૂપ કેટલેક અંશે એકમેકથી ભિન્ન હશે. તેથી તે બધું પણ વિગતે નોંધવું.

ભાંડુ જો ઝઘડે તો સામાન્ય રીતે કેવી રીતે ઝઘડો કરે? માત્ર વાક્યુદ્ધ જ કે ત્યાંથી શારીરિક યુદ્ધ અને મારામારી સુધી પણ જો તેઓ પહોંચી જતાં હોય તો તે નોંધવું. કોઈ વાર વાળ ખેંચે? કોઈ વાર લાકડીથી પણ મારામારી કરવા પહોંચી જાય? આવે વખતે જો માબાપ બન્નેને ધીબતાં હોય તો તે પણ વિગતે નોંધવું. ભાંડુઓ છેક નાનપણથી માંડીને છેક મોટાં થાય, પરણે ત્યાં સુધીના વિવિધ તબક્કે આ બધાની વચ્ચે જે જે પ્રકારના ઝઘડાઓ વગેરે થાય તે અંગેની વિગતો મેળવવી.

બે કરતાં જ્યારે વધુ બાળકો હોય અને તેમાંથી બેની વચ્ચે ઝઘડો થાય ત્યારે બાકીનાં તેમને અંદરોઅંદરના ઝઘડાઓમાંથી છોડાવે કે પછી બેમાંથી એક પક્ષે ભળીને પછી અંદરોઅંદર ઝઘડો લંબાવે તે પણ વિગતવાર નોંધવું.

આવાં ઝઘડવા માટેનાં જે જે વિશિષ્ટ કારણો હોય તે બધાંને વિગતે નોંધવાં. દા. ત. નાનપણમાં ભાઈ-ભાંડુઓ વચ્ચેનો ઝઘડો થવા માટે (૧) મા યા બાપનો ખોળો (૨) કોઈ વસ્તુ માટેની લડાઈ (૩) ખાવાની મીઠાઈ યા તેવી કોઈ વસ્તુ (૪) રમતગમતનું રમકડું (૫) મોટું જે કરતું હોય તે કરવાની હઠ વગેરે. આ ઉપરાંત એના જેવાં પણ અન્ય જે કંઈ કારણો હોય તે બધાં જ વિગતે નોંધવાં.

ભાઈબહેનના ઝઘડા યા ભાઈભાઈના ઝઘડાઓ બીજાં કયાં કારણોને લીધે બહુ સામાન્ય હોય છે એ માટે માહિતીદર્શકનો અભિપ્રાય તેમના જ શબ્દોમાં વ્યક્ત કરવો. ભાઈબહેન વચ્ચેના આવી બાબતો માટેના ઝઘડાઓ માટે કોઈ કહેવતો કે ઉક્તિઓને પણ શક્ય હોય એટલી વિગતે નોંધવી.

આવા અંદર અંદરના ઝઘડાઓમાં હંમેશાં જે પક્ષ હારે તે રડે, અને માબાપને ફરિયાદ કરે તેવું સામાન્ય રીતે જોવા મળે છે. તો માબાપ રડાવનારને ઠપકો આપે છે કે રડનારને સામેથી ડારે છે? જો રડાવનાર મોટો હોય તો તેને ઠપકો આપે? નાનાને ન મરાય એમ શિખામણ આપે? અને ચોડી પણ દે? જો મારનાર નાનો હોય, તો "મોટા ભાઈ કે બહેનને ન મરાય બેટા" એમ કહીને એને શિખામણ આપવામાં આવે? મોટાને "તું મોટો થઈને રડે છે" એમ પણ કહેવામાં આવે? કોઈક સંજોગોમાં જો નાનાને મારવામાં આવતો હોય તો તે વિગતે નોંધવું.

ભાઈબહેનો એકબીજાને ઠપકો આપી શકે? નાનું ભાંડુ મોટાને ઠપકો આપી શકે? નાનો ભાઈ મોટા ભાઈને ન વઢી શકતો હોય પણ જો મોટી બહેનને વઢી શકતો હોય તો તે નોંધવું. આમ શા માટે થાય તે અંગેનો પણ માહિતીદર્શકનો પોતાનો અભિપ્રાય નોંધવો. તે જ રીતે ભાંડુઓ એકમેકની ભૂલને માટે પરસ્પર કહી શકતાં હોય યા પોતાનાં માબાપ પાસે ફરિયાદ લઈ જઈ શકતાં હોય તો તે નોંધવું.

ફરિયાદનું એક વિશિષ્ટ લક્ષણ ભાંડુઓના આંતરસંબંધોની વચ્ચે અચૂક જોવા મળશે. નાના હોય ત્યારે નાની સરખી વાત માટે પણ મા કે બાપ યા દાદાદાદી કે કુટુંબના વડીલની પાસે જઈને ફરિયાદ કરવામાં આવે છે. આવી ફરિયાદ કેટલીકવાર



માબાપ ઉડાવી દે, કેટલીક વાર સાંભળવાનો ઢોંગ કરે, કેટલીક વખત ખાલી ખાલી ખોટા ખોટા સામી વ્યક્તિને ધમકાવે કે મારે — વગેરે બાબતો સામાન્ય રીતે બહુ સહજ રીતે જુદાં જુદાં કુટુંબોમાં જોવા મળે છે. આવી ફરિયાદોમાંથી સામાન્ય રીતે કઈ ફરિયાદોને સાંભળવામાં આવે છે અને કઈ રીતે સાંભળવામાં આવે છે તે વિગતવાર નોંધવું. એમાં નિર્ણાયક કોણ હોય છે, અને કઈ બાબતોને ખ્યાલમાં રાખીને ફરિયાદને ન્યાય આપવામાં આવે છે અને આરોપીને સજા કરવામાં આવે છે તે અંગેની વિગતોના તાદૃશ ચિતાર માટે આ 'કુટુંબકોર્ટ'નાં વિવિધ પાસાંની વિગતો શક્ય હોય એટલી વિગતવાર મેળવવાનો પ્રયત્ન કરવો.

જુદાં જુદાં ભાંડુ ઝઘડે તોપણ અભિન્ન રહે છે, એક રહે છે, એવું દર્શાવતી જો કોઈ ખાસ કહેવતો કે ઉક્તિઓ હોય તો તેની પણ વિગતે નોંધ કરવી. દા. ત. "લાકડીના મારથી કંઈ પાણી જુદાં પડે છે ભઈલા?" તે જ રીતે ભાઈબહેનોના પ્રેમ અને તેના મહિમા અંગેની પણ જે કોઈ ઉક્તિઓ વગેરે હોય તે પણ વિગતે મેળવવી. "આપણે એકસો ને પાંચ"નું સૂત્ર સિદ્ધ કરતું જો કોઈ ઉદાહરણ મળી આવે તો તે નોંધવું. મતલબ કે ભાઈઓ-ભાઈઓ કે ભાઈબહેન વગેરે અંદરોઅંદર ઝઘડતાં હોય પણ બહારનાની સામે સૌ એક હોય.

આવાં ઉદાહરણો છેક નાનપણથી મેળવવાનો પ્રયાસ કરવો. દા.ત. છેક નાનપણમાં રમતમાં યા અન્ય કોઈ તબક્કે જો કોઈ પોતાના ભાઈને કે બહેનને મારે તો સામી વ્યક્તિ પણ મારવા ધસે યા મારી શકે. એમ ન હોય તો મનમાં રીસ રાખે. એ જ રીતે કોઈ વાર વેર લેવાનું ગોઠવે યા ભાઈને કોઈ માર મારતું હોય તો તેવે વખતે વચ્ચે પડે. આ પ્રકારનાં વલણો જો સામાન્ય રીતે જોવા મળતાં હોય તો તે નોંધવું. જો પોતાના ભાઈને કોઈ બહારનું મારતું હોય તો તેવે વખતે વચ્ચે પડે પણ જો કોઈ ઘરમાંથી માતાપિતા કે મોટા ભાઈ મારતા હોય તો તેવા સંજોગોમાં જો તે વચ્ચે ન પડતાં હોય તો તે પણ વિગતે નોંધવું. જો આમ થતું હોય તો તેને માટે મુખ્યત્વે કયાં કયાં કારણો મહદંશે ભાગ ભજવે છે તે અંગેની પણ પૂરતી વિગતો મેળવવી.

ભાઈઓ ભાઈઓના ઝઘડામાં જો કોઈ ત્રીજી વ્યક્તિ આવે તો તેવે વખતે તેને "ભાઈઓ ભાઈઓના અંદર અંદરના ઝઘડામાં ન પડવું." એમ જો કહેવામાં આવતું હોય તો તે પણ વિગતે નોંધવું.

ભાઈઓના અને બહેનોના અંદર અંદરના સંબંધોની એકતા–સઘનતા અંગેની જે જે વિગતો પ્રાપ્ય હોય તે બધી જ વિગતો અંગે પૂરતી માહિતી મેળવવી.

મોટપણે જો ભાઈઓ વચ્ચેના સંઘર્ષ માટે, કોઈ મિલકત માટેનો ઝઘડો વગેરે કારણભૂત હોય તો તે નોંધવું. અને આ બધાં જ કારણો પણ તેમના સંબંધોને વણસાવવામાં કેટલો ભાગ ભજવે છે તે અંગેની વિગતો મેળવવી.

જો મિલકતના વાંધા પડે તો એમાં મધ્યસ્થી તરીકે કોણ ભાગ ભજવે છે? દીકરીનો મિલકતમાં સીધો યા આડકતરો ભાગ હોય છે કે કેમ તે પણ વિગતે નોંધવું. મિલકતના દાવામાંથી જો કોઈ વાર મારામારી થતી હોય યા આવા કિસ્સા કોર્ટ સુધી યા પંચ સુધી પહોંચતા હોય તો તે નોંધવું.

આવા મતભેદ પછી જ્યારે મા કે બાપની માંદગીમાં યા તેમનું અવસાન થાય ત્યારે યા બીજો ભાઈ કોઈક ખાસ સંકટમાં આવી પડ્યો હોય ત્યારે આ બધા લોકો અંદરોઅંદર કઈ રીતે વર્તે છે તે અંગે પણ પૂરતી વિગતો મેળવવી. આવા વાંધાથી સમાધાનમાં કોણ ભાગ ભજવે છે? તેમનાં બાળકો, તેમનાં માતાપિતા યા તેમની સાથે સંકળાયેલા અન્ય કોઈ સગાંસંબંધી? કોઈક મુસીબત વખતે પોતે એક જ લોહીના હોવાની ભાવના યા બીજું જે કંઈ ભાગ ભજવતું હોય તે નોંધવું. ભાઈઓ ભાઈઓ વચ્ચેના અને ભાઈ-બહેનો વચ્ચેના મતભેદ અંગેનાં આ ઉપરાંત બીજાં કોઈ પણ પાસાં હોય તો તે અંગેની પૂરતી વિગતો મેળવવી.

ભાંડુઓ વચ્ચે માબાપ પાસેથી કોઈક વસ્તુ કે બાબતની કેમ માગણી કરવી એ માટે જો કોઈ ખાસ મસલત કરીને યોજના થતી હોય તો તે વિગતે નોંધવી. કોકવાર જો બધાં જ ભાંડુઓ માબાપની સામે અસહકાર કરે યા રિસાય તો તે પણ નોંધવું. સામાન્ય રીતે આવું કયા સંજોગોમાં બને? કોઈક બાળકને વ્યક્તિગત રીતે કોઈક ભાંડુ યા માબાપ ટોકે યા મારે તો તેથી જો જે તે બાળક રિસાઈ જાય તો તેને મનાવવામાં કેવી રીતે આવે? આ મનાવવામાં સામાન્ય રીતે કોણ કઈ રીતે ભાગ ભજવે? તેની ભૂમિકા શી હોવી જોઈએ તે પણ વિગતે નોંધવું. જો બહુ પ્રયત્ન છતાં પણ જો ન મનાય તો તે પણ વિગતે નોંધવું.

## ૩૮. લાડ-ચીડનાં નામો

બાળકો અંદર અંદર અરસપરસ એકબીજાને કયા નામથી બોલાવે? તેને માટેના સગાઈસંબંધ સંબોધન શબ્દ, સગાઈસંબંધ સંદર્ભ શબ્દ નોંધવા. આ ઉપરાંત તેમનાં અમુક લાડનાં નામ પણ પાડવામાં આવે છે. આવાં નામોને પણ વિગતવાર નોંધવાં. આવાં નામોથી બાળકને બોલાવવામાં આવે છે? આવાં લાડનાં જે નામ પાડવામાં આવ્યાં હોય તે નામને કોઈ વાર કજિયો થાય ત્યારે બગાડી મૂકવામાં પણ આવતાં હોય છે. બાળકોનાં આવાં ચીડનાં નામ પણ દરેક ઘરમાં સામાન્ય રીતે હોય છે. આવા ચીડવવાના નામથી જ્યારે એને બોલાવવામાં આવે ત્યારે સહજ રીતે બાળકનું સ્વમાન ઘવાતું હોય છે અને તે સામી વ્યક્તિને યા અન્ય ભાંડુને કાં તો સામેથી તેનું ચીડનું નામ કહે છે યા હાથથી યા પાસે લાકડી યા બીજુ કંઈ હોય તો તેનાથી મારી લેવાનો ખ્યાલ રાખતું હોય છે. એટલે આ અંગેની બધી જ વિગતો વિગતે મેળવવી. આવાં ચીડનાં નામ કોણ પાડે છે? કઈ રીતે પાડે છે? જે નામ લાડનું હોય તેને જ વિકૃત કરવામાં આવે છે કે અન્ય નામ પાડવામાં આવે છે? આ નામની પાછળની પશ્ચાદ્ ભૂમિકા વગેરે પણ શું હોય છે વગેરે વિગતો અંગેની પણ પૂરતી માહિતી મેળવવી.



આવાં ચીડનાં નામનો કોઈક વાર માબાપ પણ બાળક ન સાંભળે, યા ગુસ્સામાં હોય ત્યારે ઉપયોગ કરતાં હોય છે. એટલે એ અંગેની પણ પૂરતી વિગતો મેળવવી. જ્યારે ભાંડુ ચીડવે ત્યારે માબાપ પાસે જાય પણ જ્યારે માબાપ ચીડવે ત્યારે કોની પાસે જાય? આવાં ચીડવવાનાં નામોમાંથી પણ અંદરોઅંદર કોઈ વાર મારામારી યા વઢવાડ થઈ જતી હશે. તેથી તે વિગતે નોંધવું. કોઈક વાર ચીડમાં બીજા ભાંડુને કોઈ જંગલી યા પાલતું પ્રાણીનાં ઉપનામો પણ આપવામાં આવતાં હોય છે. અધ્યયન હેઠળના સમાજમાંનાં આવાં નામો અંગેની યાદી પૂરતી વિગતો સાથે મેળવવી. આવાં ઉપનામો આપવા પાછળનો અર્થ શો હોય છે અને તેને વાસ્તવમાં કયા દૃષ્ટિબિંદુથી જોવામાં આવે છે? આવું બોલનાર બાળક તરફ કેવા પ્રકારનો વર્તાવ માબાપ દ્વારા રાખવામાં આવે છે, તેને કઈ શિક્ષા કરવામાં આવે છે કે હસી કાઢવામાં આવે છે વગેરે વિગતો વિગતે મેળવવી.

આ ઉપરાંત લાડથી પણ જુદાં જુદાં ભાંડુઓ એકબીજાનાં જો કોઈ નામ રાખતાં હોય યા સન્માનથી અમુક રીતે જ જો અરસપરસ બોલાવતાં હોય, યા અમુક વિશિષ્ટ ભાંડુને અમુક વિશિષ્ટ ઢબે જ જો બોલાવવું હોય તો તેવા સંજોગોમાં જે સગાઈ સંબંધ શબ્દાવલીનો સામાન્ય રીતે ઉલ્લેખ થતો હોય તે ઉલ્લેખ પણ જે તે સ્વરૂપમાં વિગતે નોંધવો.

## ૩૯. બાળવયની ચોરી

જો ભાઈબહેન નાનપણમાં ઘરમાંથી કોઈ વાર કંઈક નાની વસ્તુ ચોરીને ખાઈ જવાનું આયોજન કરતાં હોય તેવો માહિતીદર્શકનો અનુભવ હોય તો તે નોંધવો. આવું આયોજન પાર પાડવામાં જો બીજાને પૂરતો ભાગ ન મળે તો તેને લીધે જો ઝઘડો થતો હોય તો તે વિગતે નોંધવું. નાનપણમાં આ રીતે ઘરમાંથી માહિતીદર્શકે પોતે જ નાનીમોટી ગમે તે ચીજવસ્તુની ચોરી કરી હોય અને તેમાંથી કોઈ ચીજવસ્તુઓ જો લાવ્યા હોય તો તે અંગેની પૂરતી વિગતો મેળવવી. આવે વખતે તેમાં ભાગ લેનારાં જો માત્ર સગાં ભાઈબહેનો જ હોય તો તેને એક દૃષ્ટિથી જોવાતું હોય અને તેમાં જો બીજા કોઈ ભળેલા હોય તો આ સમગ્ર બનાવને બીજા કોઈ દૃષ્ટિબિંદુથી જોવામાં આવતો હોય તો તે અંગેની બધી જ વિગતો પૂરેપૂરી મેળવવાનો પ્રયાસ કરવો.

આ પ્રકારની ચોરીઓમાં જો મુખ્યત્વે છોકરાઓ જ ભળતા હોય, છોકરીઓ ખાસ આમાં ભાગ ન લેતી હોય તો તે અંગેની પણ પૂરતી વિગતો મેળવવી. આ માટેનાં કારણો વગેરે પણ નોંધવાં. ઘરમાંથી જ ચોરી કરવા અંગેની પણ કોઈ ગમ્મત, ઉક્તિ, યા કહેવત કે ઉખાણું હોય તો તે પણ વિગતે નોંધવું. આવી ચોરી જો પકડાય તો કેવો મેથીપાક વગેરે મળે? આવી ચોર ટોળીના સભ્યોમાંથી જો કોઈ ફૂટી જાય તો તેને પાછળથી કેવો મેથીપાક વગેરે મળે? માહિતીદર્શકના પોતાના સ્વાનુભવ પણ નોંધવા. આવી બાબતોને બહુ જ સ્વાભાવિક રીતે જો જોવામાં આવતી હોય, અને એને બહુ ગંભીરતાથી લેવામાં ન આવતી હોય તો તે પણ નોંધવું.

## ૪૦. ભાંડુઓમાં ચીજવસ્તુની વહેંચણી

ભાંડુનું રમતગમતમાં પણ અમુક વિશિષ્ટ જૂથ વગેરે જો જોવા મળતું હોય તો તે અંગેની વિગતો મેળવવી. બાળકોમાં, જો બધા ભાઈઓ કે બહેનો વચ્ચે જો અમુક ચીજ વસ્તુઓ સહિયારી વપરાતી હોય તો તે સામાન્ય રીતે કઈ કઈ હોય છે તે નોંધવું. ઓઢવાનું, પાથરવાનું, ખાવાનાં અમુક વાસણ, પીવાનો લોટો વગેરે. આ ઉપરાંત બીજાં પણ જે જે વસ્તુઓ સાધનો વપરાતાં હોય તે નોંધવું. બાળકોમાં અંદરો અંદર સામાન્ય રીતે જો વસ્ત્રોની અદલાબદલી થતી હોય તો તે નોંધવું. જો મોટા ભાઈઓ માટે જે કપડાં સિવડાવ્યાં હોય તે કપડાં નાના ભાઈઓ માટે પણ ચાલતાં હોય તો તે પણ વિગતવાર નોંધવું. તે જ રીતે કોઈ વાર એકને માટે વસ્ત્રો લાવવામાં આવ્યાં હોય તે વસ્ત્રો બીજા માટે પણ જો વપરાતાં હોય તો તે પણ વિગતે નોંધવું. કોઈક વાર કંઈક નાનુંશું કપડું એક સંતાન માટે લાવવામાં આવેલ હોય તે બીજા માટે વાપરવાનો જો પ્રસંગ આવતો હોય તો તે નોંધવું.

જુદાં જુદાં ભાઈઓ-બહેનો વચ્ચે જો કંઈ બજારમાંથી સારી એવી વસ્તુ-મીઠાઈ વગેરે લાવવામાં આવી હોય તે વહેંચીને ખાવી એવી જો પ્રથા હોય, એવું જો એમને શીખવવામાં આવતું હોય તો તે નોંધવું. ભાઈલાંએ એકબીજાની સાથે વહેંચીને ખાવું જોઈએ એ પ્રકારની અપેક્ષા જો સામાન્ય રીતે રખાતી હોય તો તે વિગતે નોંધવી. આવી અપેક્ષા પ્રત્યક્ષ વ્યવહારમાં કઈ રીતે ફળીભૂત થાય છે તેમ જ તેને માટે કુટુંબના સભ્યો શી ભૂમિકા ભજવે છે તે પણ વિગતે નોંધવું.

જ્યારે કંઈક ખાવાનું પિતા કે માતા મેળામાંથી યા બજારમાંથી લાવે ત્યારે બધાં બાળકોને બોલાવીને કાં તો પોતે વહેંચીને આપે અથવા તો એમાંથી જે જવાબદાર હોય તેને બોલાવીને તેને બધાને વહેંચીને આપવાનું કહેવામાં આવે? જો એ રીતે બધાંને વહેંચીને આપવાનું કહેવામાં આવે તો તે ખરેખર બધાંને સરખું અપાય છે કે ઓછુંવત્તું અપાય છે તે વિગતે નોંધવું. જો બધાંને ઓછુંવત્તું અપાતું હોય તો તે નોંધવું અને તેનાં વિશિષ્ટ કારણો હોય તે નોંધવાં. જો કોઈને વહેંચવા માટે કહેવામાં આવે અને તે જ્યારે વહેંચે ત્યારે કોઈક નાનું બાળક વધુ લેવા માટે ઝઘડો કરે તો? તેને વિશેષ આપવામાં આવે ખરું? કે ભાગે પડતું આપવામાં આવે? જો ભાગે પડતું જ આપવામાં આવતું હોય તો તે અને જો થોડું વિશેષ આપવામાં આવતું હોય તો તે તેનાં કારણો સહિત નોંધવું. જો કોઈ વહેંચનાર એકબીજાને સરખું ન વહેંચે, અને પોતે વિશેષ લઈ લે તો માબાપ કે અન્ય કુટુંબીજનો તરફથી તેને ઠપકો મળે? આ ઠપકો કયા પ્રકારનો હોય તે વિગતે નોંધવું. કુટુંબનાં બધાં જ ભાઈભાંડુ સંપીને ખાય તે માટે કોઈ કહેવતો ઉક્તિઓ હોય તો તે વિગતે નોંધવી. "બધાં ભાઈલાંએ વહેંચીને ખાવું જોઈએ" "વહેંચ્યું મીઠું હોય છે" આ પ્રકારની ઉક્તિઓ એક અધ્યયન હેઠળના સમાજમાં છે. આવી બધી જ ઉક્તિઓને વિગતવાર નોંધવી. આ અંગેના બધા જ વ્યવહારો વગેરે પણ નોંધવા.



તે જ રીતે ખાવાપીવામાં બધા જ એક થાળીમાંથી ખાઈ શકે, કે અમુક જ એક થાળીમાંથી ખાઈ શકે? મોટાનું નાના ખાઈ શકે? કઈ વય સુધી? વગેરે બાબતોને પણ વિગતવાર નોંધવી. જો અમુક વ્યક્તિઓ ન ખાતી હોય કે નિયમ પ્રમાણે ન ખાઈ શકતી હોય તો તે નોંધવું. પિતા, બાળકોનું અને બાળકો પિતાનું કે માતાનું, અને તેથી ઊલટું કયાં સુધી અરસપરસ ખાઈ શકે તે અંગેની સવિશેષ વિગતો પણ મેળવવી.

## ૪૧. સંતાનોની અરસપરસ તુલના

જ્યારે એકથી વધુ બાળકો હોય ત્યારે તે બધાંની અરસપરસ સરખામણી કરવામાં આવે? દરેકના સ્વભાવ ખાસિયતો વગેરે અંગે મહેમાનો પાસે પણ કંઈ ઉલ્લેખ કરવામાં આવે ખરો? આવો જુદા જુદા મુલાકાતીઓ પાસે જે જે ઉલ્લેખ કરવામાં આવતો હોય તે વિગતવાર નોંધવો.

મુલાકાતીઓની પાસે બાળકોની હોશિયારીની કઈ કઈ બાબતો મુખ્યત્વે બતાવવામાં આવે અને તે કઈ રીતે બતાવવામાં આવે તે નોંધવું.

## ૪૨. મુલાકાતીઓ – મહેમાનોની બાળભેટો

મુલાકાતીઓ બાળકોને કઈ કઈ રીતે પ્રોત્સાહન આપે અથવા તો પ્રશંસા કરે? બાળકો સાથે મુલાકાતીઓ કઈ રીતે વર્તે? બાળકો માટે મુલાકાતીઓ કંઈ ખાવાનું લાવે? શું શું લાવે? કઈ કઈ રીતે લાવે વગેરે વિગતો શક્ય હોય એટલી વિગતવાર નોંધવી. મહેમાનો બાળકો માટે શું શું ભેટ લાવે? એમાં અમુક નિશ્ચિત સગાં હોય તેમણે અમુક વિશિષ્ટ ભેટ જો લાવવાની હોય તો તે નોંધવું. અમુક તહેવારો પર બાળકો માટે અમુક ખાસ ભેટ જો લાવવાની હોય તો તે નોંધવું. તે જ રીતે બાળકો જ્યારે એમનાં જુદાં જુદાં સગાં – મામા વગેરેને ત્યાં જાય ત્યારે એમને માટે અમુક ભેટ લેવાનો જો રીતરિવાજ હોય તો તે પણ વિગતે નોંધવો. આવા રીતરિવાજની પાછળના આશય વગેરે પણ વિગતવાર નોંધવા.

જ્યારે એકથી વિશેષ બાળકો હોય ત્યારે તેમાંથી જે સૌથી નાનું હોય તેને જ માતા સાથે પિયર લઈ જવામાં આવતું હોય તો તે પણ વિગતે નોંધવું. એ સિવાયનાં બાકીનાં બાળકોની વ્યવસ્થા કઈ રીતે ગોઠવવામાં આવે છે તે પણ વિગતે નોંધવું. છેલ્લા બાળક સાથે કઈ રીતે વર્તવામાં આવે છે તે અંગેની વિગતો પણ શક્ય હોય એટલી વિગતવાર મેળવવી. એકથી વિશેષ બાળકો હોય ત્યારે આ બધાં બાળકો અરસપરસ પણ જો ખાસ કોઈ વ્યવહાર વગેરે રાખતાં હોય તો તે પણ વિગતે નોંધવું.

માબાપ વચ્ચે જો ઝઘડો થાય તો તેવે વખતે આ બાળકો સામાન્ય રીતે કોના પક્ષે હોય? પિતા જો એમને મારે તો તેવે વખતે તેમનાં અરસપરસ પ્રત્યેનાં વલણ શાં હોય? પિતા જો માને મારે તો બાળકોની લાગણી કયા પ્રકારની હોય તે અંગે પણ વિગતવાર નોંધ કરવી. આવે વખતે માને પિતાની પકડમાંથી બાળકો છોડાવતાં હોય યા પિતાને તેમ ન કરવા જો કહેતાં હોય યા વચ્ચે પડતાં હોય તો તે વિગતે નોંધવું.

આવી તકરાર થાય ત્યારે પિતાને જો સાવ નાનું બાળક હોય તો ફટકારતું હોય, યા બધાં જો રડારોળ કરી મૂકતાં હોય તો તે પણ વિગતે નોંધવું. પિતાનું કુટુંબમાં જો પ્રભુત્વ હોય તો તેની અસર બાળકોના માતા તરફના વલણ પર પણ થતી હોવાનું જો માહિતી-દર્શકોનું મંતવ્ય હોય તો તે વિગતે નોંધવું.

પિતાવિહોણાં, માતાવિહોણાં, તેમ જ માબાપવિહોણાં કુટુંબોમાંનાં સંતાનોના વ્યક્તિત્વના વિકાસનાં વિવિધ પાસાં અંગે અધ્યયન હેઠળના સમાજના માહિતીદર્શકોનાં મંતવ્યો નોંધવાં.

## ૪૩. લાડકું બાળક

એકથી વધુ સંતાનો હોય તેમાંથી કોઈક લાડકું બાળક પણ હોઈ શકે. લાડકું બાળક કયા કયા સંજોગોમાં હોવાની અધ્યયન હેઠળના સમાજમાં માન્યતા છે તે નોંધવું. દા. ત. (૧) ઘણી દીકરીઓ વચ્ચે એક જ દીકરો હોય. (૨) ઘણા દીકરાઓ વચ્ચે એક જ દીકરી હોય. (૩) અમુક બાળક મા કે બાપનો અંદરો અંદરના ઝઘડા વચ્ચે ખાસ પક્ષ લેતું હોય. (૪) અમુક બાળક મા કે બાપને પોતાની આકાંક્ષાઓ પૂરશે જ એમ લાગતું હોય ત્યારે. (૫) અમુક બાળક કુટુંબનું નામ ઉજાળશે એમ લાગે તો. (૬) આ ઉપરાંત અન્ય કોઈ કારણોસર પણ અમુક બાળક ખાસ લાડકું હોઈ શકે. કારણો વિગતે નોંધવાં.

આવા લાડકા બાળક સાથે વિશિષ્ટ વર્તાવ કઈ કઈ રીતે રાખવામાં આવે અને તે શેમાં શેમાં વ્યક્ત થાય છે તે વિગતવાર નોંધવું.

માતાનું જો લાડકું બાળક હોય તો તેની અભિવ્યક્તિ જુદી રીતે થાય અને પિતાનું જો હોય તો તેની પણ અભિવ્યક્તિ જુદી જુદી રીતે થાય એમ બને. કોઈક બાળક બન્નેનું પણ લાડકું હોઈ શકે. આ બધી જ બાબતો અંગે વિગતવાર નોંધવું. આવાં લાડકાં બાળક માટેની માની અભિવ્યક્તિઓ કયા પ્રકારની હોય ? દા. ત. (૧) તે પોતાના બાળકનાં વખાણ વિશેષ કરે. (૨) તેને સારું સારું ખાવાનું આપે યા ખાવા માટેની કોઈ પણ વસ્તુ હોય તો તેને વિશેષ આપે, યા પોતાનો ભાગ જે કંઈ હોય તે એને આપે. (૩) કપડાં પણ બીજાં બાળકો કરતાં પ્રમાણમાં તેને વધુ સારાં લાવી આપે. યા બીજાં બાળકોનાં જે કપડાં હોય તેમાંથી સારાં તેને આપે. (૪) બાળકોમાં જો કોઈ વાર ઝઘડો થાય તો સામાન્ય રીતે તેનું પોતાનું વલણ જે તે બાળક તરફ વિશેષ નમતું હોય, તેના તરફનો પક્ષપાત વ્યક્ત થવાની શક્યતા રહે. (૫) માતાનાં બીજાં સંતાનોની સાથે જ્યારે સરખામણી કરવાનો વખત આવે ત્યારે તેનાં વિશેષ પ્રમાણમાં ગુણગાન ગવાય. (૬) મા જ્યારે બહાર હોય ત્યારે બીજાં બાળકોની તુલનામાં તેને સવિશેષ યાદ કરે. (૭) કોઈ પણ વધુ મહેનતનું યા કપરું કામ હોય તે શક્ય હોય ત્યાં સુધી તેને ન સોંપવામાં આવે. (૮) "તું તો મારો વહાલામાં વહાલો દીકરો છે યા દીકરી છે" એવો એક ભાવ રાખવામાં આવે. (૯) તેનો કોઈ પણ ગુનો હોય તો તેવે વખતે પણ જો બીજી કોઈ



વ્યક્તિ પર તે ગુનો ઢોળી પડાતો હોય ત્યાં સુધી ઢોળી પાડવાની તૈયારી હોય (૧૦). આ ઉપરાંત અન્ય જે કંઈ લક્ષણો સામાન્ય રીતે જોવા મળતાં હોય તે વિગતે નોંધવાં.

પિતાનું કોઈ લાડકું બાળક હોય તો તે બાળકને માટે તેમને કૂણી લાગણી હોય, ઉપર દર્શાવેલાં લક્ષણોમાંથી પણ કેટલાંક લક્ષણો તેનામાં જોવા મળતાં હોય અને આ ઉપરાંત કદાચ તે પોતાના કુળનું, કુટુંબની આબરૂનું રક્ષણ કરવાનું, વધારવાનું તેના શિરે છે એવો બોધ પણ આપતા હોય તો તે વિગતે નોંધવું.

તેને માટે બીજાં બાળકોની તુલનામાં પ્રમાણમાં શિક્ષણની સવિશેષ સગવડો પણ આપવામાં આવી હોય. આ ઉપરાંત બીજી કેટલીક ખાસ પ્રકારની જોગવાઈઓ પણ તેને માટે કરવામાં આવી હોય તો તે બધીને વિગતે નોંધવી. આવા બાળકનો, બીજાં બાળકોની તુલનામાં પોતે સવિશેષ ખ્યાલ રાખતા હોય અને ઘરમાં પણ સવિશેષ ખ્યાલ રખાય એવો આગ્રહ રખાતો હોય, તેના અંગે કોઈ પણ બાબત પરત્વે જ્યારે વિચાર કરવાનો હોય ત્યારે વધુ સહાનુભૂતિથી વિચાર કરવાની પણ તેમને સહજ રીતે ટેવ હોય તેવી શક્યતા પણ ખરી. એટલે આ શક્યતાઓને પણ શક્ય હોય એટલી વિગતવાર નોંધવી.

આવાં લાડકાં સંતાનને જો કદાચ મિલકતમાં ભાગ પણ સવિશેષ આપવામાં આવતો હોય તો તેની પણ વિગતે નોંધ કરવી. આવું જે લાડકું બાળક હોય તેને વિશેષ તકો આપવાની અપેક્ષા પણ રાખવામાં આવતી હોય તો તે પણ વિગતે નોંધવી.

આ ઉપરાંત લાડકા બાળક પાસે માતપિતાને સવિશેષ અપેક્ષાઓ હોય એવું પણ બનવાનો સંભવ ખરો ? અને આ અપેક્ષાઓ જો ન સંતોષાય તો તેવા સંજોગોમાં આ લાડ કદાચ લુપ્ત પણ થાય, ઘટી પણ જાય. તેના તરફનું વલણ બદલાઈ જાય એવું પણ બને ખરું ?

જે બાળકો લાડકાં હોય તેમના માટે કુટુંબના અન્ય સભ્યોમાં યા તેનાં અન્ય ભાંડુઓમાં કોઈ પણ જાતની ઈર્ષા વગેરે પણ પેદા થાય ? જો આવી ઈર્ષા પેદા થાય તો તે સામાન્ય રીતે કેવા શબ્દોમાં અને કઈ રીતે ક્યારે વ્યક્ત થાય ? નાનપણમાં જો કોઈ બાળકને બહુ લાડકું ગણવામાં આવ્યું હોય, અને મોટપણે પણ તે બાળકને માટે જો અમુક પ્રકારનો પૂર્વગ્રહ બીજાં ભાંડુઓને યા કોઈ ભાંડુને રહી ગયાનાં જો કોઈ ઉદાહરણ કોઈ પણ સ્થળેથી મળી શકે તેમ હોય તો તેવાં ઉદાહરણો પણ વિગતવાર નોંધવાં.

કોઈક નાનામોટા પ્રસંગો માટે કુટુંબના ભાઈઓ વચ્ચે અંદરોઅંદર જો અમુક પ્રકારનો પૂર્વગ્રહ યા મનદુઃખ રહી જાય તો તે ક્યારે અને કઈ રીતે વ્યક્ત થાય છે તે અંગે પણ પૂરેપૂરું નોંધવું.

કોઈક વાર બાળક અશક્ત હોય, અમુક રીતે ઓછો વિકાસ પામેલું હોય, અને તેની ખાસ કાળજી લેવાની આવશ્યકતા હોય તો દર્દ-દયાની લાગણીમાંથી પણ પક્ષપાત ઊભો થાય એ પ્રકારની શક્યતાઓ હોય છે. તેથી આ પ્રકારનો જો ખાસ કોઈ કિસ્સો

હોય તો તેની વિગતો પણ વિગતવાર મેળવવી. આ પ્રકારનો પક્ષપાત ખાસ કરીને કયા કયા સંજોગોમાં ઊભો થાય છે તે પણ વિગતે નોંધવું.

કોઈ વાર માબાપ બધાં બાળકો સાથે સરખી રીતે વર્તતાં હોય પણ દાદા કે દાદી અમુક બાળક માટે પક્ષપાત ધરાવતાં હોય તેવી શક્યતા ખરી? આવા પક્ષપાત તરફ માબાપ અને બાળકો કઈ રીતે જુએ છે? દા..ત. અમુક તો દાદીમા કે દાદાનો લાડકવાયો છે એમ જો માનવામાં આવતું હોય તો તે પણ વિગતે નોંધવું. તે જ રીતે કોઈ કોઈ વાર તો જુદી જુદી વ્યક્તિઓને જો જુદાં જુદાં બાળક લાડકાં હોય એ પ્રકારના કોઈ કિસ્સા જોવા મળતા હોય તો તે બધાને પણ વિગતે નોંધવા.

જો અમુક બાળકો એક યા બીજી વ્યક્તિનાં લાડકાં હોય અને અમુક બાળક બિચારું કોઈનું લાડકું ન હોય તો તે અંગેની વિગતો પણ નોંધવી. દાદા-દાદીની બાબતમાં કેટલીક વાર પુત્રની બે પત્નીઓમાંથી પુત્રની માનીતી પત્નીનાં સંતાનો વધુ લાડકાં હોવાની શક્યતા જો હોય તો તે પણ વિગતે નોંધવી. આવી માનીતી પત્નીને બદલે અણમાનીતીનાં સંતાનો વિશેષ વહાલાં હોય એવું બનવાની સંભવિતતા પણ ખરી. તેથી તે અંગેની વિગતો પણ સવિશેષ વિગતે નોંધવી.

## ૪૪. અપર સંતાનો

બે પત્નીઓમાં દરેક માને પોતાનાં સંતાનો સવિશેષ વહાલાં હોય; જ્યારે તે સિવાયનાં બાકીનાં સંતાનો પ્રત્યે એટલો બધો પ્રેમ ન હોય એમ બનવાની પણ પૂરી શક્યતા છે. આ સંજોગોમાં પોતાનાં સગાં સંતાનો સાથે તે અમુક જ રીતે વર્તશે જ્યારે પોતાનાં અપર સંતાનો સાથે જુદી રીતે વર્તશે; તે અંગેની પણ પૂરતી વિગતો નોંધવી. અપર સંતાનોની સાથેના વર્તાવમાં કેટલીક વાર સ્પષ્ટ અણગમો વગેરે પણ વ્યક્ત થવાનો. આ અણગમો કઈ કઈ રીતે વ્યક્ત થાય છે તે નોંધવું. માબાપની મિલકતમાં આ બધાનો પણ ભાગ પડશે એ અપેક્ષાએ પણ અમુક જ રીતે જો આ બધાની તરફ જોવામાં આવતું હોય તો તે પણ નોંધવું. એક પ્રકારનો હરીફાઈનો ભાવ જો સ્પષ્ટપણે આ બધામાં જોવા મળતો હોય અને તેમનાં પોતાનાં જે બાળકો હોય તેમાં પણ કેટલેક અંશે જો તે જોવા મળતું હોય તો તે પણ શક્ય હોય એટલું વિગતવાર નોંધવું.

આ પ્રકારના વર્તાવનો અભ્યાસ, આંતરવ્યક્તિગત સંબંધોની દૃષ્ટિએ ખૂબ મહત્ત્વનો હોવાથી, આ અંગેની શક્ય હોય એટલી સવિશેષ વિગતો મેળવવા માટે પ્રયાસ કરવો. માતા યા પિતા કઈ રીતે, ખાવાપીવા, પહેરવા, ઓઢવામાં મિલકત વહેંચણીમાં અને આ ઉપરાંત અન્ય સઘળાં પાસાંમાં પોતાનાં અને અપર સંતાનોની વચ્ચે ભેદ પાડે છે, એ નાના નાના દરેકે દરેક મુદ્દાઓ લઈને ખૂબ જ વિગતવાર નોંધવું.

અપર સંતાનોની સાથેના વર્તાવમાં અપરમાતા, પોતે ભેદ રાખવા પ્રેરાતી હશે જ્યારે સામી બાજુથી પિતા પોતે તો તે પોતાનાં સંતાન હોવાને લીધે તેમની પ્રત્યે પ્રમાણમાં વધારે સહાનુભૂતિપૂર્ણ અને તેમને યોગ્ય ન્યાય મળે એ માટે વિશેષ પ્રયત્નશીલ હશે. અમુક



રીતે, તેની બીજી પત્નીથી ડરતા જઈને, યા તેનો કજિયો કંકાસ ન થાય તે જોતા જઈને, પણ પોતાનાં સંતાનોને અમુક રીતે સાચવવા માટે ઘણુંખરું પ્રયત્ન કરશે. તેવું જ, પોતાની પાછળની પત્ની જો અન્ય સ્થળેથી સંતાન લઈને આવી હોય તો તેના માટે હોવાની સંભાવના છે. આ મુદ્દો પણ આંતરવ્યક્તિગત સંબંધોની દૃષ્ટિએ ખૂબ મહત્ત્વનો છે. તેથી પિતાનાં અને માતાનાં અપરસંતાનો પ્રત્યેનાં વલણો અંગે ખૂબ વિગતવાર માહિતી મેળવવી. અપર માબાપ તેમનાં અપર સંતાનો પ્રત્યે ખાવાપીવામાં, પહેરવા–ઓઢવામાં, કામકાજમાં, ભણતર-ગણતરમાં અને નાનીમોટી અનેક બાબતોમાં કઈ કઈ રીતે અને શા શા ભેદભાવ કરે છે તે ખૂબ જ વિગતવાર મેળવવું.

અપરમા અથવા અપરપિતા અને તેમનાં બાળકોના વ્યવહાર અંગેની ઉક્તિઓ, કહેવતો યા રૂઢિપ્રયોગો વગેરે પણ હશે. આ બધા જ રૂઢિપ્રયોગો વગેરેને ખૂબ જ વિગતે નોંધવા. તે જ રીતે મા અને સંતાનોના વર્તાવ અંગેના પણ જો કોઈ મહત્ત્વના રૂઢિપ્રયોગો વગેરે હોય તેને પણ ખૂબ જ વિગતે નોંધવા. દા. ત. "બાપ મરજો પણ મા ન મરજો" યા "એક મા કોઈની ન મરજો, બીજું, અપરમા કોઈની ન હજો." "સાવકી માનાં સો દુઃખ," "મોંથા કોણી છેટી એ છેટી." આ અને આવી જે કોઈ કહેવતો અપરમા અને બાળકોના વ્યવહાર અંગે હશે. એ બધી જ કહેવતોને માહિતીદર્શક પાસેથી યા તેમને જો પૂરતી ખબર ન હોય તો અન્યત્રથી પણ મેળવવી. આ અંગેના અર્થઘટનમાં આ કહેવતો પણ કેટલેક અંશે ઉપયોગી થશે. માટે તે અચૂક નોંધવી. અપરમા અને અપરપિતાનાં સાવકાં અને સગાં બાળકો સાથેના વર્તાવ અંગેનાં જે કોઈ નક્કર ઉદાહરણો માહિતીદર્શક પાસેથી મળે તે મેળવવાં.

## ૪૫. અણમાનીતાં બાળકો

લાડકા બાળકોની જેમ કોઈક બાળક, મા કે બાપને કોઈક અપવાદરૂપ કિસ્સામાં જો અણમાનીતું હોય તો તેનાં કારણ, તેમ જ તેની તરફના વર્તન વ્યવહાર અંગે માહિતી-દર્શકો પાસેથી વિગતવાર માહિતી એકત્રિત કરવી.

## ૪૬. બાળવ્યક્તિત્વ

અધ્યયન હેઠળના સમાજમાં બાળકના અલગ વ્યક્તિત્વ અંગે શા શા ખ્યાલો પ્રવર્તે છે તે વિગતવાર નોંધવું. આ ખ્યાલો સાંસ્કૃતિક સંપર્કની અસર હેઠળ જો તાજેતરમાં બદલાતા હોય યા મહદ્ અંશે યથાવત્ રહેતા હોય, યા તેનું હાર્દ યથાવત્ રાખીને જો કોઈક ઉપરછલ્લક ફેરફાર કરવામાં આવતો હોય તો તે વિગતવાર નોંધવું. બાળકના વ્યક્તિત્વના વિકાસમાં સહાયભૂત થઈ શકે તેવાં કેવાં કેવાં સાધનો સમાજ સહજ રીતે કે સભાનતાપૂર્વક પૂરાં પાડે છે તે વિગતવાર નોંધવું.

## ૪૭. બાળસમસ્યાઓ

બાળસમસ્યાઓ જેવો યા તેને મળતો કોઈ ખ્યાલ અધ્યયન હેઠળના સમાજમાં છે ખરો? જો હોય તો તેને વિગતે નોંધવો. અધ્યયન હેઠળના સમાજના માહિતી-

દર્શકોની દૃષ્ટિએ વિવિધ બાળસમસ્યાઓની વિગતવાર નોંધ કરવી. અધ્યયન હેઠળનો સમાજ બાળસમસ્યાઓનું જો કોઈ વર્ગીકરણ કરતો હોય તો તેનો આધાર અને પ્રકાર પણ નોંધવા. અધ્યયનકારના સમાજમાં યા અન્ય અડોશ, પડોશના સમાજમાં જે બાબતને સમસ્યા લેખવામાં આવતી હોય તે અધ્યયન હેઠળના સમાજમાં ન લેખવામાં આવતી હોય યા તેથી ઊલટી પરિસ્થિતિ હોય તો તે વિગતવાર નોંધવી.

અણમાનીતાપણું અથવા નિષ્કાળજી અને બાળ અપરાધની વચ્ચે કોઈક સંબંધ હોવાની અધ્યયન હેઠળના માહિતીદર્શકોની જો છાપ હોય તો તે અંગેની વિગતો મેળવવી.

ભગ્ન કુટુંબોના બાળ ઉછેર તેમ જ બાળ-સામાજિકરણ-અંગે વિવિધ પરિસ્થિતિમાં અધ્યયન હેઠળના સમાજમાં ઊભા થતા પ્રશ્નો અંગે માહિતીદર્શકોનાં મંતવ્યો નોંધવાં.

બાળઉછેરમાં અમુક વર્તનને લીધે અમુક ગુણ બાળકમાં વિકસે તે પ્રકારની માન્યતા જો અધ્યયન હેઠળના સમાજમાં જોવા મળતી હોય તો તે વિગતવાર નોંધવી. દા. ત. બાળકને વહાલ આપવાથી તેનામાં સલામતીની ભાવના વિકસે. આદર આપવાથી સ્વમાનની ભાવના વિકસે. તેને મદદ કરવાથી તેની શક્તિ વિકસે. કોઈક બાબતમાં સંમતિ આપતાં તે મૂલ્ય ક્રમશઃ કેળવાય વગેરે.

આ ઉપરાંત માહિતીદર્શક અને સંશોધકને અધ્યયન હેઠળના સમાજના બાળઉછેરના સંદર્ભમાં આવશ્યક લાગતી હોય એવી બાકી રહી જતી સંબંધિત સર્વ વિગતો મેળવવી.

□